# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

'સૌથી વિચિત્ર અફવા હતી કે હું ગે છું' : મૌની રોયે સેક્સ્યુઅલિટીની અટકળો પર મૌન તોડ્યું...

પેજ-09

ભારત-અફઘાનિસ્તાન વિજય : ગિલ-રાહુલનો દબદબો



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 39.00 | 29.00 |
| વડોદરા | 38.00 | 30.00 |
| સુરત | 34.00 | 29.00 |

પેજ 5



100% ઈથેનોલથી ચાલશે ગાડીઓ, સરકારે આપી મંજૂરી


15 JUNE-2026 MONDAY


મોદી-ટ્રમ્પ મુલાકાત : ફ્રાન્સમાં મોટો નિર્ણય



પેજ 10

.....સુવિચાર.....

વાણી અને પાણી બંનેમાં એક છબી દેખાય છે. જો પાણી સ્વચ્છ હોય, તો છબી દેખાય છે. અને જો વાણી મીઠી હોય, તો ચારિત્ર્ય દેખાય છે.


વર્ષ-15 I અંક-214 I વિક્રમ સંવત-2082 I જેઠ વદ-15 I પાના-12 I કિંમત 3/- I અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ભારતની ટેકનોલોજી ક્ષમતા પર ફ્રાન્સનો ભરોસો : વડાપ્રધાન મોદી સાથે મુલાકાતમાં મેક્રોનનું નિવેદન

# AIની રેસમાં ભારત દુનિયામાં આગળ નીકળશે

(એજન્સી) નીસ I તા. 14

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ફ્રાન્સ અને સ્લોવાકિયાની સત્તાવાર યાત્રા પર છે. જી-૭ શિખર સંમેલન પૂર્વે ફ્રાન્સના નીસ શહેરમાં વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન બંને નેતાઓએ સંયુક્ત રીતે 'ભારત ઈનોવેટ્સ' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ કાર્યક્રમમાં ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ મેક્રોને ભારતની ટેકનોલોજીકલ ક્ષમતાના મુક્તકંઠે વખાણ કરતા જણાવ્યું હતું કે, ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ક્ષેત્રમાં સમગ્ર વિશ્વમાં આગળ નીકળી શકે તેવી પ્રબળ ક્ષમતા ધરાવે છે.જી-૭ સંમેલન પૂર્વે બંને દેશોના નેતાઓ વચ્ચેની આ વાતચીત સાબિત કરે છે કે ભારત હવે ટેકનોલોજી અને ડિજિટલ ક્ષેત્રે એક વૈશ્વિક પાવરહાઉસ બનીને ઉભરી રહ્યું છે. મેક્રોન દ્વારા કરાયેલી આ ટિપ્પણી એ વાતનો પુરાવો છે કે વિશ્વ હવે ભારતના ઈનોવેશન અને એઆઈ ક્ષેત્રની પ્રગતિને ખૂબ જ ગંભીરતાથી જોઈ રહ્યું છે.





● એઆઈ માટે ભારતની ક્ષમતા પર મેક્રોનના વખાણ : એઆઈ ક્ષેત્રે ભારતનું વર્ચસ્વ વધશે મેક્રોન

#### ભારતની ટેકનોલોજીકલ ક્ષમતા પર વિશ્વની નજર

કાર્યક્રમને સંબોધતા રાષ્ટ્રપ્રમુખ મેક્રોને સ્પષ્ટ કર્યું હતું કે, હવે પ્રશ્ન એ નથી કે ભારત ઈનોવેશન કરી રહ્યું છે કે નહીં, પરંતુ હવે આખી દુનિયા એ જોઈ રહી છે કે ભારતની ભાગીદારી સાથે કોણ ઈનોવેશન કરશે. ભારત અને ફ્રાન્સ વચ્ચેના સંબંધો હવે પરસ્પર હિતોથી પણ આગળ વધીને એક સમાન વિઝન અને અતૂટ વિશ્વાસના પાયા પર ટકેલા છે. આ વર્ષે મુંબઈમાં શરૂ થયેલા 'ભારત-ફ્રાન્સ ઈનોવેશન વર્ષ'ના ભાગરૂપે આ કાર્યક્રમ બંને દેશોના ભવિષ્યના સંબંધોને એક નવી ઊંચાઈ આપશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

#### સમાન વિઝન અને વૈશ્વિક પડકારોનો ઉકેલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ભારત અને ફ્રાન્સના સંબંધો કેવળ વહીવટી કે વેપારી નથી. બંને દેશોએ ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ અને એઆઈ સંવાદ જેવા મંચ પર સાથે મળીને માનવતા સામેના વૈશ્વિક પડકારોનો ઉકેલ લાવવા માટે નેતૃત્વ કર્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, બંને દેશો ટેકનોલોજી અને ઈનોવેશનના માધ્યમથી ભવિષ્યની સમસ્યાઓનો સામનો કરવા માટે કટિબદ્ધ છે. વૈશ્વિક રાજકારણમાં પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે આ મુલાકાત ખૂબ જ મહત્વની માનવામાં આવે છે.

#### પીએમ મોદીના નેતૃત્વના વખાણ

રાષ્ટ્રપ્રમુખ મેક્રોને પીએમ મોદીને ફ્રાન્સની મુલાકાત બદલ વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે પીએમ મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું કે, તેઓ ભારતની આઝાદી પછી સૌથી લાંબો સમય સેવા આપનારા વડાપ્રધાન બન્યા છે. મેક્રોને વધુમાં ઉમેર્યું કે, તેમની આ લાંબી રાજકીય સફર પીએમ મોદીના મક્કમ ઈરાદા અને ભારતની વધતી જતી આર્થિક તથા વ્યૂહાત્મક મજબૂતીનું પ્રતીક છે. એઆઈ અને ટેકનોલોજીના ક્ષેત્રે ભારત જે રીતે આગળ વધી રહ્યું છે, તે જોતા નિષ્ણાતો માને છે કે ભારત ટૂંક સમયમાં જ આ આધુનિક વિજ્ઞાનના કેન્દ્રબિંદુ તરીકે સ્થાપિત થશે.

● ભાજપ પ્રભારીના ઘરે ટીએમસીના બળવાખોર સાંસદોની બેઠક ● મમતા બેનર્જીની પાર્ટીમાં આંતરિક સંઘર્ષ ચરમસીમા પર

## ટીએમસીમાં મોટું ભંગાણ: ૨૨ સાંસદો ભાજપના સંપર્કમાં



(એજન્સી) કોલકાતા I તા. 14

પશ્ચિમ બંગાળના રાજકારણમાં અત્યારે મોટા ઉલટફેરના સંકેતો મળી રહ્યા છે. મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ (TMC) માં ભંગાણ હવે નિશ્ચિત જણાઈ રહ્યું છે. તાજેતરમાં મળેલી માહિતી મુજબ, ટીએમસીના બળવાખોર સાંસદોનું જૂથ કેન્દ્રીય મંત્રી અને પશ્ચિમ બંગાળ ભાજપના પ્રભારી ભૂપેન્દ્ર યાદવના ઘરે મહત્વપૂર્ણ બેઠક કરી રહ્યા છે. આ ઘટનાક્રમે રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર જગાવી છે.

#### ૨૨ સાંસદોનું સમર્થન હોવાનો દાવો

ટીએમસીના બળવાખોર સાંસદ કાકોલી ઘોષે મોટો દાવો કર્યો છે કે તેમની સાથે હવે કુલ ૨૨ લોકસભા સાંસદોનું સમર્થન છે. નોંધનીય છે કે, ટીએમસીના કુલ ૨૮ લોકસભા સાંસદો છે, જેમાંથી એક મોટો વર્ગ હવે પાર્ટી હાઈકમાન્ડ સામે બળવો કરી રહ્યો છે. આ બેઠકમાં સાયોની ઘોષ, પ્રસુન બેનર્જી સહિતના દિગ્ગજ સાંસદો ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ ભાજપના સાંસદ નિશિકાંત દુબેની હાજરી પણ આ રાજકીય મંત્રણાને નવી દિશા આપી રહી છે.

#### મમતાની હારના ૧૪ દિવસ બાદ જ બળવાની શરૂઆત

રાજકીય નિષ્ણાતોના મતે, મમતા બેનર્જીની ચૂંટણીમાં હારના માત્ર ૧૪ દિવસ બાદ જ પક્ષમાં ભંગાણની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. ૧૮ મેના રોજ લોકસભા સ્પીકરને પત્ર મોકલીને બળવાખોર જૂથે અલગ જૂથ બનાવવાની માગ કરી હતી. યુસુફ પઠાણ, સાયોની ઘોષ, કાકોલી ઘોષ અને શતાબ્દી રોય જેવા મોટા નામો આ પત્રમાં સામેલ છે, જે મમતા બેનર્જી માટે મોટો ફટકો માનવામાં આવે છે.

# મુરૈનામાં ટ્રેનની અડફેટે ૪ મુસાફરોના મોત

### આગની ખોટી અફવા બની જીવલેણ : મૃતકોમાં ત્રણ મહિલાઓ અને એક બાળકનો સમાવેશ

(એજન્સી) મુરૈના I તા. 14

મધ્યપ્રદેશના મુરૈના જિલ્લામાં એક અત્યંત કરુણ અને કમનસીબ ઘટના સામે આવી છે, જેમાં ટ્રેનમાં આગ લાગવાની એક ખોટી અફવાને કારણે ચાર મુસાફરોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ગ્વાલિયર તરફથી મુરૈના જઈ રહેલી ઉદયપુર ઈન્ટરસિટી એક્સપ્રેસમાં ફેલાયેલી અફવાને પગલે નીચે ઉતરેલા મુસાફરો બીજી ટ્રેનની અડફેટે આવી જતાં આ ગમખ્વાર દુર્ઘટના સર્જાઈ હતી.આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ટ્રેન જેવી જાહેર પરિવહન સેવાઓમાં અફવાઓ કેટલી ઘાતક સાબિત થઈ શકે છે.



**ઘટનાનો ઘટનાક્રમ |** પ્રાપ્ત માહિતી અનુસાર, ઉદયપુર ઈન્ટરસિટી એક્સપ્રેસમાં મુસાફરી કરી રહેલા મુસાફરો વચ્ચે ટ્રેનમાં આગ લાગી હોવાની અફવા ફેલાઈ હતી. આ અફવાને કારણે ડરેલા મુસાફરો ગભરાઈને ટ્રેનમાંથી નીચે ઉતરવા લાગ્યા હતા. આ જ સમયે બાજુના ટ્રેક પરથી ધોલપુર તરફ જતી પાતાલકોટ એક્સપ્રેસ પસાર થઈ રહી હતી. ટ્રેનમાંથી નીચે ઉતરેલા મુસાફરોને બીજી લાઈન પર ઝડપથી આવી રહેલી પાતાલકોટ એક્સપ્રેસનો અંદાજ ન આવ્યો અને તેઓ તેની અડફેટે આવી ગયા હતા.

**૪ લોકોના ઘટનાસ્થળે જ મોત |** આ અકસ્માતમાં ત્રણ મહિલાઓ અને એક બાળકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. દુર્ઘટનાને પગલે રેલવે ટ્રેક પર ભારે અફરાતફરી મચી ગઈ હતી. મુસાફરોમાં ચીસાચીસ અને ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ તાત્કાલિક રેલવે અધિકારીઓ અને પોલીસને આ અંગે જાણ કરી હતી.

### યુદ્ધના માહોલ વચ્ચે ૧૦૭ દિવસથી દરિયામાં ફસાયા ૫૯૨ ખલાસીઓ

## સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ભારતીય ખલાસીનું મોત

(એજન્સી) નવી દિલ્હી I તા. 14

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિને કારણે હોર્મુઝ જળમાર્ગ અને ઓમાનની ખાડીમાં છેલ્લા ૧૦૭ દિવસથી ૧૩ ભારતીય જહાજો અટવાઈ પડ્યા છે. આ ગંભીર પરિસ્થિતિમાં એમટી સેલેસ્ટિયલ જહાજ પર ફરજ બજાવતા સેકન્ડ ઓફિસર નિશાંત ઉર્થનાથનનું મેડિકલ કારણોસર નિધન થતા અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઘટના સાથે જ અહીં ફસાયેલા ૫૯૨ ભારતીય ખલાસીઓની સુરક્ષાનો પ્રશ્ન પણ ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. ભારત સરકાર આ ખલાસીઓને સુરક્ષિત પરત લાવવા માટે રાજદ્વારી સ્તરે કેવા પગલાં લે છે, તે જોવું રહ્યું.



#### પાર્થિવ દેહને ભારત લાવવાની કવાયત

ઓમાનમાં મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે સત્તાવાર નિવેદન આપીને જણાવ્યું છે કે, તેઓ મૃતક નાવિકના પરિવારજનો અને જહાજના ક્રૂ મેમ્બર્સ સાથે સતત સંપર્કમાં છે. હાલમાં નિશાંતનો પાર્થિવ દેહ દુક્મ પોર્ટ પર જહાજમાં રાખવામાં આવ્યો છે. દૂતાવાસ શિપિંગ કંપની સાથે મળીને કાનૂની અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી રહ્યું છે જેથી પાર્થિવ દેહને સન્માનપૂર્વક વહેલી તકે ભારત લાવી શકાય.

#### કોંગ્રેસના કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર

દરમિયાન, કોંગ્રેસે આ મામલે કેન્દ્ર સરકારને નિશાન બનાવી છે. ટ્વિટર પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસે આક્ષેપ કર્યો કે, ૧૧ જૂને નિશાંતનું મૃત્યુ થયા બાદ છેલ્લા ૨-૩ દિવસથી તેમનો પાર્થિવ દેહ ભારત પરત લાવવા માટે કોઈ યોગ્ય મદદ મળી રહી નથી. કોંગ્રેસે દાવો કર્યો કે પાર્થિવ દેહને સુરક્ષિત રાખવા માટે સાથી ખલાસીઓ ઠંડા પાણીની બોટલોનો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે. કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કરતા સરકારને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા માંગ કરી છે.

### મુરાદાબાદમાં યુવકની ગોળી મારીને હત્યા

ઘરના ઉંબરે બેઠો હતો, હુમલાખોરો ફાયરિંગ કરીને ફરાર

(એજન્સી) મુરાદાબાદ I તા. 14

UPના મુરાદાબાદમાં એક દલિત યુવકની ગોળી મારીને હત્યા કરવામાં આવી. સવારે જાગ્યા પછી, દરરોજની જેમ યુવક પોતાના ઘરના દરવાજા પર બેઠો હતો. ત્યારે ગામના જ રહેવાસી બે યુવકોએ તેને ગોળી મારી દીધી. ગોળી યુવકના ગળામાં વાગી અને તેણે ઘટનાસ્થળે જ મોત થયું હતું. હુમલાખોરોએ લગભગ 4 રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું. જેમાં અન્ય એક યુવક પણ ગોળી વાગવાથી ઘાયલ થયો હતો.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે હુમલાખોરોના નિશાન પર અન્ય યુવકો હતા.

## પેટ્રોલ-ડીઝલના ભાવમાં ફેરફાર અંગે કેન્દ્રીય મંત્રીનું નિવેદન

● વૈશ્વિક બજાર અને સપ્લાય રિપોર્ટ બાદ લેવાશે નિર્ણય ● પેટ્રોલિયમ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ અસમંજસ વચ્ચે કરી સ્પષ્ટતા

(એજન્સી) નવી દિલ્હી I તા. 14

પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા સૈન્ય સંઘર્ષની અસર ભારતીય ઈંધણ બજાર પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસના સપ્લાયમાં આવેલી અડચણોને કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થયેલા વધારા બાદ, શું હવે સામાન્ય જનતાને ભાવમાં ઘટાડાની રાહત મળશે? તે અંગે કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ રવિવારે મહત્વનું નિવેદન આપ્યું છે.

#### ક્રૂડ ઓઈલનો સપ્લાય સૌથી મહત્વપૂર્ણ

રવિવારે પત્રકારો સાથેની વાતચીત દરમિયાન મંત્રી સુરેશ ગોપીને જ્યારે આગામી દિવસોમાં ઈંધણના ભાવમાં ફેરફાર કે ઘટાડા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે ખૂબ જ સાવચેતીપૂર્વક જવાબ આપ્યો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ શું રહેશે તેનો સંપૂર્ણ આધાર વૈશ્વિક બજારમાં કાચા તેલની ઉપલબ્ધતા અને સપ્લાય પર રહેશે.

#### મિડલ ઈસ્ટની સ્થિતિ અને ભાવ પર અસર

છેલ્લા કેટલાક સમયથી મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના પુરવઠામાં મોટી અડચણો ઉભી થઈ હતી, જેની સીધી અસર ભારત જેવા આયાતકાર દેશો પર પડી છે. જો કે, હવે મિડલ ઈસ્ટમાં શાંતિની આશા દેખાઈ રહી છે, જેના કારણે બજારમાં આશાનું કિરણ જાગ્યું છે. પરંતુ ભારત સરકાર કોઈપણ ઉતાવળીયો નિર્ણય લેવાના બદલે સ્થિતિનું ગહન નિરીક્ષણ કરી રહી હોય તેવું જણાય છે.

### સેનાનો નવો ડ્રેસ કોડ: ભારતીયતાનો ગર્વ, ઔપનિવેશિક પ્રથાઓની વિદાય : ૧૭૪ પાનાની નવી ગાઈડલાઈન મેન્યુઅલ બહાર, નવા ડ્રેસ કોડ અને કડક નિયમોનો અમલ

# ભારતીય સેનામાં ઐતિહાસિક ફેરફાર: બ્રિટિશ કાળની પરંપરાઓનો અંત

(એજન્સી) નવી દિલ્હી I તા. 14

ભારતીય સેનાએ પોતાની સાર્વભૌમ ઓળખને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્યથી બ્રિટિશ શાસનકાળની અનેક ઔપનિવેશિક પરંપરાઓને સદંતર નાબૂદ કરી છે. સેના દ્વારા તાજેતરમાં જ ૧૭૪ પાનાની નવી ગાઈડલાઈન મેન્યુઅલ 'આર્મી યુનિફોર્મ્સ-૨૦૨૬' જાહેર કરવામાં આવી છે. આ ફેરફારો દ્વારા સેના સંપૂર્ણપણે ભારતીય વિચારધારા અને સંસ્કૃતિને અનુરૂપ બનશે.

#### નવી ગાઈડલાઈન મુજબ યુનિફોર્મમાં કેટલાક મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે

- બંદી જેકેટ: ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમાન બંધ-ગળા વાળા 'બંદી જેકેટ'ને ઔપચારિક કાર્યક્રમોમાં ફોર્મલ ડ્રેસ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.
- વિન્ટર ડ્રેસ: તમામ રેન્કના સૈનિકો માટે '૩બી' નામનો નવો વિન્ટર ડ્રેસ રજૂ કરાયો છે, જેમાં અંગોલા શર્ટ, બેટલ જેકેટ અને બેરેટ ટોપીનો સમાવેશ થાય છે.
- સેરેમોનિયલ ફેરફાર: ઓફિશિયલ 'મેસ ડ્રેસ'માંથી સેરેમોનિયલ પાઉચ બેલ્ટ દૂર કરવામાં આવ્યા છે. તેમજ પરેડ દરમિયાન અધિકારીઓ માટે તલવાર રાખવી વૈકલ્પિક કરવામાં આવી છે.

#### મહિલા અધિકારીઓ માટે નવા નિયમ

મહિલા અધિકારીઓ હવે સત્તાવાર કાર્યક્રમોમાં સાદા રંગની સાડી અથવા દુપટ્ટા સાથે કુર્તા-સલવાર અને એન્કલ-લેન્થ સીધી પેન્ટ પહેરી શકશે. જોકે, પ્લાઝો, સિગારેટ પેન્ટ કે સ્લીવલેસ કુર્તા જેવા કેઝ્યુઅલ કપડાં પહેરવા પર પ્રતિબંધ રહેશે. સૈનિકોમાં શિસ્ત અને એકરૂપતા જાળવી રાખવા માટે આ નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવશે.

#### ગુલામીની માનસિકતામાંથી મુક્તિ

આ ફેરફારો અંગે લેફ્ટનન્ટ જનરલ વી.પી.એસ. કૌશિકે જણાવ્યું કે, આ ફેરફાર સેનાને ભારતીય વિચારધારાને અનુરૂપ બનાવવાની દિશામાં એક મોટું પગલું છે. ખાસ કરીને 'રોયલ' જેવા બ્રિટિશ કાળના શબ્દોને દૂર કરી દેવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેવડિયા ખાતે આ અંગે જે સૂચના આપી હતી.

ગેરકાયદેસર રીતે થાંભલાઓ નાખવાના વિરોધમાં 15 જૂનના રોજ ગાંધીનગર ખાતે આયોજિત ટ્રેક્ટર રેલીને AAPનું સમર્થન: બ્રિજરાજ સોલંકી AAP

# ખેડૂતોના ગળા સુધી સરકારનો હાથ પહોંચ્યો, હવે ખેડૂતોએ અત્યાચાર સામે લડવાની જરૂરત છે: બ્રિજરાજ સોલંકી AAP




અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ એક વીડિયોના માધ્યમથી ખેડૂતોની ટ્રેક્ટર રેલી મુદ્દે વાત કરતા જણાવ્યું હતું કે આવતીકાલે એટલે કે 15 જૂનના રોજ ગાંધીનગર ખાતે ખેડૂતો દ્વારા અને ખેડૂતો માટે એક ટ્રેક્ટર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આનુ કારણ એ છે કે સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ખાનગી વીજ કંપનીઓ અને અધિકારીઓ સાથે મળીને ખેડૂતો પર અન્યાય અને અત્યાચાર કરે અને ખેડૂતોના ખેતરોમાં ગેરકાયદેસર રીતે ઘૂસીને થાંભલાઓ નાખવાનું કામ કરે છે. તો તેના વિરોધમાં આવતીકાલે એટલે કે 15 જૂનના રોજ ગાંધીનગર ખાતે ટ્રેક્ટર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા બ્રિજરાજ સોલંકી જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી ટ્રેક્ટર રેલીમાં સમગ્ર ગુજરાતના તમામ 54 લાખ ખેડૂતોની સાથે છે આમ આદમી પાર્ટી આ ખેડૂતોની લડાઈમાં મજબૂતીથી લડત લડવા જઈ રહી છે અને મારું તથા સમગ્ર આમ આદમી પાર્ટીનું આ ટ્રેક્ટર રેલીને સમર્થન છે. તો આપણે તમામ ખેડૂતોએ જાતિ, જ્ઞાતિ, ધર્મ, ભાષાના ભેદભાવ ભૂલીને ખેડૂતોના હક અધિકાર અને ન્યાયની વાત કરવાની છે. ખેડૂતોની માતા-બહેનો અને દીકરીઓ તથા નાના નાના બાળકો પર અન્યાય કરવામાં આવ્યો છે, દમન ગુજારવામાં આવ્યું છે અને ખેડૂતોના ગળા સુધી આ સરકારનો અને ભાડે લાવેલી પોલીસનો હાથ પહોંચી ચૂક્યો છે. હવે આપણે તમામ લોકોએ એક થવાની જરૂર છે, મજબૂત થવાની જરૂરત છે અને આ અન્યાય અને અત્યાચાર સામે લડવાની જરૂરત છે.

# ખેડૂતોને વળતર નથી મળતું, તો આ કામદારોને વળતર મળશે કે નહીં એ મોટો સવાલ: સંજયસિંહ રાજ AAP

**• વડોદરા જિલ્લાના ભાવપુર ગામે વીજપોલ પડતા 3 કામદારોના મૃત્યુ, પરિવારોને વળતર ચૂકવવામાં આવે: સંજયસિંહ રાજ AAP**

**• જો જનતા વળતો જવાબ નહીં આપે તો એવી પરિસ્થિતિ આવશે કે આપણું ઘર ચલાવવું પણ મુશ્કેલ બનશે: સંજયસિંહ રાજ AAP**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી સંજયસિંહ રાજે એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર વાત કરતા જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં કેટલાય ખેડૂતોના ખેતરોમાં વીજ લાઈનનું કામ ચાલી રહ્યું છે ત્યારે વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં ભાવપુરા ગામે વીજળીના થાંભલાઓમાં તાર નાખવાનું કામ ચાલુ છે અને હમણાં ત્યાં એક વીજ પોલ તૂટી પડ્યો અને ત્રણ જેટલા કામદારોના મૃત્યુ થયા. આપણને સવાલ થાય છે કે આ કામદારો આટલું જોખમી કામ કરવા માટે શા માટે મજબૂર બન્યા હશે? તે લોકો પણ આ દેશમાં ચાલી રહેલી મોંઘવારી અને મંદીથી ત્રાહિત છે એટલા માટે આ જોખમી કામ કરી રહ્યા છે. તો મારે કંપનીઓ અને ભ્રષ્ટ અધિકારીઓને કહેવું છે કે આજે ત્રણ કામદારોના મૃત્યુ થયા એમને આર્થિક વળતર આપવામાં આવે, નહીંતર તેમના પરિવારો રઝળી પડશે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા સંજયસિંહ રાજે જણાવ્યું હતું કે, ખેડૂતોના ખેતરોમાંથી વીજ લાઈનો જઈ રહી છે, જેના કારણે તેઓ આંદોલન કરે છે, લાઠીઓના ઘા ખાય છે, જેલમાં જાય છે, મહિલાઓ પર પણ લાઠીઓ વરસી રહી છે, તેમ છતાં આવી કંપનીઓના પેટનું પાણી પણ હલતું નથી અને ભ્રષ્ટ અધિકારીઓ એમના હપ્તા લેવામાં પડ્યા છે. પોલીસ તંત્રનો દુરુપયોગ કરીને લોકોને ડરાવવા ધમકાવવામાં આવી રહ્યા છે, તો હવે આ ત્રણ વ્યક્તિના મૃત્યુ થયા છે તેમને વળતર કઈ રીતે આપવામાં આવશે એ મોટો સવાલ છે., કેમ કે જેના ખેતરમાં લાઈન નખાય છે એ લોકોને જ આ લોકો વળતર આપવા માટે તૈયાર નથી. હવે જનતાએ જાગવું પડશે કારણકે ખેડૂતો ચારે બાજુથી ત્રાહિમામ છે, ચોમાસામાં અતિવૃષ્ટિ થાય કે કમોસમી માવઠું પડે ત્યારે નુકસાન થાય છે, બિયારણના ભાવ મોંઘા, દવાઓના ભાવ મોંઘા છે અને ખેડૂત આવી અનેક સમસ્યાઓથી ત્રાહિમામ છે.

વસ્તી ગણતરીમાં શિક્ષકોની મુશ્કેલીઓ મુદ્દે શૈક્ષિક મહાસંઘે ઉઠાવ્યો અવાજ

# શાળાના સમય બાદ કામગીરીના પરિપત્રનો ઉગ્ર વિરોધ; 'ઓન ડ્યુટી' ગણીને જ કામગીરી કરાવવા માગ

અમદાવાદ | વસ્તી ગણતરીની કામગીરી દરમિયાન શિક્ષકોને પડતી મુશ્કેલીને લઈને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. કેટલાક જિલ્લાઓમાં DEOએ શાળાના સમય બાદ વસ્તી ગણતરીની કામગીરી કરવા પરિપત્ર કરતા નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં 55થી 56 ટકા શિક્ષિકાઓ વસ્તી ગણતરીની કામગીરીમાં ફરજ બજાવે છે. જેથી તેમને સ્કૂલ બાદ ઘરની જવાબદારી પૂર્ણ કર્યા બાદ વસ્તી ગણતરી કામગીરી શક્ય બનતી નથી. જેથી 'ઓન ડ્યુટી' ગણીને વસ્તી ગણતરીની કામગીરી કરાવવામાં આવે તેને લઈને માગ કરી છે.

વસ્તી ગણતરીની કામગીરીમાં પડતી મુશ્કેલીઓને લઈને શૈક્ષિક મહાસંઘે અવાજ ઉઠાવ્યો છે. રાષ્ટ્રીય કામગીરી માત્ર શિક્ષકોને જ નહીં અન્ય 27 વિભાગમાં કામ કરતા સરકારી કર્મચારીઓને પણ સોંપવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે. રાષ્ટ્રીય કામગીરી સુગમતાથી પૂર્ણ થાય તે માટે યોગ્ય આયોજન કરવા શૈક્ષિક મહાસંઘે અપીલ કરી છે. તમામ વિભાગોને સરખી કામગીરી સોંપીને શિક્ષકો પરનો બોઝ હળવો કરવા પણ વસ્તી ગણતરીના નિયામકને માગ કરી છે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રચાર મંત્રી રાકેશ ઠાકરે જણાવ્યું હતું કે, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે વસ્તી નિયામકને મળીને રજૂઆત કરી હતી કે ગુજરાત સરકારના તમામ જે 27 વિભાગો છે તે તમામને સરખી કામગીરી સોંપવામાં આવે તો શિક્ષણ પર કોઈ બોઝ આવે નહીં. શરૂઆતમાં પ્લાનિંગમાં શું થયું.



### શાળા સમય બાદની કામગીરીથી રોષ

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રચાર મંત્રી રાકેશ ઠાકરે જણાવ્યું હતું કે, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે વસ્તી નિયામકને મળીને રજૂઆત કરી હતી કે ગુજરાત સરકારના તમામ જે 27 વિભાગો છે તે તમામને સરખી કામગીરી સોંપવામાં આવે તો શિક્ષણ પર કોઈ બોઝ આવે નહીં. શરૂઆતમાં પ્લાનિંગમાં શું થયું ખબર નહીં, પરંતુ 80થી 90 ટકા જેટલા શિક્ષકોને વસ્તી ગણતરીની કામગીરી સોંપવામાં આવી છે. હવે કેટલાક જિલ્લાઓમાં એવું સામે આવ્યું છે કે વસ્તી ગણતરીની કામગીરી શાળાના સમય પછી કરવાનું કહેવામાં આવ્યું છે.

વધુમાં રાકેશ ઠાકરે જણાવ્યું હતું કે, તેમજ શિક્ષકની નિમણૂક તેમના સ્થાનથી 20થી 30 કિલોમીટર દૂર નિમણૂક કરવામાં આવી છે. હવે શાળાના સમય પછી આટલા દૂર સુધી કામગીરી કરવા કઈ રીતે જવું તે પણ એક પ્રશ્ન છે. તેમજ ઘણી બહેનોને પણ કામગીરી સોંપવામાં આવી છે તેમને પણ મુશ્કેલી પડી રહી છે. તેમજ જ્યારે શિક્ષક કે શિક્ષિકા વસ્તી ગણતરી માટે લોકોના ઘર સુધી પહોંચે છે, ત્યારે તેમને કેટલાય લોકોનો આક્રોશનો સામનો કરવો પડે છે. જેથી અમારી માંગણી છે કે ઓન ડ્યુટી ગણીને વસ્તી કામગીરી કરવામાં આવે તો શિક્ષકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

પાવન અધિક માસ નિમિત્તે દરશડી ગામે ભક્તિનો મહાસાગર છલકાયો

# વિષ્ણુ સમાજની ગાયત્રી મહિલા મંડળની બહેનો દ્વારા શિવ મંદિરે ગોર કથા, આરતી, ભજન-કીર્તન સાથે ધર્મોલ્લાસ



મહેશ એલ. સોની નખત્રાણા

પુરુષોત્તમ માસ એટલે કે અધિક માસના પાવન પર્વ નિમિત્તે દરશડી ગામના શિવ મંદિર પરિસરમાં અનેરો ધાર્મિક માહોલ છવાયો છે. ગામની વિષ્ણુ સમાજની ગાયત્રી મહિલા મંડળની બહેનો દ્વારા સમગ્ર અધિક માસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં નાની બાલિકાઓથી માંડીને વડીલ બહેનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાઈ રહી છે.અધિક માસના પ્રારંભથી જ શિવ મંદિર ખાતે દરરોજ સવારે ગોર કાંઠા વાર્તા, ભગવાનની મહાઆરતી, ભજન-કીર્તન, વિષ્ણુ સહસ્ત્રનામ પાઠ સહિતના કાર્યક્રમો શ્રદ્ધાપૂર્વક યોજાઈ રહ્યા છે. બહેનો દ્વારા તુલસી પૂજન અને ભગવાન વિષ્ણુની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. ઢોલકના તાલે ગવાતા ભક્તિસભર ભજનો થી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠે છે.આ અંગે ગાયત્રી મહિલા મંડળના પ્રમુખ જ્ઞાનબા સોઢા એ જણાવ્યું હતું કે, 'અધિક માસ એ ભગવાન વિષ્ણુનો અતિ પ્રિય માસ છે. આ માસમાં કરેલું દાન, પુણ્ય, જપ-તપ અનેકગણું ફળ આપે છે. અમારો ઉદ્દેશ ગામની બહેનો અને ભાવિક ભક્તોમાં ધર્મ-સંસ્કારનું સિંચન થાય અને નવી પેઢી આપણી સંસ્કૃતિના મૂલ્યોથી અવગત થાય તે છે.'

અધિક માસ દરમિયાન સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે જરૂરિયાતમંદ પરિવારોને અનાજ-વસ્ત્રનું દાન પણ બહેનો દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## News Brief

### અમદાવાદ: ઘરની સફાઈમાં વિશ્વાસઘાતનું ક્લિનિંગ! જોધપુરમાં બે યુવકો 3,75,000ના દાગીના ચોરી રફુચક્કર

અમદાવાદ : અમદાવાદમાં ઘરઘાટી કે સફાઈ કામદારો દ્વારા ચોરી કરવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. શહેરના પોશ વિસ્તાર ગણાતા સેટેલાઈટના જોધપુરમાં, ઘરમાં સાફ-સફાઈ માટે બોલાવવામાં આવેલા ક્લિનિંગ સર્વિસના બે અજાણ્યા યુવકો વૃદ્ધ મહિલાના ઘરમાંથી 3,75,000 રૂપિયાના સોનાના દાગીના ચોરી કરી ફરાર થઈ ગયા છે. વિશ્વાસ રાખીને કામ સોંપ્યા બાદ થયેલી આ ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જોધપુર ગામમાં આવેલા તપ્સી એપાર્ટમેન્ટમાં રહેતા 69 વર્ષીય રશ્મીબેન જયંતીલાલ શાહે આ અંગે ફરિયાદ નોંધાવી છે. તેઓ વિધવા છે અને ઘરમાં એકલા રહે છે તેમજ જોધપુર ગામમાં જ આવેલા આર. આર. પીજીમાં કેરટેકર તરીકે નોકરી કરે છે. મુંબઈ રહેતી તેમની દીકરી વેકેશનમાં ઘરે આવી હોવાથી, તેમણે ઘરની સાફ-સફાઈ કરાવવાનું નક્કી કર્યું હતું. આ દરમિયાન ક્લિનિંગ સર્વિસના બે શખ્સોએ 3,75,000ની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી લીધી હતી. આ ઘટના ગત 11 મેના રોજ બની હતી. રશ્મીબેનની ભત્રીજાવહુની ભલામણથી વસ્ત્રાપુરની 'ચામુંડા ક્લિનિંગ સર્વિસ'માંથી આશરે 25થી 30 વર્ષના બે યુવકો સફાઈ માટે આવ્યા હતા.

તે સમયે રશ્મીબેન નોકરી પર ગયા હતા અને તેમની દીકરી મોહિની ઘરે હાજર હતી. બંનેમાંથી એક યુવક હોલમાં સફાઈ કરતો હતો, જ્યારે બીજો યુવક બેડરૂમમાં એકલો સફાઈ કરી રહ્યો હતો. આ તકનો લાભ ઉઠાવી બેડરૂમમાં રહેલા લાકડાના કબાટના લોકર ઉપર જ પડેલી ચાવી વડે લોકર ખોલીને આ શખ્સે અંદરથી બે સોનાની પેન્ડલવાળી ચેઈન અને સોનાની કેપવાળું એક રુદ્રાક્ષનું બ્રેસલેટ સહિત કુલ 3.75 લાખના દાગીનાની ચોરી કરી હતી.

### જામનગરમાં શાકભાજી લેવા ગયેલા પત્ની ઉપર શંકા કરીને પતિએ પાવડા વડે હુમલો કર્યો



જામનગર | જામનગરમાં એક પતિ એ પોતાના પત્ની ઉપર શંકા કુશંકા રાખીને પાવડા વડે હુમલો કર્યો હતો અને હાથે પગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ અંગે પત્ની એ પોતા ના પતિ સામે પોલીસ માં ફરિયાદ નોંધાવી છે. જામનગરના યાદવ નગર વિસ્તારમાં રહેતા પૂજાબેન દિનેશભાઈ કાળુ (32) ગઈકાલે સાંજે શાકભાજી લેવા ગયા હતા. અને ઘરે પરત ફરતા તેના પતિ એ તેણી ઉપર શંકા કુશંકા રાખીને ગાળો કાઢી હતી અને પાવડા વડે આડેધડ હુમલો કર્યો હતો. જેમાં પૂજાબેન ને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવા આવ્યા હતા. જ્યાં માથામાં સાત ટાંકા લેવા માં આવ્યા . તથા હાથમાં ફ્રેક્ચર નહીં ઈજા થઈ હતી ઉપરાંત પગ અને ખભા માં પણ ઈજાઓ પહોંચી હતી.

આ બનાવ અંગે પૂજાબેને પોતા ના પતિ દિનેશ રામજી કાળુ સામે પોતાને ગંભીર ઈજાઓ પહોંચાડવા અંગે પોલીસ માં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધયો હતો. આ બનાવવા ની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન એમ ઝાલા ચલાવી રહ્યા છે.

### ટૂંક સમયમાં શરૂ થશે બીકાનેર-સાબરમતી નવી ટ્રેન સેવા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ લીલી ઝંડી આપશે.

અમદાવાદ | ગુજરાત અને રાજસ્થાનના લોકોને ટૂંક સમયમાં એક નવી રેલ સેવા ની ભેટ મળવા જઈ રહી છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ ટૂંક સમયમાં અમદાવાદ (સાબરમતી)-બીકાનેર (લાલગઢ) એક્સપ્રેસને લીલી ઝંડી આપશે. આ નવી રેલ સેવા અમદાવાદ અને બીકાનેર વચ્ચે સીધી, ઝડપી અને સુવિધાજનક રેલ કનેક્ટિવિટી પૂરી પાડશે.આ નવી એક્સપ્રેસ ટ્રેન પશ્ચિમ ભારતના બે મહત્વપૂર્ણ પ્રવાસન ક્ષેત્રોને પરસ્પર જોડશે. હવે ગુજરાતના પ્રખ્યાત સાબરમતી રિવરફ્રન્ટ, મોઢેરા સૂર્ય મંદિર, પાટણની રાણીની વાવ અને અમદાવાદની સમૃદ્ધ વારસાગત સંસ્કૃતિનો આનંદ માણવો હોય કે રાજસ્થાનના ભવ્ય જૂનાગઢ કિલ્લો, કરણી માતા મંદિર, લાલગઢ પેલેસ તેમજ બીકાનેરની સમૃદ્ધ સંસ્કૃતિ અને રણપ્રદેશના પર્યટનનો અનુભવ કરવો હોય, આ નવી એક્સપ્રેસ ટ્રેન મુસાફરોને સુવિધાજનક અને સીધી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવશે.નવી ટ્રેનથી ગુજરાતના અમદાવાદ, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓ તથા રાજસ્થાનના જાલોર, બાલોતરા, જોધપુર, નાગૌર અને બીકાનેર જિલ્લાઓને લાભ મળશે. ટ્રેનના મુખ્ય સ્ટેશનોમાં સાબરમતી, મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરાન, જાલોર, મોકલસર, સમદડી, લૂણી, જોધપુર, ગોટન, મેઢતા રોડ, નાગૌર, નોખા, બીકાનેર અને લાલગઢનો સમાવેશ થાય છે.લગભગ 740 કિલોમીટરનું અંતર નિશ્ચિત કરનારી આ નવી એક્સપ્રેસ સેવાના પ્રારંભ થતાંની સાથે જ બીકાનેરથી અમદાવાદ વચ્ચે દૈનિક એક્સપ્રેસ રેલ સંપર્ક સ્થાપિત થશે. આ દૈનિક ટ્રેન સેવાથી વિદ્યાર્થીઓ, નોકરીયાત લોકો, વેપારીઓ તેમજ પ્રવાસીઓ માટે વિશેષ સુવિધા પ્રાપ્ત થશે.

# પાલભાઈ આંબલીયા તમે છીછરી રાજનીતિ કરીને આંદોલનને તોડવાના પ્રયાસ કરી રહ્યા છો: પંકજ રાણસરિયા, ખેડૂત આગેવાન

**• AAPના ઘણા આગેવાનોએ રાજકારણથી દૂર રહીને ખેડૂત તરીકે આંદોલનને સમર્થન કર્યું, ત્યારે અમુક નેતાઓના પેટમાં તેલ રેડાયું: પંકજ રાણસરિયા, ખેડૂત આગેવાન**

અમદાવાદ | ખેડૂત આગેવાન પંકજ રાણસરિયાએ જણાવ્યું હતું કે આજે ખેડૂતોના કાળજારૂપી ખેતરોમાં વીજલાઈનોના થાંભલા કંપનીઓ દ્વારા જબરદસ્તીથી ઉભા કરવામાં આવી રહ્યા છે. તાનાશાહી સરકારના તંત્રના સહારે એક પણ રૂપિયાનું યોગ્ય વળતર ચૂકવ્યા વગર કંપનીઓ ખેડૂતોના ખેતરો ખૂંદી રહી છે, ઉભા પાકને નુકસાન પહોંચાડી રહી છે અને ખેડૂતોની મંજૂરી લીધા વગર થાંભલા નાખી રહી છે. આ અન્યાય સામે ખેડૂતોના દીકરા તરીકે અને રાજકીય કાર્યકર તરીકે અમે લાંબા સમયથી ખેડૂતોની સાથે ખભેખભા મિલાવીને લડાઈ લડી રહ્યા છીએ. આ લડાઈ ખેડૂતોના હક્કોની છે, પછી તે જેતપર ગામ હોય, કોંઢ ગામ હોય કે અન્ય કોઈ વિસ્તાર હોય જ્યાંથી હાઈટેન્શન વીજલાઈનો પસાર થઈ રહી છે. જ્યારે અમે ખેડૂતોના હકો માટે અવાજ ઉઠાવ્યો અને સમર્થન જાહેર કર્યું, ત્યારે અમારી ફરજ હતી કે ખેડૂતોની સાથે ઊભા રહીએ. આમ આદમી પાર્ટીના અનેક નેતાઓએ પણ રાજકારણથી ઉપર ઉઠીને ખેડૂતોના હિતમાં પોતાનો ટેકો જાહેર કર્યો છે.

ખેડૂત આગેવાન પંકજ રાણસરિયાએ વધુમાં જણાવ્યું હતું કે જ્યારે મેં સોશિયલ મીડિયા પર કેટલીક ટિપ્પણીઓ જોઈ, ખાસ કરીને પાલભાઈ આંબલિયાની, ત્યારે મને આશ્ચર્ય થયું. આ લડાઈ કોઈ એક પક્ષની નથી, આ લડાઈ તાનાશાહી સરકાર સામેની છે, ખેડૂતોના પ્રશ્નોની છે અને ખેડૂતોના અધિકારોની છે. ત્યારે આંદોલનને પક્ષપાત અને રાજકીય રંગ આપવાનો પ્રયાસ શા માટે થઈ રહ્યો છે? હું પાલભાઈને મીડિયાના માધ્યમથી કહેવા માગું છું કે મોટી મોટી વાતો કરવાને બદલે ખેડૂતોના હકો માટે સૌએ એક થવું જોઈએ. આજે તમે આ લડાઈને પ્રાઈવેટ બનાવી, પક્ષપાત ઉભો કરી અને ખેડૂતોમાં ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છો. જ્યારે ખેડૂતો માટે સંઘર્ષ કરવાનો સમય હોય ત્યારે બધા ખેડૂત આગેવાનો અને ખેડૂતોના દીકરાઓએ સાથે મળીને લડવું જોઈએ, પક્ષપાત કરીને આંદોલનને નબળું ન બનાવવું જોઈએ. પાલભાઈ તમે ખેડૂતોના આંદોલન અને ખેડૂતોની એકતાને તોડવાની કોશિશ ન કરો.

# ટ્રેક્ટર રેલીને આમ આદમી પાર્ટીનું મજબૂત સમર્થન: પ્રવીણ રામ AAP



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા અને ફ્રંટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવિણ રામે એક વીડિયોના માધ્યમથી ખેડૂતોની ટ્રેક્ટર રેલી મુદ્દે પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું, હાલમાં ગુજરાતમાં ખેડૂતોની પરિસ્થિતિ ખૂબ જ દયનીય છે. એક તો કુદરત ખેડૂતો પર રૂઠે છે અને બીજી બાજુ સરકારો પણ ખેડૂતો પર રૂઠે છે. બિયારણના ભાવ, ખાતરના ભાવ સહિત તમામ જગ્યાએ અત્યારે ખેડૂતોએ અનેક પ્રકારના પડકારોનો સામનો કરવો પડે છે. વધુમાં ખાનગી કંપનીઓ ખેડૂતના ખેતરમાં પોતાના થાંભલા નાખી જાય, બળજબરી કરે, અત્યાચાર કરે અને એમાં પણ પોલીસનું પ્રોટેક્શન લઈને ખેડૂતોના પરિવારો પર અત્યાચાર થાય છે. હાલની પરિસ્થિતિમાં મહિલાઓ પર અત્યાચાર થાય, તેમની અટક કરવામાં આવે, નાના બાળકોને રોડ પર ચડાવવામાં આવે, આ તમામ પરિસ્થિતિઓ જે ગુજરાતમાં ઉપસ્થિત થઈ છે, એ અન્યાય સામે લડવા માટે અને ખેડૂતોના ખેતરોમાં જે ખોટી રીતે થાંભલાઓ નાખવામાં આવે છે, તેના બદલ યોગ્ય વળતર મળે એવા તમામ મુદ્દાઓને લઈને આવતીકાલે તારીખ 15 જૂનના રોજ સમગ્ર ગુજરાતના ખેડૂતો ટ્રેક્ટર રેલી લઈને ગાંધીનગર જવાના છે.

### ખનિજ માફિયાઓ પર તંત્રની તવાઈ: ધોળકા બાદ હવે બાવળામાં ગેરકાયદે ખનન ઝડપાયું,



ગુજરાત| ગુજરાતમાં સરકારી તંત્ર અને કાયદાને ઘોળીને પીજનારા ખનિજ માફિયાઓ પર આખરે તંત્રની તવાઈ શરૂ થઈ છે. ધોળકાના વીરપુર ગામે ગેરકાયદે ખનનનો પર્દાફાશ કર્યા બાદ, અમદાવાદ ખાણ-ખનિજ વિભાગની ટીમે હવે બાવળા તાલુકાના શિયાળ ગામમાં દરોડા પાડ્યા છે. અહીં કોઈપણ પ્રકારની મંજૂરી વિના બેફામ રીતે સાદી માટીનું ગેરકાયદે ખોદકામ અને હેરાફેરી કરવામાં આવી રહી હતી. ખનિજ વિભાગની ક્ષેત્રીય તપાસ ટીમે આકસ્મિક રેડ પાડીને ઘટનાસ્થળેથી એક હિટાચી (એક્સકેવેટર) મશીન અને બે ડમ્પર (નંબર: GJ13AT0767 અને GJ13AT1183) કબજે કર્યા છે. સીઝ કરાયેલા આ તમામ વાહનોની અંદાજિત કિંમત 1 કરોડ રૂપિયા જેટલી આંકવામાં આવી છે.

# રેલવે DRM સાથે AMCના પદાધિકારીઓની બેઠક:વિકાસ કાર્યો ઝડપી પૂર્ણ કરવા સૂચના, અંડરપાસ અને ઓવરબ્રિજની કામગીરી સહિત વિવિધ પ્રશ્નો મુદ્દે મહત્વની ચર્ચા

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન દ્વારા અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન રીડેવલપમેન્ટ સહિત અલગ-અલગ પ્રોજેક્ટ કરવામાં આવી રહ્યા છે. રેલ્વે દ્વારા ઓવરબ્રિજ અને અંડર બ્રિજ પણ બનાવવામાં આવી રહ્યા છે. ત્યારે બાકી કામો ઝડપથી પૂર્ણ થાય અને રેલવે સ્ટેશનની કામગીરીમાં કેટલી પ્રગતિ થઈ છે તેની સમીક્ષા કરવા માટે નવનિયુક્ત મેયર હિતેશ બારોટ, સ્ટેન્ડિંગ ચેરમેન કમલેશ પટેલ, અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદ દિનેશ મકવાણા અને ધારાસભ્ય કૌશિક જૈન દ્વારા અમદાવાદ DRM (ડિવિઝનલ રેલવે મેનેજર) અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરવામાં આવી હતી.

શહેરના વિવિધ વિસ્તારોમાં ઓવરબ્રિજ અને અંડર બ્રિજ બનાવવામાં આવે છે. જેમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય વિભાગો પણ સંકળાયેલા હોય છે. રેલવે અને અન્ય વિભાગો વચ્ચે કામગીરી બાબતે સંકલન યોગ્ય રીતે ન થતું હોવાથી ધીમી ગતિએ કામ કરતું હોવાના પગલે કામો ઝડપી થાય તે માટે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ પ્રશ્નો મુદ્દે મેયર હિતેશ બારોટ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ અને સાંસદ દિનેશ મકવાણા તેમજ ધારાસભ્ય કૌશિક જૈન દ્વારા રેલવે ડીઆરએમ વેદ પ્રકાશ સાથે બેઠક કરીને કામગીરી માટે રાજકીય નેતાઓની સાથે પણ સંકલન કરવા જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ ડિવિઝનના DRM સાથેની મિટિંગમાં વિવિધ પ્રશ્નો મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અસારવા ઓમ નગર રેલવે અંડર પાસ બનાવવામાં આવી રહ્યો છે જેની કામગીરી છેલ્લા બે વર્ષથી બાકી છે. જો કે રેલવે મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટોરેન્ટ દ્વારા એકબીજા સાથે યોગ્ય રીતે સંકલન ન કરવાના કારણે ટોરેન્ટ પાવરના કેબલ કાઢવા બાબતે કામગીરી મોડી થઈ રહી છે જેને લઈને નેતાઓએ અધિકારીઓને ઝડપી કામગીરી કરવા માટે ટોરેન્ટની સાથે સંકલન કરી છ મહિનામાં કામગીરી પૂરી કરવા સૂચના આપી હતી.

મણીનગર દક્ષિણી રેલવે ક્રોસિંગ પર ઓવરબ્રિજ બનાવવો જરૂરી છે. ખૂબ વધારે પ્રમાણમાં ટ્રેનો આવતી હોવાથી વારંવાર ક્રોસિંગ બંધ કરવું પડે છે અને લોકોને ટ્રાફિકમાં ફસાવું પડે છે. જેથી આ સમસ્યાનો હલ લાવવા માટે મણીનગર રેલવે ક્રોસિંગ પર ઓવરબ્રિજ બનાવવાનો છે. જોકે ત્યાં કેટલીક મિલકતો કપાતમાં જાય છે. ત્યારે સ્થાનિકોને મુશ્કેલી ન પડે તેને પ્રમાણે રેલવે ઓવરબ્રિજની ડિઝાઈન બનાવવા મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા DRM સાથે ચર્ચા કરવામાં આવી હતી. મિલકતો કપાતમાં ખૂબ ઓછી જાય તે પ્રમાણેની ડિઝાઈન તૈયાર કરીને મંજૂર કરવામાં આવે તે પ્રમાણે વાતચીત થઈ હતી.

હેબતપુર રેલવે ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. જે ઓવરબ્રિજની ડિઝાઈન પણ રેલવે દ્વારા બદલવામાં આવી છે. જેના કારણે મોડું થયું છે. જેથી અગાઉથી યોગ્ય રીતે સંકલન કરીને ડિઝાઈન બનાવવામાં આવે જેથી જે પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થવો જોઈએ, તે પ્રોજેક્ટ તો સમય પસાર પૂર્ણ થાય તેનું ધ્યાન રાખવા માટે પણ નેતાઓએ અધિકારીઓને ટકોર કરી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ધારાસભ્ય જયેશ રાદડિયાનો આક્રોશ, રેલવે તંત્રને અલ્ટીમેટમ

# જેતલસર રેલવે આંદોલન : ધારાસભ્ય મેદાને

(એજન્સી) જેતપુર/જેતલસર । તા. 14

રાજકોટ જિલ્લાના ઐતિહાસિક જેતલસર જંકશન પર રેલવે તંત્રની મનમાની અને અણઘડ વહીવટને કારણે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. અહીંથી લોકો-લોબી અને બ્રેકડાઉન જેવી મહત્વની કામગીરી અન્યત્ર ખસેડી લેવા અને ૭૨ જેટલા રનિંગ સ્ટાફની સામૂહિક બદલીના નિર્ણય સામે હવે ભાજપના જ ધારાસભ્ય જયેશ રાદડિયા મેદાને આવ્યા છે. તેમણે રેલવે તંત્રને ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપતા ચેતવણી આપી છે કે જો માંગણીઓ નહીં સંતોષાય તો 'રેલરોકો' આંદોલન છેડવામાં આવશે.




પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેની જેતલસર મુલાકાત દરમિયાન ધારાસભ્ય જયેશ રાદડિયાએ આકરા પાણીએ આવીને મુદ્દાસર રજૂઆતો કરી હતી. જેમાં ૭૨ કર્મચારીઓના રનિંગ સ્ટાફની વાપસી, એક્સિડન્ટ રિલીફ ટ્રેનની કાયમી વ્યવસ્થા, કોચિંગ ડેપોનું નિર્માણ અને જેતલસરને મેઈલ-એક્સપ્રેસ ટ્રેનોનું ઓરિજિનેટિંગ સ્ટેશન જાહેર કરવા જેવી છ મુખ્ય માંગણીઓનો સમાવેશ થાય છે.

રાદડિયાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રેલવે મંત્રી અને સાંસદોના આશ્વાસનો છતાં આજ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

### રેલબાબુઓની દાદાગીરી?

સ્થાનિકોનું કહેવું છે કે, રેલવે તંત્રના અધિકારીઓ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની રજૂઆતોને 'ભાજીમૂળા' સમાન ગણી કચરાપેટીમાં પધરાવી દે છે. ડબલ એન્જિન સરકાર હોવા છતાં રેલવેની આ પ્રકારની વર્તણૂક લોકશાહીમાં આશ્ચર્ય અને રોષનું કારણ બની છે. જેતલસરના લોકોનું માનવું છે કે માત્ર રેલવે વ્યવસ્થા જ નહીં, પરંતુ લોબી અને બ્રેકડાઉનની કામગીરી અન્યત્ર ખસેડવાથી સ્થાનિક અર્થતંત્ર અને વેપાર-ધંધા પણ કમરતોડ રીતે પડી ભાંગ્યા છે.

રેલવે જી.એમ. રામાશ્રય પાંડેએ પરિસ્થિતિની ગંભીરતા સમજીને સ્પષ્ટતા કરી હતી કે જેતલસરની લોબી કાયમ માટે બંધ કરવામાં આવી નથી, માત્ર સ્ટાફમાં ફેરફાર કરાયો છે. તેમણે જણાવ્યું હતું કે, વહીવટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવે છે, પરંતુ રેલવે મંત્રીના આદેશ મુજબ લોબી બંધ નહીં થાય. સ્ટાફને પરત લાવવા અંગે ઉચ્ચ સ્તરે વિચારણા કરવાનું તેમણે આશ્વાસન આપ્યું છે. જોકે, ધારાસભ્ય રાદડિયાએ હવે આ મુદ્દે કોઈપણ બાંધછોડ કરવાના મૂડમાં નથી.

ધારાસભ્ય રાદડિયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે, જો ૧૦ દિવસની સમયમર્યાદામાં ઉકેલ નહીં આવે, તો જેતલસર જંકશન બચાવ સમિતિ દ્વારા ઉગ્ર આંદોલન અને અનિશ્ચિતકાલીન ઉપવાસ શરૂ કરવામાં આવશે. આ આંદોલનની તમામ જવાબદારી રેલવે તંત્રની રહેશે. આ ઘટનાક્રમ દર્શાવે છે કે જ્યારે વહીવટી તંત્ર જનતાની સમસ્યાઓ પ્રત્યે ઉદાસીન બને છે, ત્યારે ભાજપના જ ધારાસભ્ય જેવા લોકપ્રતિનિધિઓએ પોતાના જ પક્ષની સરકારના તંત્ર સામે લડાઈ છેડવી પડે છે. હવે રેલવે તંત્ર ૧૦ દિવસમાં આ મડાગાંઠ ઉકેલવામાં સફળ રહે છે કે જેતલસર રેલરોકો આંદોલનની જ્વાળાઓમાં સળગી ઉઠે છે, તે જોવાનું રહ્યું. સમગ્ર પંથકની નજર હવે ધારાસભ્યના આ અલ્ટીમેટમ અને રેલવેના આગામી પગલાં પર ટકેલી છે. શું રેલવે તંત્ર વહેલી તકે સ્ટાફને પરત લાવીને સ્થિતિ સામાન્ય બનાવશે? તે સમય જ કહેશે.

## ખેડૂતોની હાલાકીમાં વધારો: જનરેટર માટે ડીઝલ લઈ જવા પર પ્રતિબંધથી રોષ



વડોદરા | ચોમાસાના આગમનની તૈયારી કરી રહેલા ખેડૂતો માટે હાલમાં મુશ્કેલીઓનો અંત આવવાનું નામ નથી લઈ રહ્યો. ખાતરની અછત વચ્ચે હવે સરકારે પેટ્રોલ પંપો પરથી જનરેટર કે ખેતીના સાધનો માટે ડબ્બા કે અન્ય સાધનોમાં ડીઝલ લઈ જવા પર પ્રતિબંધ મૂકતા ખેડૂતોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. ચોમાસું માથે હોવાથી ખેડૂતો અત્યારે વાવણી માટેની તૈયારીઓમાં વ્યસ્ત છે. ખેતરમાં સિંચાઈ અને અન્ય કામો માટે જનરેટર અને પંપ સેટ ખૂબ જ અનિવાર્ય છે, જેને ચલાવવા માટે ડીઝલની જરૂર પડે છે. અત્યાર સુધી ખેડૂતો ડબ્બા કે કેરબામાં ડીઝલ ભરાવીને ખેતર સુધી લઈ જતા હતા, પરંતુ હવે આ વ્યવસ્થા બંધ કરી દેવાતા તેમની સામે મોટો પ્રશ્ન ઊભો થયો છે. ઓઈલ કંપનીઓએ પેટ્રોલ પંપ સંચાલકોને કડક આદેશ આપ્યા છે કે કોઈ પણ સાધનમાં ડીઝલ આપવું નહીં, અને આ માટે સીસીટીવી ફૂટેજ દ્વારા ચેકિંગ કરીને કાર્યવાહી કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.

## વડોદરા એરપોર્ટ: સોલાર પેનલ્સના કારણે પી.એ.પી.આઈ. સિસ્ટમનું ઈન્સ્ટોલેશન અટવાયું

(એજન્સી) વડોદરા । તા. 14

વડોદરા એરપોર્ટની ઉડ્ડયન સુરક્ષા સાથે જોડાયેલો એક અત્યંત ચિંતાજનક કિસ્સો સામે આવ્યો છે. વિમાનોના સુરક્ષિત લેન્ડિંગ માટે અનિવાર્ય ગણાતી 'પ્રિસિઝન એપ્રોચ પાથ ઈન્ડિકેટર' (PAPI) સિસ્ટમનું નવા સ્થળે ઈન્સ્ટોલેશન એરપોર્ટની આસપાસ રહેણાંક મકાનો પર લાગેલી સોલાર પેનલ્સ અને તેના ઊંચા સ્ટ્રક્ચરના કારણે છેલ્લા ઘણા સમયથી અટવાયું છે.



તાજેતરમાં વડોદરા એરપોર્ટ પર રનવેનું રિ-કાર્પેટિંગ કરવામાં આવ્યું છે, જેના કારણે રનવેની ઊંચાઈમાં ફેરફાર થયો છે. સલામતીના આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ, પાયલોટને લેન્ડિંગ દરમિયાન ચોક્કસ ગ્લાઈડ પાથ અને એપ્રોચ એંગલ દર્શાવતી PAPI લાઈટ્સને નવા લોકેશન પર ખસેડવી ફરજિયાત છે. જોકે, એરપોર્ટની આસપાસ ગેરકાયદેસર રીતે વધેલા ઊંચા સ્ટ્રક્ચરો આ કામમાં મુખ્ય અવરોધ બની રહ્યા છે.

એરપોર્ટ સત્તાધીશોના જણાવ્યા અનુસાર, મકાનોની છત પર લાગેલી સોલાર પેનલ્સ અને તેના લોખંડના સ્ટ્રક્ચરો અંદાજે ૪ મીટર જેટલી વધારાની ઊંચાઈ ઉભી કરે છે, જે ટેકઓફ અને લેન્ડિંગ કરતા વિમાનો માટે જીવલેણ બની શકે છે. ખાસ કરીને રાત્રિના સમયે અથવા ખરાબ હવામાનમાં જ્યારે PAPI સિસ્ટમ પાયલોટને માર્ગદર્શન આપતી હોય, ત્યારે આ અવરોધો લેન્ડિંગને અત્યંત જટિલ અને જોખમી બનાવી દે છે.



## હાથીખાના એપીએમસી માર્કેટમાં એકસાથે 11 દુકાનોના તાળા તૂટ્યા

(એજન્સી) કુંભારવાડા । તા. 14

કુંભારવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી હાથીખાના એપીએમસી માર્કેટમાં ગત રાત્રે ચોર ટોળકીએ આતંક મચાવ્યો છે. એક સાથે ૧૧ દુકાનોના તાળા તોડીને તસ્કરો આશરે ૧૦ લાખ રૂપિયાની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા છે. આ ઘટનાને કારણે સ્થાનિક વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

સદ્નસીબે, આ સમગ્ર ચોરીની ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં ચોર ટોળકીની અવરજવર અને તેમની કાર્યપદ્ધતિ સ્પષ્ટ દેખાય છે, જેના આધારે કુંભારવાડા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. વેપારીઓએ પોલીસ પાસે તાત્કાલિક ધોરણે આરોપીઓને પકડવાની અને વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવાની માંગ કરી છે. આ ઘટનાએ પોલીસ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. નોંધનીય છે કે, ત્રણ દિવસ પહેલા જ કુંભારવાડા પોલીસ સ્ટેશન નજીક એક નામચીન આરોપી દ્વારા ફાયરિંગની ઘટના બની હતી, જેનાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. એક બાજુ પોલીસ ફાયરિંગના આરોપીને રિકન્સ્ટ્રક્શન માટે સ્થળ પર લઈ જઈને ગુનેગારોમાં ડર પેદા કરવાનો પ્રયાસ કરી રહી હતી, ત્યાં જ બીજી તરફ, આ ચોરીની ઘટનાએ સાબિત કરી દીધું છે કે ગુનેગારોમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી.

## રાવપુરાનો કુખ્યાત બૂટલેગર ઝડપાયો: 15.47 લાખના દારૂ સાથે પીસીબીના હાથે લાગ્યો

(એજન્સી) વડોદરા । તા. 14

વડોદરાના રાવપુરા વિસ્તારમાં દારૂનો વેપાર કરતો કુખ્યાત બૂટલેગર શાહરુખ જફરભાઈ શેખ આખરે પીસીબી (PCB) પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. શહેરના આંબેડકર સર્કલ પાસેથી પસાર થતી વેળાએ પોલીસની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી તેને વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે.

### 15.47 લાખનો મુદ્દામાલ કબજે

પીસીબી પી.આઈ. જે.આર. ગામીતની સૂચનાથી પોલીસ સ્ટાફે રાવપુરા સરદાર ભુવનના ખાંચામાં રહેતા આરોપી શાહરુખ શેખને સફેદ કલરની કાર સાથે ઝડપી લીધો હતો. પોલીસની તપાસમાં ગાડીમાંથી વિદેશી દારૂની ૩૬૮ બોટલ મળી આવી હતી, જેની અંદાજિત કિંમત ૪.૬૭ લાખ રૂપિયા થાય છે. પોલીસે દારૂ, કાર અને મોબાઈલ ફોન મળીને કુલ ૧૫.૪૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આરોપીની ધરપકડ કરી છે.

આરોપી શાહરુખ શેખનો ગુનાહિત ભૂતકાળ અત્યંત લાંબો છે. તેની સામે અગાઉ ૧૭ જેટલા ગુનાઓ નોંધાયેલા છે, જેમાંથી ૧૬ ગુના તો માત્ર પ્રોહિબિશન (દારૂબંધીના) કાયદા હેઠળના છે. આટલી મોટી સંખ્યામાં ગુનાઓ હોવા છતાં, તે બે વખત પાસા (PASA) હેઠળ જેલની હવા ખાઈ આવ્યો હોવા છતાં, પોતાની કુટેવ છોડી શક્યો નહોતો અને દારૂનો ધંધો સતત ચાલુ રાખ્યો હતો.

### પોલીસની કડક કાર્યવાહી

વારંવાર કાયદાના સકંજામાં આવ્યા પછી પણ સુધરવાનું નામ ન લેનાર આ બૂટલેગર સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. આ ધરપકડ દ્વારા પોલીસે ફરી એકવાર બૂટલેગરોમાં ડર પેદા કરવાનો પ્રયાસ કર્યો છે. હવે આ મામલે પોલીસે આરોપીના રિમાન્ડ મેળવી દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો, તે દિશામાં વધુ તપાસ શરૂ કરી છે.

## ગોત્રીમાં વીજ ડીપી ધરાશાયી: બે યુવાનો ઈજાગ્રસ્ત, પ્રી-મોન્સૂન કામગીરી પર સવાલો



વડોદરા | વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં વીજ કંપનીની બેદરકારી છતી થઈ છે. ગોત્રી પોલીસ મથકથી બંસલ મોલ તરફ જતા માર્ગ પર અચાનક વીજ ડીપી (ડબલ પોલ સ્ટ્રક્ચર) ધરાશાયી થતા ત્યાંથી પસાર થઈ રહેલા બે બાઈક સવારો ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી અનુસાર, ભારે પવનના કારણે આ મહાકાય વીજ માળખું ધરાશાયી થયું હતું. સદનસીબે બંને યુવાનોનો જીવ બચી ગયો હતો, પરંતુ તેમને ઈજાઓ પહોંચતા એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતને પગલે રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો અને સ્થાનિકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. આ ઘટનાને કારણે આસપાસના ૧૦૦ થી ૧૫૦ જેટલા વીજ જોડાણોનો પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો. એક તરફ મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ કરવામાં આવી રહ્યા છે, ત્યારે જ આ પ્રકારની ઘટના બનતા તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે ચોમાસા પહેલા જે રીતે વીજ માળખાની જાળવણી થવી જોઈતી હતી તેમાં ક્યાંક ને ક્યાંક ક્ષતિ રહી ગઈ છે.

## ગીરગઢડા પંથકમાં દીપડાનો ત્રાસ

# દીપડાનો આતંક : પાંચ કલાકમાં ચાર પર હુમલો

(એજન્સી) ગીરગઢડા । તા. 14

ગીરગઢડાના થોરડી ગામની સીમમાં આજે એક ખૂંખાર દીપડાએ માત્ર પાંચ કલાકના ગાળામાં આતંક મચાવી ત્રણ ખેડૂતો અને એક વન કર્મચારીને ઈજાગ્રસ્ત કરી દીધા છે. દિવસ દરમિયાન એક બાદ એક થયેલા આ હુમલાઓને પગલે સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે. ખેડૂતો અત્યારે પોતાના ખેતરોમાં જતાં પણ ડરી રહ્યા છે.

સવારના નવેક વાગ્યાના સુમારે માલાભાઈ મોઢકીયા અને તેમના ભત્રીજા દિવ્યેશ મોઢકીયા કેળાના ખેતરમાં કામ કરી રહ્યા હતા, ત્યારે ત્યાં છુપાયેલા દીપડાએ તેમના પર અચાનક હુમલો કર્યો હતો. દીપડાએ માલાભાઈ અને દિવ્યેશને નહોર ભરાવી ઘાયલ કર્યા હતા. જોકે, કાકા-ભત્રીજાની બૂમો સાંભળી આસપાસના લોકો દોડી આવતા દીપડો જંગલમાં નાસી ગયો હતો. આ ઘટના બાદ ઘાયલોને સારવાર માટે ગીરગઢડા ખસેડવામાં આવ્યા હતા.

### શિકારની શોધમાં ખૂંખાર દીપડો

આ હુમલાના દોઢ કલાક બાદ, બાજુની જ વાડીમાં કામ કરતા કેશુભાઈ મોઢકીયા પર આ જ દીપડાએ હુમલો કર્યો હતો. દીપડાએ કેશુભાઈના ગળાના ભાગે બચકું ભરી લઈ તેમને ગંભીર રીતે લોહીલુહાણ કરી નાખ્યા હતા. આટલી હિંસક ઘટનાઓ બાદ વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. સતત થઈ રહેલા હુમલાઓને પગલે વન વિભાગને જાણ કરવામાં આવી હતી, જેના પગલે વન વિભાગની ટીમ તુરંત ઘટનાસ્થળે દોડી આવી હતી.

### વન કર્મચારી પર હુમલો

વન વિભાગની ટીમ જ્યારે આ વિસ્તારમાં દીપડાને શોધવા સર્ચ ઓપરેશન ચલાવી રહી હતી, ત્યારે દીપડો પાંજરાની નજીક આવીને ફરીથી ફરાર થઈ ગયો હતો. સર્ચ દરમિયાન દીપડાએ રોષે ભરાઈને વન વિભાગના



રોજમદાર કર્મચારી મનુભાઈ ખસીયા પર હુમલો કરી દીધો હતો. દીપડાએ મનુભાઈના હાથની આંગળીમાં ઈજા પહોંચાડી હતી. આમ, કુલ ચાર વ્યક્તિઓને શિકાર બનાવ્યા બાદ દીપડો હજુ પણ પકડથી દૂર છે.

ગીરગઢડા અને ઉના પંથકમાં છેલ્લા કેટલાક સમયથી સિંહ અને દીપડાઓની રંજાડમાં સતત વધારો થઈ રહ્યો છે. વન્યપ્રાણીઓના વધતા હુમલાઓને લીધે ખેડૂતો રાત્રિના સમયે તો ઠીક, પરંતુ દિવસે પણ ખેતરે કામ કરવા જતાં ફફડાટ અનુભવી રહ્યા છે.

દીપડાઓએ અવાર-નવાર માનવ વસ્તી નજીક આવીને હુમલા કરવાના શરૂ કરતા, વન વિભાગની કાર્યક્ષમતા સામે પણ પ્રશ્નાર્થ ચિન્હો મુકાઈ રહ્યા છે.

વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે અલગ-અલગ વિસ્તારોમાં પાંજરા ગોઠવવામાં આવ્યા છે. પરંતુ ખૂંખાર બનેલો દીપડો પકડમાં આવતો નથી. માનવ લોહી ચાખી ગયેલો આ દીપડો હવે વધુ હિંસક બન્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. ખેડૂતોની માંગ છે કે, વન વિભાગ દ્વારા આ દીપડાને પકડવા માટે અદ્યતન ટેકનોલોજી અને નક્કર કાર્યવાહી કરવામાં આવે.

## પારિવારિક ઝઘડો : વૃદ્ધનું મોત, વિમલનગરમાં સનસનાટીભરી હત્યા

# રાજકોટ હત્યા કેસ : જમાઈનો સસરા પર ઘાતક હુમલો

(એજન્સી) રાજકોટ । તા. 14

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થા સામે અનેક સવાલો ઊભા કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના યુનિવર્સિટી પોલીસ સ્ટેશન હેઠળના વિમલનગર વિસ્તારમાં મોડી રાત્રે એક જમાઈએ પોતાની પત્ની સાથેના અણબનાવનો બદલો લેવા માટે પત્નીના નાના (સગા દાદા સમાન)ની છરીના ઘા મારીને ઘાતકી હત્યા કરી નાખી છે. આ હુમલામાં વચ્ચે પડેલા વૃદ્ધા પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.




આરોપી વિવેક ગોસ્વામી કે જે મૂળ વેરાવળનો વતની છે, તેના લગ્ન થયા બાદ પત્ની સાથે લાંબા સમયથી અણબનાવ ચાલી રહ્યો હતો. ઘરકંકાસના કારણે પત્ની તેના પિયર પક્ષમાં એટલે કે વિમલનગરમાં રહેતા પોતાના નાના પ્રવિણભાઈના ઘરે રહેતી હતી. પત્નીએ સાસરે પાછા જવાની સ્પષ્ટ ના પાડી દેતા વિવેક સતત ઉશ્કેરાયેલો રહેતો હતો. તે અવારનવાર પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો હતો. આ મામલે ભોગ બનનાર પરિવાર દ્વારા અગાઉ યુનિવર્સિટી પોલીસ મથકમાં લેખિત અરજી પણ કરવામાં આવી હતી.

ગઈકાલે મોડી રાત્રે આરોપી વિવેક ગોસ્વામી હાથમાં છરી જેવા ઘાતક હથિયાર સાથે વિમલનગરમાં આવેલા પ્રવિણભાઈના ઘરે ધસી આવ્યો હતો. ઘરે પહોંચતા જ તેણે પરિવાર સાથે ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી. જોતજોતામાં જ વિવેકે આવેશમાં આવીને પ્રવિણભાઈ પર છરી વડે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. આ હુમલામાં પ્રવિણભાઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ દરમિયાન તેમને બચાવવા વચ્ચે પડેલા પ્રવિણભાઈના પત્ની પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

હત્યાની આ સનસનાટીભરી ઘટનાને અંજામ આપીને આરોપી વિવેક ગોસ્વામી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો છે. બનાવની જાણ થતાં જ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતક પ્રવિણભાઈના શબને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપીને હત્યાનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા માટે અલગ-અલગ પોલીસ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે.

એક પારિવારિક વિવાદ આટલી હદે વકરી શકે છે કે તેમાં એક નિર્દોષ વૃદ્ધે પોતાનો જીવ ગુમાવવો પડે, તે સમગ્ર વિસ્તાર માટે ચર્ચાનો વિષય બન્યો છે. અગાઉ પોલીસને સુરક્ષા માટે અરજી કરવામાં આવી હોવા છતાં, આટલી મોટી ઘટના બની જવી તે પોલીસની નિષ્ક્રિયતા પર પણ અનેક સવાલો ઊભા કરે છે.

### મકાન માલિક અને પાડોશી સાથે છેતરપિંડી, ઠગ ભાડૂત દંપતી ફરાર

## ભાયલીમાં સસ્તો પ્લોટ અપાવવાના નામે ભાડૂતે મકાન માલિકને 34 લાખનો ચૂનો ચોપડ્યો

(એજન્સી) વડોદરા । તા. 14

વડોદરાના ઉંડેરા વિસ્તારમાં રહેતા એક મકાન માલિકને પોતાનો જ ભાડૂત ભારે પડ્યો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ભાયલીમાં સસ્તા દરે પ્લોટ અપાવવાની લાલચ આપીને ભાડૂતે મકાન માલિક પાસેથી ૩૪.૫૨ લાખ રૂપિયા પડાવી લીધા છે. આ ઘટના અંગે જવાહરનગર પોલીસે ભાડૂત વિજય ડામોર અને તેની પત્ની વૈભવી સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

રીલાયન્સ ફાયર વિભાગમાં ફરજ બજાવતા બકુલભાઈ રાઠવાની ફરિયાદ મુજબ, ડિસેમ્બર ૨૦૨૪માં તેમણે પોતાનો મકાનનો ઉપરનો માળ વિજય કસુભાઈ ડામોર નામના શખ્સને ભાડે આપ્યો હતો. વિજય રિયલ એસ્ટેટનું કામ કરતો હોવાથી તેણે બકુલભાઈનો વિશ્વાસ કેળવ્યો હતો. તેણે ભાયલીમાં સસ્તા પ્લોટ અપાવવાની વાતો કરીને અનિલ ગુપ્તા નામના વ્યક્તિ સાથે પરિચય કરાવ્યો હતો.

વિશ્વાસમાં આવીને બકુલભાઈએ પોતાના પીએફ અને બચતના નાણાંમાંથી વિજયને ટુકડે-ટુકડે કુલ ૩૪.૫૨ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. એટલું જ નહીં, વિજયે બકુલભાઈના પાડોશી કુલદીપ રાઠવાને પણ સોલર પેનલનું ટેન્ડર અપાવવાના બહાને ૪.૧૨ લાખ રૂપિયા પડાવ્યા હતા. પરંતુ લાંબા સમય સુધી પ્લોટ કે ટેન્ડર ન મળતા અને વિજયે ગોળ-ગોળ જવાબ આપવાનું શરૂ કરતા ભોગ બનનારાઓને શંકા ગઈ હતી.

પડતાલ કરતા જાણવા મળ્યું કે જે અનિલ ગુપ્તાને પ્લોટનો માલિક ગણાવ્યો હતો, તે ખરેખર વિજયનો પિતરાઈ ભાઈ અજય ડામોર હતો. પોતાની પોલ ખૂલી જવાની જાણ થતા જ વિજય અને તેની પત્ની વૈભવી પરિવાર સાથે ઘર ખાલી કરીને ફરાર થઈ ગયા હતા. એક તરફ પીએફ અને બચતની રકમ ગુમાવનાર મકાન માલિક આઘાતમાં છે, તો બીજી તરફ પોલીસે ઠગ દંપતીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાએ ભાડૂતોની ઓળખ ચકાસ્યા વગર મકાન ભાડે આપતા મકાન માલિકો માટે લાલબત્તી સમાન કિસ્સો બન્યો છે.

### 2400 કિમીનું નેટવર્ક અન્ડરગ્રાઉન્ડ કરવાની કવાયત

## વડોદરા શહેર બનશે 'વાયર ફ્રી': 1500 કરોડના ખર્ચે વાયર અન્ડરગ્રાઉન્ડ થશે

(એજન્સી) વડોદરા । તા. 14

રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી 'વાયર ફ્રી સિટી' અભિયાનના ભાગરૂપે વડોદરા શહેરના લાખો નાગરિકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. મધ્ય ગુજરાત વીજ કંપની (MGVCL) દ્વારા આગામી બે વર્ષમાં ૧૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે શહેરના તમામ વીજ વાયરોને અન્ડરગ્રાઉન્ડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે વીજ કંપની દ્વારા ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.

વડોદરામાં હાલ ૧૧ કે.વી.ની લાઈનોનું ૧૭૦૦ કિમી નેટવર્ક પહેલેથી જ અન્ડરગ્રાઉન્ડ થઈ ચૂક્યું છે, જ્યારે ૩૦૦ કિમી પર હાલ કામગીરી ચાલુ છે. હવે કંપનીનું મુખ્ય ધ્યાન ૨૩૦ વોલ્ટની હળવી દબાણવાળી વીજ લાઈનો પર છે, જે અત્યારે ઘર-ઘર સુધી વીજ થાંભલાઓ દ્વારા પહોંચાડવામાં આવે છે. આ લાઈનોનું અંદાજે ૨૪૦૦ કિલોમીટરનું વિશાળ નેટવર્ક હવે જમીનની અંદર કરવામાં આવશે, જેનાથી શહેરના આકાશી દ્રશ્યો વધુ સ્પષ્ટ અને સુરક્ષિત બનશે.



વીજ કંપનીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ માટે 'હોરિઝોન્ટલ ડ્રિલિંગ ટેકનિક'નો મોટાપાયે ઉપયોગ કરવામાં આવશે. આ ટેકનિકથી રસ્તાઓ પર મોટા ખાડા ખોદ્યા વગર જ જમીનની નીચે વીજ વાયરો પસાર કરી શકાશે. જોકે, જ્યાં જરૂર જણાશે ત્યાં મહાનગરપાલિકાના સહયોગથી ખોદકામ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાની સાથે જ શહેરભરમાં વીજ થાંભલાઓના જાળામાંથી મુક્તિ મળશે. આનાથી માત્ર શહેરી સુંદરતા જ નહીં વધે, પરંતુ ચોમાસા દરમિયાન વારંવાર વીજ લાઈનો તૂટવાની કે શોર્ટ સર્કિટના બનાવોમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે.

**વૃષભ : બ. વ. ઉ.**

બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો.

**મિથુન : ક. છ. ઘ.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે.

**કર્ક : ડ. હ.**

ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશો પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો.

**સિંહ : મ. ટ.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો.

**તુલા : ર. ત.**

બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે.

**વૃશ્ચિક : ન. ય.**

વધુ પડતી કેલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

**મકર : ખ. જ.**

રચનાત્મક શોખ તમને નિરાંતવા રાખશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. તમારા પરિવારના સભ્યો કહે ચે એ દરેક બાબત સાતે તમે કદાચ સહમત નહીં થાવ.

**મીન : દ. ચ. ઝ. થ.**

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

## જાફરાબાદના કડીયાળીમાં પ્રેમસંબંધમાં યુવકની હત્યા



રિપોર્ટર રાકેશ પ્રજાપતિ ખાંભા

જાફરાબાદના કડીયાળીમાં પ્રેમસંબંધમાં યુવકની હત્યા યુવતીને મળવા જતા પિતા સહિતનાએ માર મારી મોતને ઘાટ ઉતાર્યો.રાજેશભાઈ લક્ષ્મણભાઈ બાંભણિયા નામના યુવકનું માર મારવાને કારણે મોત નીપજ્યું.જ્યારે રાજેશભાઈ યુવતીને મળવા ગયા હતા, ત્યારે યુવતીના પિતા સહિત કેટલાક લોકોએ તેમને ઢોર માર માર્યો હતો ગંભીર ઈજાઓને કારણે રાજેશભાઈનું સારવાર દરમિયાન મોત થયું હતું.જાફરાબાદ પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી.

## ખેડૂતોના આંદોલનને સમર્થન આપવા આજે AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને ધારાસભ્ય હેમંત ખવા જેતપરની મુલાકાતે

અમદાવાદ/મોરબી

મોરબીના જેતપર ખાતે ચાલી રહેલા ખેડૂતોના આંદોલનને સમર્થન આપવા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવા જેતપર ઉપવાસ છાવણી ખાતે ખેડૂતોની મુલાકાત લેવા પહોંચ્યા હતા. આ તકે મીડિયા સાથે વાત કરતાં ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ખેડૂતો પોતાના હકો માટે લડી રહ્યા છે, પરંતુ તેમના પર પોલીસ દ્વારા જે પ્રકારના અત્યાચાર કરવામાં આવી રહ્યા છે તે અત્યંત નિંદનીય છે. ખેડૂતોની જમીન પર કબજો કરવા માટે કેટલીક કંપનીઓ સરકાર, ઉચ્ચ અધિકારીઓ અને પોલીસનો દુરુપયોગ કરી રહી છે. ખેડૂતોની જમીનો પર બળજબરીપૂર્વક કામગીરી કરીને તેમની છાતી ચીરી નાખવામાં આવી રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. તેમણે જણાવ્યું



હતું કે એક તરફ મોટા ઉદ્યોગપતિઓ એરપોર્ટ પર વાહન પાર્કિંગ માટે પ્રતિ કલાક ચૂકવી શકે છે, પરંતુ બીજી તરફ ખેડૂતોની વિશાળ જમીનો પર કબજો કરવા છતાં યોગ્ય વળતર ચૂકવવામાં આવતું નથી. અમારી માંગ છે કે ખેડૂતોને પૂરતું અને યોગ્ય વળતર આપવામાં આવે. ગુજરાતભરમાં જમીનની કિંમતો આજે રૂ. 30 થી 40 લાખ પ્રતિ એકર સુધી પહોંચી છે અને આગામી 25 વર્ષમાં તેની કિંમત કરોડોમાં પહોંચવાની છે. તેથી રાજ્ય સ્તરની કમિટી બનાવી ભવિષ્યની કિંમત અને કંપનીઓના નફાને ધ્યાનમાં રાખીને વળતર નક્કી કરવું જોઈએ અથવા અસરગ્રસ્ત ખેડૂતોને કંપનીના નફામાંથી ટકાવારી આપવામાં આવવી જોઈએ.

જો સરકાર આ ન કરી શકે તો ખેડૂતોની મુખ્ય માંગ મુજબ યોગ્ય વળતર તાત્કાલિક આપવું જોઈએ. ત્યાં સુધી કલેક્ટર, એસપી અને આઈજીને અમારી વિનંતી છે કે કોઈપણ ખેડૂતના ખેતરમાં બળજબરીપૂર્વક પ્રવેશ ન કરવામાં આવે અને મહિલાઓ સાથે થતી હેરાનગતિ પણ તાત્કાલિક બંધ કરવામાં આવે. તેમણે જણાવ્યું કે પંકજભાઈ રાણસરિયા અને તેમની ટીમ છેલ્લા સાત દિવસથી ખેડૂતોની વચ્ચે રહીને તેમની લડતમાં જોડાયેલા છે.

ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે જ્યાં જ્યાં ખેડૂતોને જરૂર પડશે ત્યાં આમ આદમી પાર્ટી તેમની સાથે મજબૂતીથી ઊભી રહેશે. આગામી ટ્રેક્ટર રેલી ખેડૂતોની રેલી છે, કોઈ રાજકીય પક્ષની નથી, છતાં ખેડૂતોના હકોની લડતમાં આમ આદમી પાર્ટી સંપૂર્ણ સહયોગ આપશે અને પાર્ટીની ટીમ પણ આ રેલીમાં જોડાશે. તેમણે જણાવ્યું કે અગાઉ પણ દરેક પ્રશ્ને આમ આદમી પાર્ટી ખેડૂતોની સાથે રહી છે અને ભવિષ્યમાં પણ રહેશે. મેં મુખ્યમંત્રીને પત્ર લખીને સમગ્ર ગુજરાતના ખેડૂતોના પ્રશ્નો અંગે ચર્ચા કરવાની માંગ કરી છે. દુર્ભાગ્યે કેટલીક કંપનીઓ અને સરકાર મળીને ખેડૂતોના આંદોલનોને તોડવાનો પ્રયાસ કરે છે, ક્યારેક ફરજી કેસો કરીને તો ક્યારેક થોડા લોકોને વધુ વળતર આપીને ખેડૂતોમાં ભાગલા પાડવાનો પ્રયત્ન થાય છે. તેથી રાજ્ય સ્તરે વિશેષ કમિટી બનાવી અસરગ્રસ્ત ખેડૂતોને ન્યાયસંગત વળતર આપવું જોઈએ. જો કંપનીઓ આજે પ્રતિ યુનિટ રૂ. 8ના દરે આવક મેળવી રહી છે તો આગામી 25થી 30 વર્ષમાં તે આવક અનેકગણી વધવાની છે અને કંપનીઓ કરોડો રૂપિયાનો નફો કમાવાની છે. આવા સંજોગોમાં અસરગ્રસ્ત ખેડૂતોને એક વખતનું વળતર આપવાને બદલે કંપનીના નફામાંથી દર મહિને ટકાવારી પ્રમાણે હિસ્સો આપવામાં આવે તેવી પણ અમારી માંગ છે.

## સુશાસનના ૧૨ વર્ષની ઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકા,જૂનાગઢ દ્વારા શહેરના વોર્ડ નં.૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ ના નાગરિકો માટે "જન કલ્યાણ શિબિર" કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળના સુશાસન, સેવા અને વિકાસના ૧૨ વર્ષ પૂર્ણ થવાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાતી અનેક વિવિધ લોકોપયોગી યોજનાઓ, પ્રવૃત્તિઓ અને વહીવટ પરત્વે શહેરીજનોને ઝડપી સેવા આપવાના હેતુથી જિલ્લા વહીવટી તંત્ર તથા જૂનાગઢ મહા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે તા.૧૩/૦૬/૨૦૨૬ ના રોજ સવારે ૯:૩૦ કલાકે દોમડીયા વાડી, ભૂતનાથ મંદિર પાસે, જૂનાગઢ ખાતે 'જન કલ્યાણ શિબિર' કાર્યક્રમ યોજાયો.આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી.ત્યાર બાદ મહાનુભવોને પુષ્પગુચ્છ આપી કાર્યક્રમ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.જેમાં મેયરશ્રી ધર્મેશભાઈ પોશીયા,ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડિયા,કમિશનરશ્રી પ્રભવ જોષી, ડે. મેયરશ્રી આકાશભાઈ કટારા, શ્રી પલ્લવીબેન ઠાકર, શ્રી કલ્પેશભાઈ અજવાણી, નાયબ કમિશનરશ્રી ડી.જે.જાડેજા તથા જયેશભાઈ વાજા, શહેર ભાજપ પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલિયા,પૂર્વ મેયરશ્રી ગીતાબેન પરમાર, કોર્પોરેટરશ્રી જમકુબેન છાયા,મહાનગર પાલિકા, મામલતદાર કચેરી વગેરેના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.આ તકે ઉપસ્થિત મહાનુભવશ્રી ઓના વરદ હસ્તે પ્રતિકાત્મક સ્વરૂપે સ્ટેજ પરથી વિવિધ યોજનાઓના લાભ વિતરણ કરવામાં આવ્યા હતા.અને શહેરીજનોને વધુમાં વધુ લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. રાજ્ય સરકાર દ્વારા પારદર્શક અને સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતું બનાવવાના આશય સાથે યોજાયેલી આ શિબિરમાં વિવિધ સરકારી વિભાગો અને મહાનગરપાલિકા તંત્ર દ્વારા અલગ-અલગ સેવાઓના સ્ટોલ કાર્યરત કરવામાં આવ્યા હતા. જેમાં સ્થળ પર જ આધારકાર્ડ નોંધણી, આયુષ્માન કાર્ડ, આયુષ્માન વય વંદના કાર્ડ, પી.એમ. સૂર્યઘર યોજના, પી.એમ. સ્વનિધિ યોજના, સખીમંડળ, જનધન યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નાગરિકોની અરજીઓ સ્વીકારવામાં આવી હતી. આ સાથે મામલતદાર કચેરી દ્વારા રેશનકાર્ડમાં નામ ફેરફાર, આવકના દાખલા, જાતિના દાખલા, ઉજ્જવલા યોજના, જુદી-જુદી બેંકો દ્વારા નવા ખાતા ખોલવા, વીજળીકરણ, સ્વરોજગાર યોજનાઓ તેમજ એસ.ટી. વિભાગ દ્વારા માસિક પાસ તથા ઓનલાઈન રીઝર્વેશન જેવી વિવિધ સેવાઓનો લાભ પણ સ્થળ પર પૂરો પાડવામાં આવ્યો હતો. આ શિબિર દરમિયાન વિવિધ સરકારી સેવાઓ અને સહાય મેળવવા માટે નાગરિકો તરફથી કુલ ૧૭૭૯ જેટલી અરજીઓ મળી હતી, જેને વહીવટી તંત્ર દ્વારા જરૂરી આધાર-પુરાવાઓ ચકાસીને ત્વરિત ધ્યાને લેવામાં આવી હતી અને આ તમામ ૧૭૭૯ અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવેલ. આગામી દિવસોમાં (૧) તા. ૧૬/૦૬/૨૦૨૬ ના રોજ ડૉ. આંબેડકર ભવન, સક્કરિયો ટીંબો, દૂબળી પ્લોટ પાસે, જુનાગઢ ખાતે વોર્ડ વિસ્તાર ૮, ૯ અને ૧૦ ના રહીશો માટે રાખવામાં આવી છે. જ્યારે (૨) . તા. ૧૯/૦૬/૨૦૨૬ ના રોજ કયાડા વાડી, પટેલ સમાજ, જોષીપુરા ખાતે વોર્ડ વિસ્તાર ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ના શહેરીજનો માટે આયોજન કરવામાં આવેલ છે.જેમાં સૌ શહેરીજનો વધુમાં વધુ લાભ મેળવે તે માટે મેયરશ્રી દ્વારા અપીલ કરવામાં આવી હતી.

## મહાનગરપાલિકા,જુનાગઢ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સફાઈ અભિયાન તેમજ સ્કૂલમાં સ્વચ્છતા જાગૃતિ માટે રેલી નિયમભંગ કરનારાઓ પાસેથી દંડ વસૂલ કરવામાં આવેલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢના કમિશનરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેનિટેશન શાખાની ટીમ દ્વારા સમગ્ર શહેરમાં એક સઘન સફાઈ ઝુંબેશ તેમજ સ્કૂલો માં વિદ્યાર્થીઓ દ્વારા રેલી નું આયોજન તેમજ સ્વચ્છતા શપથ અને કચરાના વર્ગીકરણ વિશે સમજણ આપવામાં આવી હતી તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિક ચેકિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિશેષ ઝુંબેશ અંતર્ગત જુનાગઢ શહેરના અલગ-અલગ વોર્ડમાં આવેલા મુખ્ય માર્કેટ એરિયા,મેઈન રોડ, સોસાયટી તેમજ તમામ જાહેર અને વધુ અવર જવર થતા સ્થળોની આસપાસ વ્યાપક સફાઈ કામગીરી હાથ ધરીને કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

આ અભિયાન દરમિયાન સેનિટેશન વિભાગના અધિકારીઓ અને સુપરવાઈઝરો અને એસ આઈ ની ટીમે વિવિધ બજારોમાં જઈને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા સ્થાનિક વેપારીઓ,નાના દુકાનદારો તેમજ લારી-ગલ્લાવાળાઓને કાયદાકીય જોગવાઈઓ ની સમજ આપી હતી અને ભવિષ્યમાં પ્લાસ્ટિક બેગ કે અન્ય પ્રતિબંધિત સામગ્રીનો ઉપયોગ ન કરવા અને કાપડ ની થેલી નો ઉપયોગ કરવા માટે કડક સૂચના આપી ચેતવણી આપી હતી.

આ સાથે જ ટીમ દ્વારા શહેરના દરેક વોર્ડમાં આવેલી દુકાનો અને વ્યાપારી એકમોમાં પ્લાસ્ટિકનું આકસ્મિક અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું,રાજ્ય સરકારની 'સ્વચ્છ ગુજરાત, પ્લાસ્ટિક ફ્રી ગુજરાત' ઝુંબેશને વેગ આપવાના ભાગરૂપે તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ નિયમોનું ઉલ્લંઘન કરનારા આસામીઓ સામે કડક વહીવટી કાર્યવાહી કરીને સ્થળ પર જ વેપારીઓ પાસેથી ૬૨ કિલોગ્રામ સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરી કુલ રૂ. ૫૦,૮૦૦/- ની વસૂલાત કરવામાં આવી હતી.

તથા તા.૧૩/૦૬/૨૦૨૬ના રોજવેપારીઓ પાસેથી ૫ કિલોગ્રામ સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરી કુલ રૂ. ૭,૫૦૦/- ની વસૂલાત કરવામાં આવી હતી. મહા નગરપાલિકા દ્વારા જુનાગઢના તમામ પ્રબુદ્ધ નાગરિકો,વેપારી મંડળો અને શાકભાજી-ફળોના વિક્રેતાઓને પર્યાવરણના રક્ષણ માટે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો બહિષ્કાર કરવા અને જુનાગઢને પ્લાસ્ટિક મુક્ત, સ્વચ્છ અને ગ્રીન સિટી બનાવવામાં સંપૂર્ણ સહયોગ આપવા ખાસ અપીલ કરવામાં આવી છે.

## માતાના મઢના જાણીતા વેપારી અગ્રણીનું દુઃખદ અવસાન થતાં શોકની લાગણી ફેલાઈ

મહેશ એલ.સોની નખત્રાણા

માતાના મઢના જાણીતા વેપારી અગ્રણી અને ધીરજ સ્ટોરના સંચાલક શ્રી ધીરજભાઈ રવિલાલ શાહ (ઉ.વ. 52)નું હાર્ટ એટેક કારણે દુઃખદ અવસાન થતાં સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. દેશ-વિદેશમાં ખૂબ જ જાણીતા ધીરજ સ્ટોરના સ્વ.ધીરજભાઈ સ્વભાવે મળતાવડા, હસમુખા અને સેવાભાવી હોઈ માતાના મઢ પંથકમાં ખુબજ લોક ચાહના ધરાવતા હતા . વેપારની સાથે સામાજિક પ્રવૃત્તિઓમાં પણ તેઓ હંમેશા અગ્રેસર રહેતા હતા. તેમના નિધનના સમાચાર મળતા જ માતાનામઢ તેમજ આસપાસ ના રાજકીય, સામાજિક અને વેપારી અગ્રણીઓએ તેમના નિવાસસ્થાને પહોંચી પરિવારને સાંત્વના પાઠવી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

## રક્તદાનના મહાયજ્ઞમાં અગ્રેસર ગિરનારી ગ્રુપ માનવ સેવાનું અનોખું પ્રેરણાસ્ત્રોત

નરેન્દ્ર દવે જૂનાગઢ : જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ માનવસેવાના વિવિધ ક્ષેત્રોમાં અવિરત કાર્ય કરી રહી છે, જેમાં રક્તદાન ક્ષેત્રે તેની સેવા વિશેષ નોંધપાત્ર અને વંદનીય છે. ગિરનારી ગ્રુપ સતત રક્તદાન કરવા અને કરાવવા માટે નિઃસ્વાર્થ ભાવથી કાર્યરત છે. સંસ્થાના પ્રમુખશ્રી સમીરભાઈ દત્તાણી તથા શ્રી સંજયભાઈ બુહેચાના માર્ગદર્શન અને સંયુક્ત પ્રયાસોથી વર્ષ દરમિયાન અનેક રક્તદાન કેમ્પોનું સફળ આયોજન કરવામાં આવે છે. આ કેમ્પો દ્વારા માત્ર રક્તનો જ સંગ્રહ થતો નથી, પરંતુ સમાજમાં માનવતા, સેવાભાવ અને પરોપકારના સંસ્કારોનું પણ સિંચન થાય છે. ગિરનારી ગ્રુપ માટે રક્તદાન માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ જીવન બચાવવાનો પવિત્ર સંકલ્પ છે. જ્યારે કોઈ દર્દીને ઈમરજન્સીમાં લોહીની જરૂરિયાત ઉભી થાય છે, ત્યારે સંસ્થાના કાર્યકરો દિવસ-રાત ની પરવા કર્યા વિના યોગ્ય રક્તદાતાની વ્યવસ્થા કરી દર્દીઓ અને તેમના પરિવારજનો માટે આશાનું કિરણ બની ઉભા રહે છે. સંસ્થાની આ મહાન સેવામાં જૂનાગઢની અન્ય સેવાકીય સંસ્થાઓ, સમાજના આગેવાનો અને જાગૃત નાગરિકો પણ સહભાગી બની બ્લડ સેન્ટરને જરૂરી રક્ત ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. આ સહયોગથી માનવતાનું એક સુંદર અને પ્રેરણાદાયી ચિત્ર સમાજ સમક્ષ ઉપસી રહ્યું છે. ગિરનારી ગ્રુપના કાર્યકરો માટે દરેક રક્તદાતા એક જીવનદાતા સમાન છે. તેમની દૃષ્ટિએ રક્તદાન એ મહાદાન છે, જે કોઈ અજાણી વ્યક્તિના જીવનમાં નવી આશા અને નવજીવનનો સંચાર કરે છે. સમાજસેવાના આ પવિત્ર માર્ગ પર ગિરનારી ગ્રુપ સતત આગળ વધી રહ્યું છે અને માનવતાની સેવા માટે એક જીવંત પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે.

## શ્રી જુનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ - જુનાગઢ દ્વારા સર્વજ્ઞાતિ વિદ્યાર્થી સન્માન સમારોહ નું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી જુનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ - જુનાગઢ દ્વારા સર્વજ્ઞાતિ વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ-૭ થી ૯ માં ૮૦ % (ટકા) કે તેથી વધુ અને ધોરણ-૧૦ થી ૧૨માં ૭૦ % (ટકા) કે તેથી વધુ માર્ક્સ મેળવેલ હોય તેવાં સર્વ જ્ઞાતિનાં વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. આ અંગેનાં ફોર્મ મેળવવાં માટે 'સેપ કોમ્પ્યુટર', શ્યામ એપાર્ટમેન્ટ, ઓફિસ નં.૦૨, પહેલા માળે, શાલીગ્રામ એપાર્ટમેન્ટની સામે, નવા નાગરવાડા, વણઝારી ચોક, જુનાગઢ ખાતેથી સવારે:- ૧૦:૩૦ થી ૧૨:૩૦ સુધી જ મળશે અને ફોર્મ ભરીને પરત પણ ત્યાંજ આપવાનાં રહેશે. જે વિદ્યાર્થીઓને ગ્રેડ આવેલ હોય એ લોકોએ ફોર્મ ભરવાં નહીં જે કોઈ ભરશે એનું ફોર્મ કેન્સલ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી. ફોર્મ મેળવી અને ભરીને પાછાં આપવાની છેલ્લી તા. ૩૦|૦૬|૨૦૨૬ છે ત્યાર પછી ફોર્મ લેવામાં આવશે નહીં અને કોઈની લાગવગ ચલાવવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.વધુ માહિતી માટે શ્રી નરેન્દ્ર ઘુચલા -મો.૯૪૨૮૫ ૯૨૯૦૭નો સંપર્ક સાંજના ૦૬:૦૦ વાગ્યાં પહેલાં કરવા જણાવ્યું છે.

## શ્રી જુનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ, જુનાગઢ દ્વારા નવમી વખત જુનાગઢ શહેર ઓપન વિવિધ બાળ રમત ગમત સ્પર્ધાનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી જુનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ, જુનાગઢ દ્વારા નવમી વખત જુનાગઢ શહેર ઓપન વિવિધ બાળ રમત ગમત સ્પર્ધાનું તા.૧૬|૦૮|૨૦૨૬ ને રવિવારે સવારે - ૧૦:૩૦ કલાકે શ્રી ગાયત્રી મંદિર, ગાયત્રી શક્તિપીઠ, ગિરનાર રોડ - જુનાગઢ ખાતે આયોજન કરવામાં આવ્યું છે, આ સ્પર્ધામાં આઠ વર્ષથી વીસ વર્ષ સુધીનાં તમામ બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધાનું નામ: (૦૧) લીંબુ ચમચી (૦૨) સંગીત ખુરશી (૦૩) કોથળા દોડ (૦૪) દેડકાં દોડ (૦૫) દોરડાં ખેંચ (૦૬) પાસીંગ ઘ બોલ, આ ૬ (છ) સ્પર્ધામાંથી કોઈપણ એક સ્પર્ધામાં ભાગ લઈ શકાશે.આ સ્પર્ધામાં ભાગ લેવા માટે છેલ્લી તા.૩૦|૦૬|૨૦૨૬ સુધીમા નામ નોંધાવવાનું રહેશે. ત્યાર બાદ નામ અથવા ફોર્મ લેવામાં આવશે નહી.આ સ્પર્ધામાં ભાગ લેવા માટેનાં ફોર્મ મેળવવા માટે સોની નરેન્દ્ર રમેશભાઈ ઘુચલા, (મો. ૯૪૨૮૫ ૯૨૯૦૭) શ્રી વિહોદાય કૃપા, બ્લોક નં.૨૦, સરયુ એપાર્ટમેન્ટ ની પાછળ, દુર્વેશનગર, જલારામ સોસાયટી - જુનાગઢ નો સંપર્ક બપોરે :- ૦૧ થી ૦૪ સુધીમાં જ કરવા જણાવ્યું છે.

## ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ પણ જોડાશે : મનોજ સોરઠિયા

આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ વિડીયોના માધ્યમથી જણાવ્યું હતુ કે આજે ગુજરાતના ખેડૂતોની હાલત એવી છે કે એક તરફ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ખાતરોની તંગી, બીજ-વિયારણના વધતા ભાવ અને ખેતી સાથે જોડાયેલી અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ખેડૂતો ખેતી કરીને પોતાનું ઘર ચલાવે છે અને દેશનું પેટ ભરે છે, પરંતુ બીજી તરફ સરકાર ખેડૂતોને કંઈ આપવાને બદલે તેમની પાસેથી છીનવી લેવાની નીતિઓ બનાવી રહી છે. ગુજરાતમાં ખાનગી કંપનીઓ ખેડૂતોની જમીનો કોઈપણ પ્રકારે હસ્તગત કરવા માટે વિવિધ યોજનાઓ લઈને આવી રહી છે.

હાલમાં ખાનગી વીજ કંપનીઓ દ્વારા ખેડૂતોના ખેતરોમાં મોટા ટાવરો ઉભા કરવામાં આવી રહ્યા છે, પરંતુ તેના બદલામાં ખેડૂતોને યોગ્ય વળતર કે કોઈ યોગ્ય સુવિધા આપવામાં આવતી નથી. આ રીતે ખેડૂતોને અન્યાયપૂર્ણ સ્થિતિમાં મૂકવામાં આવ્યા છે અને આજે સમગ્ર ગુજરાતનો ખેડૂત પીડા, દુઃખ અને સંઘર્ષ વચ્ચે પોતાના અધિકારોની માંગ

**અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને વધતા ખેતી ખર્ચ વચ્ચે ખેડૂતો પર વધુ બોજ અસહ્ય**

કરી રહ્યો છે.

આપ નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતુ કે આવતીકાલે 15મી તારીખે વિવિધ ખેડૂત સંગઠનો પોતાના ટ્રેક્ટરો સાથે ગાંધીનગર પહોંચી રહ્યા છે. આ તમામ સંગઠનોને ગુજરાતમાં આમ આદમી પાર્ટી દ્વારા ખુલ્લું સમર્થન આપવામાં આવે છે. આમ આદમી પાર્ટીના તમામ નેતાઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં આ ટ્રેક્ટર રેલીમાં ભાગ લેશે અને સંપૂર્ણ ટેકો આપશે. જ્યાં સુધી આ સમસ્યાનું સમાધાન નહીં થાય અને જ્યાં સુધી સરકાર ખેડૂતોને તેમના હક્ક અને અધિકારો નહીં આપે, ત્યાં સુધી આમ આદમી પાર્ટી ખેડૂતોની સાથે રહેશે અને તેમની દરેક લડાઈમાં સહભાગી બનશે. આવતીકાલે ગાંધીનગર પહોંચનારી આ રેલી અને યાત્રામાં આમ આદમી પાર્ટી પણ જોડાશે, આમ આદમી પાર્ટીના નેતાઓ પણ સામેલ થશે અને ખેડૂતોના હકો માટેની આ લડાઈ મજબૂતીથી લડશે.

## પૂ.મોરારિબાપુના શ્રી મુખેથી કેરળના કોચીમાં 'માનસ મૃત્યુલોક'નો પ્રારંભ



વેળાવદર

કથાનું મંગલાચરણ તારીખ 13 જૂન ના રોજ મનોરથી સ્વ રમાબેન જસાણીના પરિવારના આયોજન હેઠળ કરવામાં આવ્યું.સ્વાગત મનોરથ વ્યક્ત કરતાં પરિવારની દીકરીઓએ પોતાનો ભાવ હિન્દી અને ગુજરાતીમાં પ્રસ્તુત કર્યો. તેમાં તેઓએ કહ્યું પૂજ્ય મોરારિબાપુએ રામકથાના માધ્યમથી અમારું અને અમારા પરિવારનું જીવન બદલ્યું છે . તેના પાયામાં તેમના દાદીમાં પૂજ્ય રમાબેન જસાણી છે. કથાના મનોરથી બનાવવા બદલ તેઓએ પૂજ્ય બાપુનો આભાર પ્રગટ કર્યો.

પૂ.મોરારિબાપુએ કથામાંના સંવાદમાં પ્રવેશ કરતા કહ્યું કે અહીં આ કથાનું નામ 'માનસ મૃત્યુલોક' આપીએ છીએ.

અહીં કથા 42 વર્ષ પહેલાં ગવાઈ હતી અગાઉ સ્વર્ગ અને મૃત્યુ વિશેની કથાઓ પણ ગાઈ સંભળાવાઈ છે. આ ભૂમિ શાંકરીભૂમિ છે કે જ્યાં ભગવાન શંકરાચાર્યનું પ્રાગટ્ય થયું તે કાલડી અહીંથી માત્ર થોડુંક જ દૂર છે.'મંગલ કરની કલી મન હરની' એટલે કે જે મંગળ કરે છે અને હરી લે છે કલી મન હરની મનમાંથી જેનું હરણ થાય છે. મળ નષ્ટ થાય છે પરંતુ તેનું મૂળ નષ્ટ નથી થતું.

મૂળ એટલે નષ્ટ થવું જરૂરી છે કે જ્યાંથી અનિષ્ટોના અંકુરો કરી પ્રફુલ્લિત ન થાય! મૃત્યુ વગર જીવનનો સ્વાદ નથી એટલે મૃત્યુ અનિવાર્ય છે. દરેકે માગવું જોઈએ મૃત્યુ મોક્ષ્યા અમામ્રતા એમ પણ વેદ કહે છે.મૃત્યુથી મહામૃત્યુમાં આપણે પ્રવેશ કરીએ છીએ.

માનસ કહે છે નિજ મન મુકુલ સુધારી. પોતાના જીવનને સુધારવાની વાત કરે છે, નહીં કે અન્યને ઉપદેશ આપવાની !બ્રહ્મા બ્રહ્મલોકમાં હોય,વિષ્ણુ વૈકુંઠમાં હોય તો ભગવાન મહાદેવ એ મૃત્યુલોકમાં છે.બાપુએ પાંચ શિખરોનું પણ મહત્વ સ્થાપિત કર્યું જેમાં કૈલાશ, ગિરનાર આબુ, કામદગીરી અને ગોવર્ધનનો સમાવેશ થાય છે.

## કડકડતી ઠંડી અને ગરમી સામે લડીને કણમાંથી મણ બનાવનાર ખેડૂતો આજે ઝઝૂમી રહ્યો છે: પંકજ રાણસરિયા AAP

અમદાવાદ/મોરબી

આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા પંકજ રાણસરીયાએ આવનારી 15 તારીખે ખેડૂતો દ્વારા આયોજિત ટ્રેક્ટર રેલી મુદ્દે એક વીડિયોના માધ્યમથી વાત કરતા જણાવ્યું હતું કે કડકડતી ઠંડી અને તડકામાં દિવસ રાત મહેનત કરીને કણમાંથી મણ બનાવતો ખેડૂત આજે એક મોટી સમસ્યાનો સામનો કરી રહ્યો છે અને સરકારની સામે બાથ ભીડીને ઝઝૂમી રહ્યો છે. અત્યાર સુધી આપણે જોતા હતા કે પાકના ભાવ મળતા નથી, ખાતરના ભાવ વધી રહ્યા છે, આવી અસંખ્ય પીડાઓથી ખેડૂતો પીડાઈ રહ્યા હોય છે અને હવે ખેડૂત બીજી એક નવી સમસ્યાથી પીડાઈ રહ્યો છે. ખાનગી કંપનીઓ સરકારોને કરોડો રૂપિયાનું ફંડ આપે છે. આવી પ્રાઈવેટ કંપનીઓ ખેડૂતોના કાળજા સમાન જમીન પર ખીલ્લા નાખવાનું કામ કરે છે. તે મુદ્દે આ બહેરી મૂંગી સરકારને જગાડવા માટે સમગ્ર ગુજરાતના એક એક વિસ્તારમાંથી ખેડૂતોએ ટ્રેક્ટર રેલીનું આયોજન કર્યું છે. વધુમાં આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા પંકજ રાણસરીયાએ જણાવ્યું હતું કે આવનારી 15 જૂનના રોજ સમગ્ર ગુજરાતના ખેડૂતો ટ્રેક્ટર લઈને ગાંધીનગર પહોંચશે ત્યારે એક ખેડૂતના દિકરા તરીકે અને આમ આદમી પાર્ટીના આગેવાન તરીકે દરેક ખેડૂતોને હું આહવાન કરું છું કે વધુમાં વધુ સંખ્યામાં આ ટ્રેક્ટર રેલીમાં જોડાઓ. અઢારે વર્ણના તમામ ખેડૂતોની આ લડાઈ છે અને જો આપણે સાથે મળીને લડીશું તો ચોક્કસપણે આપણે આમાં ન્યાય મેળવી શકીશું. કારણ કે આ ભ્રષ્ટાચારી અને તાનાશાહી જે સરકાર છે એ કંપનીઓએ ખરીદેલી પોલીસને આગળ કરીને માતા બહેનો અને દીકરીઓ પર અત્યાચાર ગુજારે છે તેમને લાઠીઓ વડે માર મારવામાં આવે છે, જો આ પરિસ્થિતિમાંથી આપણને બહાર નીકળવું હશે તો ગુજરાતના તમામ ખેડૂતોએ એકજૂટ થવું પડશે અને સરકારની સામે ખભે ખભો મિલાવીને લડવું પડશે. તો ગુજરાતના 54 લાખ ખેડૂતોને વિનંતી કરું છું કે તમામ ખેડૂતો એક સાથે જોડાઈને આવતીકાલની એટલે કે 15 જૂનના રોજ આયોજિત ટ્રેક્ટર રેલીમાં પોતાની એકતા બતાવે.

## ભુજ તાલુકાની પાયરકા પ્રા. શાળાના ગેટને હજુ તાળાં!

મહેશ એલ. સોની નખત્રાણા

એક તરફ સમગ્ર કચ્છ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી થઈ રહી છે, ત્યારે ભુજ તાલુકાના નાનકડા પાયરકા ગામની પ્રાથમિક શાળાના ગેટને હજુ તાળાં લાગેલાં છે. વેકેશન પૂર્ણ થયા બાદ પણ શાળા શરૂ ન થતાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ તંત્રને સવાલ કર્યો છે કે, 'શાળાના ગેટને લગાવેલાં તાળાં ક્યારે ખોલવામાં આવશે?' મળતી માહિતી મુજબ, આશરે ત્રણ વર્ષ પહેલાં પાયરકા ગામની રેગ્યુલર શાળાને વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાના કારણે બાજુના મખણા ગામની પ્રા. શાળામાં મર્જ કરી દેવામાં આવી હતી. મખણા અને પાયરકા વચ્ચે 6 કિમીનું અંતર છે. જ્યારે RTE ના નિયમ મુજબ 3 કિમી કે તેથી ઓછા અંતરે આવેલી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય તો જ મર્જ કરી શકાય છે. પાયરકાની આસપાસની તમામ શાળાઓનું અંતર 5 થી 6 કિમી છે, તેમ છતાં આ શાળાને મર્જ કરાઈ છે.

## મોંઘા પેટ્રોલમાંથી મળશે રાહત, 6 અઠવાડિયામાં કંપનીઓ આ માટે ગાડીઓ લોન્ચ કરશે

# 100% ઈથેનોલથી ચાલશે ગાડીઓ, સરકારે આપી મંજૂરી

(એજન્સી) નવી દિલ્હી | તા.14

કેન્દ્ર સરકારે દેશમાં 100% શુદ્ધ ઈથેનોલને ઇંધણ તરીકે ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ શનિવાર, 13 જૂને નાગપુરમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ માહિતી આપી.

તેમણે જણાવ્યું કે આ નિર્ણય સાથે જોડાયેલા નિયમો અને રેગ્યુલેશન્સને અંતિમ રૂપ આપતી ફાઈલ પર તેમણે સહી કરી દીધી છે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશની ક્રૂડ ઓઈલ (ફોસિલ ફ્યુઅલ)ની આયાત પર નિર્ભરતા ઘટાડવાનો અને ટ્રાન્સપોર્ટ સેક્ટરમાંથી થતા પ્રદૂષણને રોકવાનો છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે દેશના ઓટોમોબાઈલ સેક્ટરે આ બદલાવને સ્વીકારી લીધો છે અને ઘણી મોટી કંપનીઓ 100% ઈથેનોલથી ચાલતા વાહનો બજારમાં ઉતારવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

ગડકરીના મતે, ટોયોટા, સુઝુકી, MG અને હ્યુન્ડાઈ સહિત અન્ય કંપનીઓ આગામી 6 અઠવાડિયાની અંદર પોતાના એવા નવા મોડલ્સ ભારતીય બજારમાં લોન્ચ કરવા જઈ રહી છે જે સંપૂર્ણપણે ઈથેનોલ પર ચાલશે.

નિતિન ગડકરીએ ભારપૂર્વક જણાવ્યું કે ઈથેનોલ પેટ્રોલની સરખામણીમાં



સસ્તો અને ટકાઉ વિકલ્પ બની શકે છે. ભારત હાલમાં તેની જરૂરિયાતનો મોટો હિસ્સો વિદેશોમાંથી ક્રૂડ ઓઈલ આયાત કરીને પૂરો કરે છે, જેનાથી દેશના ખજાના પર નાણાકીય બોજ પડે છે.

100% ઈથેનોલના આગમનથી માત્ર સામાન્ય જનતાને મોંઘા પેટ્રોલમાંથી રાહત મળશે એટલું જ નહીં, પરંતુ ભારતનું ભારે ઈંધણ આયાત બિલ પણ મોટા પ્રમાણમાં ઘટશે.

ઈથેનોલ એક પ્રકારનો આલ્કોહોલ છે, જે સ્ટાર્ચ અને સુગરના ફર્મેન્ટેશનથી બનાવવામાં આવે છે. તેને પેટ્રોલમાં ભેળવીને વાહનોમાં ઈકો-ફ્રેન્ડલી ઈંધણ તરીકે ઉપયોગમાં લેવાય છે. ઈથેનોલનું ઉત્પાદન મુખ્યત્વે શેરડીના રસમાંથી થાય છે, પરંતુ સ્ટાર્ચ ધરાવતી સામગ્રીઓ જેવી કે મકાઈ, સડેલા બટાકા, કસાવા અને સડેલી શાકભાજીમાંથી પણ ઈથેનોલ તૈયાર કરી શકાય છે.

ટ્રાન્સપોર્ટ સેક્ટરમાંથી થતા કાર્બન ઉત્સર્જનને ઘટાડવા માટે સરકાર સતત પગલાં લઈ રહી છે. આ જ કડીમાં ગયા અઠવાડિયે સરકારે ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો માટે E85 ઈંધણ રજૂ કર્યું હતું. દિલ્હીમાં E85 ફ્યુઅલની કિંમત 82.12 પ્રતિ લિટર નક્કી કરવામાં આવી છે. આ દિલ્હીમાં વેચાતા રેગ્યુલર E20 પેટ્રોલ કરતાં પૂરા 20 ઓછા છે.

આ ઈંધણ એક એવું મિશ્રણ છે જેમાં 85% સુધી ઈથેનોલ અને 15% પેટ્રોલ ભેળવવામાં આવે છે. હવે 100% ઈથેનોલને મંજૂરી મળવાથી દેશમાં ગ્રીન એનર્જી અને બાયોફ્યુઅલના સેક્ટરમાં એક નવો અધ્યાય શરૂ થઈ ગયો છે.

## 3/20/30/40 નિયમથી ઘર લેવાની તૈયારી કરો : વાર્ષિક કમાણીના 3 ગણાથી વધુ મોંઘું ઘર ન ખરીદો

(એજન્સી) નવી દિલ્હી | તા.14



ઘર ખરીદતા પહેલા નાણાકીય યોજના બનાવવી એ ઘર માટે બ્લુપ્રિન્ટ ડિઝાઈન કરવા જેવું છે. એક યોગ્ય યોજના સાથે પહેલીવાર ઘરની ખરીદી તમને નાણાકીય સંકટ અને તણાવથી દૂર રાખે છે. પહેલીવાર ઘર ખરીદનારાઓ માટે 3/20/30/40 નિયમ છે. અહીં આપણે જાણીએ છીએ કે તે કેવી રીતે કામ કરે છે.

વાર્ષિક કમાણીના 3 ગણાથી વધુ મોંઘું ઘર ન લો: ઘરની કિંમત તમારી વાર્ષિક આવકના 3 ગણાથી વધુ ન હોવી જોઈએ. એટલે કે, જો તમે વાર્ષિક 12 લાખ કમાઓ છો, તો 36 લાખ સુધીના ઘર ખરીદવાની તૈયારી કરો.

20 વર્ષ કે તેથી ઓછા સમયની લોન લો. તમે લોનને ઝડપથી ચૂકવી શકશો અને સમય જતાં વ્યાજ પર મોટી રકમ બચાવી શકશો. તમારે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે તમારા નવા ઘરની EMI તમારી માસિક આવકના 30%થી વધુ ન હોય. ધારો કે તમે દર મહિને 1 લાખ કમાઓ છો, તો EMI 30 હજારથી વધુ ન હોવી જોઈએ. આનાથી તમે તમારા બાકીના ખર્ચાઓ ચલાવી શકશો. તમે ઘરની કિંમતના ઓછામાં ઓછા 40% ડાઉન પેમેન્ટ કરવાનું લક્ષ્ય રાખો. જો તમે 50 લાખનું ઘર લેવાનું આયોજન કર્યું છે, તો 40% ડાઉન પેમેન્ટ બચાવવાની જરૂર છે, જે 20 લાખ છે. આ મોટી રકમ બચાવવામાં થોડો સમય લાગી શકે છે, પરંતુ તેનાથી તમે વ્યાજના બોજને ઘટાડી શકો છો.

SBI, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા સહિત અન્ય ઘણી બેંકો 8% થી ઓછા વ્યાજ દરે હોમ લોન આપી રહી છે. બેંક ઓફ ઈન્ડિયામાં હોમ લોનનો વ્યાજ દર 7.80% થી શરૂ થઈ રહ્યો છે.

## News Brief

### NSE IPO પર મોટી અપડેટ ! આ અઠવાડિયે ફાઈલ થઈ શકે છે DRHP

NSE તેના પ્રારંભિક IPO દસ્તાવેજો - ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) આગામી અઠવાડિયે બજાર નિયમનકાર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) સમક્ષ ફાઈલ કરી શકે છે. શેરબજારના રોકાણકારો દેશના સૌથી મોટા એક્સચેન્જ, નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)ના IPOની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તે રાહ હવે વાસ્તવિકતાની નજીક હોય તેવું લાગે છે. NSE તેના પ્રારંભિક IPO દસ્તાવેજો - ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) આગામી અઠવાડિયે બજાર નિયમનકાર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) સમક્ષ ફાઈલ કરી શકે છે. આ પગલું લગભગ એક દાયકાથી અટકેલી લિસ્ટિંગ પ્રક્રિયામાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. PTI અનુસાર, NSEનો DRHP 15 અથવા 16 જૂને ફાઈલ કરી શકાય છે. આ IPOમાં કોઈ નવા શેર જાહેર કરવામાં આવશે નહીં. આખો ઈશ્યૂ 'ઓફર ફોર સેલ' (OFS) હશે, જેમાં હાલના શેરધારકો તેમના હિસ્સાનું વેચાણ કરશે. NSE ના મુખ્ય શેરધારકોમાં LIC (10.72%), SBI અને SBI કેપિટલ માર્કેટ્સ (7.5%), ટેમાસેક એફિલિએટ અરંડા ઈન્વેસ્ટમેન્ટ્સ અને કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ (CPPIB)નો સમાવેશ થાય છે. NSE એ પહેલી વાર 2016માં IPO માટે અરજી કરી હતી, પરંતુ 'કો-લોકેશન' વિવાદ અને કોર્પોરેટ ગવર્નન્સ સંબંધિત મુદ્દાઓને કારણે SEBI એ મંજૂરી અટકાવી દીધી હતી.

## 10 દિવસમાં રૂ.20,000 થી વધુનો કડાકો


# ચાંદી ઓલ ટાઈમ હાઈથી ₹ 2.10 લાખ તો સોનું 53000 જેટલું સસ્તું થયું

(એજન્સી) અમદાવાદ | તા.14

સોના અને ચાંદીના રોકાણકારો માટે બજારમાંથી રાહતના સમાચાર સામે આવ્યા છે. મધ્ય પૂર્વના તણાવ અને વૈશ્વિક બજારની અસરો વચ્ચે, ઘરેલું અને વાયદા બજાર (MCX) બંનેમાં સોના-ચાંદીના ભાવમાં મોટો કડાકો જોવા મળ્યો છે. ચાંદી તેના ઓલ-ટાઈમ હાઈ લેવલથી ખૂબ જ સસ્તી થઈ ગઈ છે, જ્યારે સોનાના ભાવમાં પણ પાછલા કેટલાક દિવસોમાં હજારો રૂપિયાનો ઘટાડો નોંધાયો છે.

વાયદા બજાર (MCX) પર 3 જુલાઈની એક્સપાયરી વાળી ચાંદીના ભાવમાં ગત સપ્તાહના અંતે નજીવો સુધારો જોવા મળ્યો હતો, પરંતુ એકંદરે આખું અઠવાડિયું તે ઘટાડા તરફ જ રહ્યું હતું.

5 જૂનના રોજ MCX પર ચાંદીનો ભાવ રૂ. 2,48,537 પર ક્લોઝ થયો હતો, જે શુક્રવારે ઘટીને રૂ. 2,46,604 પર બંધ આવ્યો હતો. એટલે કે પ્રતિ કિલોએ 1933 નો ઘટાડો થયો છે.



જૂન મહિનાની શરૂઆતથી જ ચાંદી સતત તૂટી રહી છે. મે મહિનાના અંતિમ ટ્રેડિંગ દિવસે ચાંદીનો ભાવ રૂ. 2,66,998 પ્રતિ કિલો હતો, જે વર્તમાન ભાવની તુલનાએ માત્ર 10 દિવસમાં જ રૂ. 20,394 જેટલો ઘટી ગયો છે.

જાન્યુઆરી મહિનામાં ચાંદીએ પહેલીવાર રૂ. 4,00,000 નો આંકડો પાર કરીને રૂ. 4,57,328 નો રેકોર્ડ હાઈ સ્તર બનાવ્યો હતો. આ ઐતિહાસિક સ્તરથી ચાંદી હાલમાં રૂ. 2,10,724 પ્રતિ કિલો જેટલી સસ્તી મળી રહી છે. ચાંદીની સરખામણીએ પાછલા અઠવાડિયે સોનાના ભાવમાં બહુ મોટી નબળાઈ જોવા મળી છે. MCX પર 5 ઓગસ્ટની એક્સપાયરી વાળું 24 કેરેટ સોનુ (10 Gram) પાછલા 5 દિવસમાં ભારે તૂટ્યું છે.

5 જૂન ના રોજ સોનાનો વાયદો રૂ. 1,55,594 પર હતો, જે શુક્રવારે બંધ થતાં સુધીમાં રૂ. 1,50,675 પર આવી ગયો હતો. આમ, 10 ગ્રામ સોનામાં રૂ. 4919 નો સીધો ઘટાડો થયો છે. 29 મેના રોજ સોનું રૂ. 1,60,911 પર બંધ થયું હતું, જે 12 જૂન સુધીમાં ઘટીને રૂ. 1,50,675 થઈ જતાં 10 જ દિવસમાં કિંમતી પીળી ધાતુ રૂ. 10,236 સસ્તી થઈ ગઈ છે. સોનાએ પણ જાન્યુઆરી મહિનામાં રૂ. 2,04,375 પ્રતિ 10 ગ્રામનો તેનો ઓલ-ટાઈમ હાઈ સ્તર સ્પર્શ કર્યો હતો, જેની સરખામણીએ અત્યારે સોનું રૂ. 53,700 જેટલું સસ્તું થઈ ગયું છે.

## એલોન મસ્કનું ચોંકાવનારું નિવદેન, ભવિષ્યમાં પૈસાની કિંમત નહીં રહે

નવી દિલ્હી: વિશ્વના સૌથી અમીર વ્યક્તિ એલોન મસ્કની સંપત્તિમાં સ્પેસએક્સના IPO પછી રેકોર્ડતોડ વધારો થયો છે. ફોર્બ્સે IPO પહેલા મસ્કની નેટવર્થ આશરે 780 બિલિયન ડોલર અંદાજી હતી, જે હવે 1.1 ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે. ઈતિહાસમાં આટલી મોટી સંપત્તિ મેળવનાર તેઓ પ્રથમ વ્યક્તિ છે. એલોન મસ્ક દુનિયાના બિલિયોનર બનતા લોકો ચોંકી ઉઠ્યા. દુનિયા તેમની સંપત્તિની ગણતરી કરવા લાગી છે. પરંતુ મસ્કનું માનવું છે કે ભવિષ્યમાં પૈસાની કોઈ કિંમત રહેશે નહીં.

તાજેતરના એક કાર્યક્રમમાં બોલતા, તેમણે કહ્યું હતું કે આવનારા સમયમાં પૈસાનું મહત્વ સમાપ્ત થઈ જશે. એલોન મસ્કે કહ્યું કે અત્યારે ડિજીટલ યુગમાં ઓનલાઈન પેમેન્ટ થવા લાગ્યા છે. જ્યારે ભવિષ્યમાં પૈસાની કિંમત જ રહેશે નહી. એક કાર્યક્રમમાં એલોન મસ્કે આપેલા આ નિવેદનની ભારે ચર્ચા થઈ રહી છે. આખરે કેમ ઓલન મસ્ક આવું કહી રહ્યા છે. તેને લઈને લોકો વિચારતા થયા છે.

2026 ના એબ્યુન્ડન્સ સમિટમાં બોલતા, મસ્કે કહ્યું કે ડિજિટલ બાદ અત્યારે AI એ મોટી ક્રાંતિ લાવી છે. ભવિષ્ય AI અને રોબોટ્સનું છે. ભવિષ્યમાં, મશીનો એટલા ઉત્પાદક બનશે કે કામ, આવક અને પૈસા વિશેના પરંપરાગત વિચારો સંપૂર્ણપણે બદલાઈ જશે. આપણી પાસે સાર્વત્રિક ઉચ્ચ આવક હશે. AI અને રોબોટ્સ એટલું બધું કામ કરશે અને સેવાઓ પૂરી પાડશે કે માણસો પૂરતું કરી શકશે. પરિણામે, એક સમય આવશે જ્યારે પૈસા તેનું મહત્વ ગુમાવશે.

જ્યારે મસ્કને પૂછવામાં આવ્યું કે જો પૈસા નહીં હોય તો દુનિયા કેવી રીતે ચાલશે? ત્યારે તેમણે સ્પષ્ટ કર્યું કે AI સિસ્ટમ્સને ડોલર કે રૂપિયા જેવા માનવ ચલણની જરૂર નથી હોતી. તેઓ માત્ર પાવર (શક્તિ), વોટેજ (વીજળી) અને ટન (ઉત્પાદન) ની ભાષા જ સમજે છે. એલોન મસ્કે અગાઉ પણ દાવો કર્યો હતો કે આગામી સમયમાં મનુષ્યોએ આજીવિકા મેળવવા માટે કામ કરવાની કોઈ જરૂર નહીં રહે. રોબોટ્સ તમામ જટિલ અને કંટાળાજનક કાર્યો સંભાળી લેશે. માણસો માત્ર પોતાના શોખ ખાતર શાકભાજી ઉગાડવા જેવી પ્રવૃત્તિઓ કરશે.

## મેમાં ખાદ્ય તેલની આયાત 6 ટકાથી વધુ વધી 13.39 લાખ ટન રહી



મુંબઈ : ક્રુડ સોયાબીન ઓઈલની ઊંચી આયાતને પરિણામે મેમાં દેશની ખાદ્ય તેલની આયાત ૬.૭૦ ટકા વધી ૧૩.૩૯ લાખ ટન રહી હતી. સોલવન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (સી) દ્વારા જાહેર કરાયેલા મેના ડેટા પ્રમાણે, મેમાં ખાદ્ય તેલની આયાત વધી ૧૩,૩૮,૯૩૬ ટન રહી હતી જે ગયા વર્ષના મેમાં ૧૨,૫૪,૮૮૩ ટન રહેવા પામી હતી. ક્રુડ સોયાબીન ઓઈલની આયાતમાં ધરખમ વધારો થતાં ખાદ્ય તેલની એકંદર આયાતમાં વધારો થયો છે. ક્રુડ સોયાબીન ઓઈલની આયાત જે ગયા વર્ષના મેમાં ૩,૯૮,૫૮૫ ટન રહી હતી તે વર્તમાન વર્ષના મેમાં વધી ૪,૯૩,૮૫૪ ટન રહી છે. બિન-ખાદ્ય તેલની આયાત પણ ૧૨૦૪૦ ટન પરથી બમણાથી વધુ વધી ૨૬૨૦૨ ટન રહી હોવાનું સીના ડેટા જણાવે છે. ભારતની વનસ્પતિ તેલની એકંદર આયાત ગત મહિને વાર્ષિક ધોરણે ૮ ટકા વધી ૧૩.૬૫ લાખ ટન રહી હતી. જે ગયા વર્ષના મેમાં ૧૨.૬૭ લાખ ટન જોવા મળી હતી. ૨૦૨૫-૨૬ના વર્તમાન ઓઈલ યરના પ્રથમ સાત મહિનામાં ખાદ્ય તેલની આયાત ૧૩ ટકા વધી ૯૨.૧૭ લાખ ટન રહી છે. પામ ઓઈલ તથા ક્રુડ સોયાબીન ઓઈલના ભાવ વચ્ચેનો તફાવત ઘટી જતા તેલ મિલો દ્વારા ક્રુડ સોયાબીન તેલની આયાત વધુ કરાઈ હતી એમ સીના સુત્રોએ જણાવ્યું હતું.

## વ્યાજ ખર્ચ ઘટતા કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં તેજી

મુંબઈ : બોન્ડ પર નીચી યીલ્ડને કારણે બોરોઈંગ ખર્ચ નીચો રહેતા વિતેલા સપ્તાહમાં કોર્પોરેટસ દ્વારા બોન્ડસ મારફત નોંધપાત્ર રકમ ઊભી કરાઈ હોવાનું જોવા મળ્યું છે. પ્રાપ્ત ડેટા પ્રમાણે વિતેલા સપ્તાહમાં કંપનીઓએ બોન્ડસ જારી કરી રૂપિયા ૨૭૦૦૦ કરોડની રકમ ઊભી કરી છે.આ ઉપરાંત આગામી સપ્તાહમાં પણ હુડકો, આરઈસી તથા સિડબી જેવા ઉપક્રમો બોન્ડસ જારી કરી એકંદર રૂપિયા ૧૩૦૦૦ કરોડ ઊભા કરવા યોજના ધરાવે છે.

એફસીએનઆર(બી), એકસટર્નલ કમર્સિઅલ બોરોઈંગ્સ તથા અન્ય ચેનલો મારફત ઈન્ફલો વધારવા રિઝર્વ બેન્ક દ્વારા તાજેતરમાં કેટલાક પગલાં જાહેર કરાતા ઊંચા રેટિંગ સાથેના કોર્પોરેટ બોન્ડસ પરની યીલ્ડ ૭૦ બેઝિસ પોઈન્ટ જેટલી ઘટી ગઈ છે.




નીતિવિષયક ટેકાને કારણે ફન્ડિંગની સ્થિતિ સ્થિર થશે તેવો બજારમાં વિશ્વાસ વધી રહ્યો છે.

રિઝર્વ બેંક દ્વારા વિદેશી ચલણ બિન-નિવાસી બેંક થાપણો, બાહ્ય વાણિજ્યિક ઉધાર અને અન્ય માર્ગો દ્વારા મૂડી એકત્ર કરવા માટે તાજેતરના પગલાં અને નીતિગત સમર્થન મૂડી એકત્ર કરવાની સ્થિતિમાં સુધારો કરવામાં અને રૂપિયાને સ્થિર કરવામાં મદદ કરશે. સારા રેટિંગવાળા કોર્પોરેટ બોન્ડ્સ પરની ઉપજમાં આશરે ૫૦ થી ૭૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો થયો છે.

આ અઠવાડિયે, ૧૦-વર્ષના સરકારી બોન્ડ્સ પરની ઉપજમાં આશરે ૯ બેસિસ પોઈન્ટનો ઘટાડો થયો છે.

કોર્પોરેટ બોન્ડ ઈશ્યુઅર્સ અનુકૂળ સમયે તેમની મૂડી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે બોન્ડ માર્કેટ તરફ વળ્યા છે. તાજેતરમાં ફ્લોટિંગ રેટ સ્ટ્રક્ચર્સની મજબૂત માંગ હતી, ત્યારે ઘણા બોન્ડ ઈશ્યુઅર્સ હવે બેન્ચમાર્ક દરોમાં ફેરફારનું જોખમ લેવાને બદલે વર્તમાન ઉપજ પર મૂડી એકત્ર કરવામાં આરામદાયક છે.

ઊંચા યીલ્ડને કારણે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ બે મહિનામાં બોન્ડ બજાર સુસ્ત રહી હતી. ઊંચા વ્યાજ ખર્ચને ધ્યાનમાં રાખી કંપનીઓ બેન્ક લોન્સને પ્રાધાન્ય આપી રહી હતી.

## મેમાં મોબાઈલ ફોનના વેચાણમાં 35%નો ઘટાડો :જાન્યુઆરી અને મે વચ્ચે સ્માર્ટ ફોનના સરેરાશ ભાવમાં ૨૦ ટકાનો વધારો થયો

અમદાવાદ : મે મહિનામાં મોબાઈલ ફોનના વેચાણમાં વાર્ષિક ધોરણે ૩૦-૩૫ ટકાનો રેકોર્ડ ઘટાડો જોવા મળ્યો છે. આનું કારણ એ છે કે કંપનીઓ નવેમ્બર ૨૦૨૫ થી દર મહિને ભાવમાં વધારો કરી રહી છે જેથી મેમરી ચિપના વધતા ખર્ચને પહોંચી વળાય. હાલમાં, આફલાઈન વેચાણ કુલ વેચાણના ૬૦ ટકા હિસ્સો ધરાવે છે, બાકીનો હિસ્સો આનલાઈન વેચાણમાંથી આવે છે. એકંદરે, આનલાઈન અને આફલાઈન વેચાણ બંનેમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળશે. કાઉન્ટરપોઈન્ટ રિસર્ચ અનુસાર, મે મહિનામાં શિપમેન્ટમાં વાર્ષિક ધોરણે ૧૫-૨૦ ટકાનો ઘટાડો થયો છે. જૂનમાં પણ આવો જ ઘટાડો થવાની ધારણા



છે. ૨૦૨૬ ના પ્રથમ ક્વાર્ટરમાં, એટલે કે માર્ચમાં, મોબાઈલ શિપમેન્ટમાં ૩ ટકાનો ખૂબ જ નાનો ઘટાડો જોવા મળ્યો હતો. જો કે, બીજા ક્વાર્ટરમાં ૧૫ ટકાથી વધુનો તીવ્ર ઘટાડો થવાની ધારણા છે. આ મુખ્યત્વે સતત ભાવ વધારાને કારણે છે.

કાઉન્ટરપોઈન્ટ મુજબ, જાન્યુઆરી અને મે વચ્ચે સ્માર્ટફોનના સરેરાશ ભાવમાં ૨૦ ટકાનો વધારો થયો છે, અને આ વધારો ગયા વર્ષે ભાવ વધારા ઉપરાંત છે. રિટેલ વેપારીઓ કહે છે કે કેટલાક કિસ્સાઓમાં એકંદર અસર ૪૦-૪૫ ટકા જેટલી ઊંચી રહી છે.

## નવા સપ્તાહમાં સેન્સેક્સ 73255 થી 76288 વચ્ચે અથડાશે

મુંબઈ : ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે ડિલ કરવાની તૈયારીમાં હોવાના અને ઈરાન આવી કોઈ વાત નહીં હોવાના નિવેદન અને બીજી તરફ પાકિસ્તાન જીનીવામાં કરાર થવાની વાત કરતાં રહીને સતત વિશ્વને બાનમાં રાખી વૈશ્વિક બજારોને અનિશ્ચિતતામાં જ ગરકાવ રાખી રહ્યા છે. વિશ્વ બજારોમાં જાણે નિવેદનોના નામે મોટો જુગાર રમાઈ રહ્યો હોય એમ ક્રુડ ઓઈલ, વૈશ્વિક શેર બજારો, સોના-ચાંદીમાં મોટી ઉથલપાથલ થતી જોવાઈ રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે ભારતીય શેર બજારોમાં શુક્રવારે મોટી તેજી જોવાઈ છે. કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના દેશમાં ડોલરિયો રોકાણ પ્રવાહ ફરી વહેતો થાય અને એફઆઈઆઈની શેરોમાં વેચવાલીરૂપી ઓટ અટકે એ માટેના પ્રોત્સાહનોના પગલાંની પોઝિટીવ અસર જરૂર જોવાઈ છે. પરંતુ ડોલર સામે રૂપિયો ફરી નબળો પડવાનું જોખમ, ક્રુડ ઓઈલના ભાવ ઘટયામથાળેથી ફરી વધી આવવા અને ઘર આંગણે ચોમાસું આ વખતે સામાન્યથી નબળું રહેવાના અંદાજોએ ચોમાસાની પ્રગતિ પર આગામી દિવસોમાં બજારની નજર રહેશે. જીઓપોલિટીકલ ટેન્શન, ક્રુડ ઓઈલના ભાવ, ચોમાસા સહિતના પરિબળો પર નજરે આગામી નવા સપ્તાહમાં નિફટી સ્પોટ ૨૨૯૧૧થી ૨૩૮૬૬ વચ્ચે અને સેન્સેક્સ ૭૩૨૫૫ થી ૭૬૨૮૮ વચ્ચે અથડાતા જોવાઈ શકે છે.

## કંપનીઓએ R&Dમાં ભારે રોકાણ કરવાની જરૂર

## AI ક્ષેત્રે રોકાણ નહીં કરાય તો વિદેશી કંપનીઓ બજાર પર કબજો જમાવશે

અમદાવાદ : દેશમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સ (એઆઈ) ક્ષેત્ર માં રોકાણ વધ્યું છે, પરંતુ ઈન્ફોસિસના ભૂતપૂર્વ મુખ્ય નાણાકીય અધિકારી મોહનદાસ પાઈ કહે છે કે સ્થાપિત અને સ્થાપિત વ્યવસાયોએ આ ઉભરતી ટેકનોલોજીમાં ભારે રોકાણ કરવાની જરૂર છે, નહીં તો વિદેશી કંપનીઓ બજાર પર કબજો કરશે.

તેમણે કહ્યું હતું કે ભારતની ટોચની ૧૦ કંપનીઓએ એઆઈમાં ભારે રોકાણ કરવાની જરૂર છે, કારણ કે એઆઈ તેમના વ્યવસાયો માટે ખતરો ઉભો કરી શકે છે. તેઓ બધા ચિંતિત છે અને તેમને વધુ નાણાં રોકાણ કરવાની જરૂર છે. આપણે નવીનતા માટે વધુ નાણાં ફાળવવાની જરૂર છે.

દેશમાં સંશોધન અને વિકાસમાં રોકાણ અંગે, પાઈએ કહ્યું કે જ્યારે સરકાર તેના કુલ સ્થાનિક ઉત્પાદનના આશરે ૦.૭ ટકા ખર્ચ કરે છે, ત્યારે આ ખર્ચ આશરે ૩ થી ૪ ટકા સુધી વધારવો જોઈએ. ખાનગી ક્ષેત્ર એ પણ સંશોધન અને વિકાસમાં



પોતાનું રોકાણ વધારવું જોઈએ. જ્યારે વૈશ્વિક સ્તરે ઘણા બધા હોરિઝોન્ટલ એઆઈ ટૂલ્સ અને એપ્લિકેશનો ઉપલબ્ધ છે, ત્યારે વટકલ એઆઈ દેશ માટે વધુ સારો વિકલ્પ સાબિત થઈ શકે છે.

ટીસીએસ, ઈન્ફોસિસ અને અન્ય મોટી કંપનીઓએ વર્ટિકલ એઆઈમાં રોકાણ કરવાની જરૂર છે. આ કંપનીઓ મોટા પાયે એઆઈ પ્લેટફોર્મ બનાવવામાં અબજો ડોલરનું રોકાણ કરી શકે છે, પરંતું તેઓ આ ક્ષેત્રમાં અમેરિકન મોટી ટેક કંપનીઓના વર્ચસ્વ સાથે સ્પર્ધાકરી શકવાની સ્થિતિમાં નથી.

## વધઘટ | ક્રૂડ તેલમાં આંચકા પચાવી ઘટયા મથાળે બે તરફી વધઘટ

# સોનામાં વિશ્વ બજાર પાછળ આગેકૂચ : ચાંદી રૂપિયા અઢી લાખને આંબી ગઇ

મુંબઈ : મુંબઇ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે સોના- ચાંદીના ભાવમાં તેજી આગળ વધી હતી. વિશ્વ બજારના જાણકારોના જણાવ્યા મુજબ અમેરિકા તથા ઈરાન વચ્ચે શાંતિની શક્યતા વધતાં તથા વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ફંડોની લેવાલી વધી છે. વિશ્વ બજારમાં સોના- ચાંદીના ભાવ વધતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચી રહેતા દેશના ઝવેરી બજારો ફરી ઉંચા થતા જોવા મળ્યા છે.

દરમિયાન, ક્રૂડ તેલના ભાવ આચકા પચાવી અથડાતા રહ્યા હતા. મુંબઇ કરન્સી બજારમાં બંધ બજારે રૂપિયા સામે આજે ડોલરના ભાવ વધ્યા હતા. દરમિયાન, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂા. ૫૦૦ વધી ૯૯૫ના ભાવ રૂા.




૧૫૨૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂા. ૧૫૩૦૦૦ રહ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂા. ૫૦૦૦ ઉછળી રૂા. ૨૫૦૦૦૦ને આંબી ગયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૨૦૯થી ૪૨૧૦ ડોલરવાળા વધી ઉંચામાં ભાવ ૪૨૪૬ થઇ છેલ્લે ભાવ સપ્તાહના અંતે ૪૨૧૯થી ૪૨૨૦ ડોલર રહ્યા હતા.

દરમિયાન, ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઘટી નીચામાં ૯૯.૬૪ થઇ છેલ્લે ૯૯.૮૧ રહ્યો હતો. દરમિયાન, વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંસના ૬૭.૧૯થી ૬૭.૨૦ ડોલરવાળા ઉંચામાં ભાવ ૬૮.૩૫ થઇ છેલ્લે ભાવ ૬૮.૦૨થી ૬૮.૦૩ ડોલર રહ્યા હતા.

મુંબઇ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ રૂા. ૫૦૦ વધી જીએસટી વગર ભાવ ૯૯૫ના રૂા. ૧૪૭૭૦૦ તથા ૯૯૯ના રૂા. ૧૪૮૩૦૦ બોલાઇ રહ્યા હતા જ્યારે મુંબઇ ચાંદીના ભાવ રૂા. ૨૪૨૫૮૨થી વધી રૂા. ૨૪૬૩૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૭૨૩થી ૧૭૨૪ વાળા જો કે ઘટી નીચામાં ભાવ ૧૬૯૪ થઇ છેલ્લે ભક્ષાવ ૧૭૨૦થી ૧૭૨૧ ડોલર રહ્યા હતા.

પેલેડીયમના ભાવ ઔંસના ૧૩૧૦થી ૧૩૧૧ વાળા નીચામાં ભાવ ૧૨૬૦ થઇ ૧૨૮૫થી ૧૨૮૬ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે ૨.૭૦ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, ઘરઆંગણે ફોરેક્સ રિઝર્વ ઘટતાં મુંબઇ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂા. ૯૫.૧૧ વાળા વધી રૂા. ૯૫.૧૭થી ૯૫.૧૮ બોલાતા થયાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવ શુક્રવારે ઝડપી તૂટયા પછી હવે નીચા મથાળે બેતરફી વધઘટે અથડાતા જોવા મળ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૮૭.૩૫ ડોલરવાળા નીચામાં ૮૫.૮૦ થઇ ૮૭.૩૩ ડોલર રહ્યા હતા.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ વદ-15

# રાજ્યસભા ચૂંટણી પછી ભાજપની તાકાત કેટલી વધી

રાજ્યસભા ચૂંટણીના પરિણામો આવતા પહેલા જ એનડીએએ જ્વલંત બહુમતી મેળવી લીધી છે. ગઠબંધનના ૧૫થી વધુ ઉમેદવારો નિર્વિરોધ ચૂંટાઈ ગયા છે. ભાજપને મધ્યપ્રદેશમાં ત્રણે બેઠકો પર જીત મળી છે. બીજી તરફ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સહિત ઘણા વિરોધપક્ષના નેતાઓ નિર્વિરોધ ચૂંટાયા છે. બાકીની બેઠકો પર ૧૮મી જૂને મતદાન થશે. ઝારખંડની બે બેઠકો માટે ચૂંટણી ટક્કરવાળી બનશે. મિઝોરમની એક બેઠક માટે ચૂંટણી ૧૮મી જૂને થશે. ૧૦ રાજ્યોની ૨૪ રાજ્યસભા બેઠકોની ચૂંટણી તથા મહારાષ્ટ્ર, ઓડિશા અને તામિલનાડુની ૧-૧ બેઠકોની પેટા ચૂંટણી માટે ઉમેદવારીપત્રોની તપાસ થઈ ગઈ છે. ઝારખંડ વિધાનસભામાં ઈન્ડિયા ગઠબંધનના ૫૬ ધારાસભ્યો છે અને જીત માટે દરેક ઉમેદવારને ૨૮ પ્રથમ મતોની જરૂર છે.સ્વ. અજીત પવારના પત્ની અને મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી સુનેત્રા પવારએ એનસીપીના ૨૭મા સ્થાપના દિવસે કરેલું સંબોધન ચર્ચામાં છે. એમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે હવે સંગઠનની જવાબદારી નક્કી થશે અને કોઈપણ પ્રકારનું અશિસ્ત ચલાવી લેવામાં નહીં આવે. સ્વ. અજીત પવારના મૃત્યુ પછી એમના વારસદાર તરીકે સુનેત્રા પવારની પસંદગી થઈ હતી ત્યારે કેટલાક એમ કહેતા હતા કે સુનેત્રા પવાર રાબડી દેવીની જેમ ફક્ત ચીઠ્ઠીના ચાકર બની રહેશે. આ માન્યતા ખોટી ઠરી છે. સુનેત્રા પવાર ધીરે ધીરે પક્ષ પર પોતાની પકડ મજબૂત બનાવી રહ્યા છે. પક્ષમાં પણ એમનો મોભો વધી રહ્યો છે. પક્ષના નેતાઓ માની રહ્યા છે કે સુનેત્રા પવાર ફક્ત ચહેરો જ નથી પરંતુ મજબૂત નિર્ણય લેનાર નેતા પણ છે. સંબોધનમાં એમણે કહ્યું હતું કે પક્ષ માટે કામકરનારાઓએ પરિણામ પણ આપવું પડશે અને પક્ષના હિતત સામે કડક પગલા પણ લેવાશે.વિધાનસભાની ચૂંટણીના પરિણામ પછી પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસ વેરવીખેર થઈ ગઈ છે. પક્ષના મોટા ભાગના સાંસદો, ધારાસભ્યો અને કોર્પોરેટરો મમતા બેનર્જીનો સાથ છોડી ગયા છે. દેશની બીજી પાર્ટીઓના નેતાઓ આ બાબતે કોઈ ટીપ્પણી કરવાથી દુર રહ્યા છે. જોકે કોંગ્રેસના બહુ બોલકા સિનિયર નેતા મણીશંકર ઐયર ચૂપ રહે એમ નથી. એમણે મમતા બેનર્જીનું એનલીસીસ પોતાની રીતે કર્યું છે. એમના કહેવા પ્રમાણે મમતાની મર્ક્યુરીયલ પર્સનાલીટી એટલે કે ખુબ તીખી, લાગણીશીલ અને જિદ્દી સ્વભાવ એમની તાકાત પણ છે અને નબળાઈ પણ. ઐયરના કહેવા પ્રમાણે મમતા બેનર્જી આ સ્વભાવને કારણે રાજકીય ઊંચાઈ પર પહોંચ્યા હતા અને આ સ્વભાવને કારણે જ એમનો પક્ષ આજે સંકટમાં છે. મમતાની રાજકીય યાત્રા હજી પુરી થઈ નથી, તેઓ ફરીથી કમબેક કરી શકે છે. બનાવો એટલી ઝડપે બન્યા છે કે બધાને આશ્ચર્ય થયું છે.ઈન્ડિયન રેવન્યુ સર્વિસ (આઈઆરએસ)ના અધિકારી નીશા ઉરાવએ કહ્યું છે કે, ગ્રામસભાની પરવાનગી વગર 'ચંગાઈ સભા' કરી શકાય નહીં. નીશા ઉરાવના કહેવા પ્રમાણે સુપ્રિમ કોર્ટે પણ સ્પષ્ટ કહ્યું છે કે ગ્રામસભા 'ચંગાઈ સભા'ને રોકી શકે છે. નીશા ઉરાવે લોહરદગામાં ડેપ્યુટી કમિશનરને મેમોરન્ડમ આપ્યા પછી કહ્યું હતું કે, જીલ્લા પ્રશાસન ગ્રામસભાની પરવાનગી વગર 'ચંગાઈ સભા'ની પરવાનગી આપે નહીં. ગ્રામસભામાં નિર્ણય સર્વસંમતિથી લેવામાં આવે છે મતલબ કે જો ગ્રામસભાના ૫-૧૦ લોકો પણ વિરોધ કરે તો 'ચંગાઈ સભા' કરી શકાય નહીં. અધિકારીના કહેવા પ્રમાણે મોડલ ગ્રામસભાના નામે એવી વ્યવસ્થા વિકસી રહી છે કે જે આદિવાસી સમાજની પારંપરીક વ્યવસ્થાથી વિપરીત છે. નીશા ઉરાવએ ધર્મપરિવર્તન કરનાર આદિવાસીઓની પારંપરીક હોદ્દાઓ પર ચાલુ રહેવા બાબતે પણ સવાલો કર્યા છે.તામિલનાડુના મુખ્યમંત્રી થલપતિ વિજયએ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સીલની બેઠકમાં પોતાનું પહેલું ભાષણ આપતાં કેન્દ્ર સરકાર પાસે ઘણી માંગણીઓ કરી છે. વિજયએ ચેન્નઈ અને કન્યાકુમારીને જોડનાર હાઈ સ્પીડ રેલ કોરિડોર માટે માંગણી કરી હતી. વિજયના કહેવા પ્રમાણે તામિલનાડુના ઝડપથી વધતા આર્થિક વિકાસ માટે જરૂરી છે કે નેશનલ હાઈવે અને રેલ કોરિડોરનો વિકાસ સમયસર થાય. એમણે કેન્દ્ર પાસે પાંચ મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને મંજૂરી આપવાનો આગ્રહ પણ કર્યો હતો. આ ઉપરાંત વિજયએ પુરના નુકસાનથી બચાવ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ, સ્પેસ મેન્યુફેક્ચરીંગ અને યુવાનોને ટ્રેનિંગ આપવા માટે પણ મોદી સરકાર પાસે મદદ માંગી છે. વિજયએ હાઈવે પ્રોજેક્ટ માટે પણ મંજૂરી માંગી છે.

# જલારામ મંદિરે ગુરુવારની આરતી અને ભજન સત્સંગ ભક્તિભાવ સાથે યોજાયા

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)



શ્રી નખત્રાણા લોહાણા મહાજન સંચાલિત શ્રી દરિયા સ્થાન શ્રી જલારામ મંદિર ખાતે (૧૩૫) માં ગુરુવારની નિયમિત આરતીનો કાર્યક્રમ ભક્તિમય વાતાવરણમાં યોજાયો હતો. ગુરુવારની આરતીના દાતા તરીકે શ્રી જલારામ ભક્ત પરિવારના સભ્યોએ સેવા આપી આરતી ઉતારી હતી.

આ પ્રસંગે પૂજ્ય જલારામ બાપાના ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આરતી પૂર્વે ભજન-સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ ભાવપૂર્વક ભાગ લઈ જલારામ બાપાના ગુણગાન ગાયા હતા. ત્યારબાદ વિધિવત આરતી ઉતારવામાં આવી હતી.

મંદિરના પૂજારી શ્રી રમેશભાઈ જોશી દ્વારા પૂજન વિધિ સંપન્ન કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પધારેલા તમામ ભક્તજનોને દાતા પરિવાર તરફથી પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ શ્રદ્ધા, ભક્તિ અને આધ્યાત્મિક ઉલ્લાસના માહોલમાં સંપન્ન થયો હતો.

## નખત્રાણા તા.પં.ની ઉપપ્રમુખ/કારોબારી ચેરમેન ચેમ્બરને ૧૮/૬ ના રોજ તાળાબંધીનું કોંગ્રેસ દ્વારા એલાન

મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા તાલુકા પંચાયતમાં ભાજપના શાસકો દ્વારા બંધારણીય જોગવાઈઓનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થતાં કોંગ્રેસ પક્ષે આકરો મોરચો માંડ્યો છે. તાલુકા પંચાયત સદસ્ય શ્રી અશ્વિનભાઈ રૂપારેલ (રવાપર) ની આગેવાનીમાં આજે તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી બંધારણ વિરુદ્ધ થતી પ્રવૃત્તિઓ તાત્કાલિક બંધ કરાવવા રજૂઆત કરવામાં આવી છે. બંધારણીય નિયમો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હોવા છતાં અને મુદત આપવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. કોંગ્રેસે ચીમકી ઉચ્ચારી છે કે આગામી તા. ૧૮/૬ ને ગુરુવારે મુદ્દા ૧ થી ૬ ની સામાન્ય સભા પૂર્ણ થયા બાદ ઉપપ્રમુખ તેમજ કારોબારી ચેરમેનની ચેમ્બરને તાળાબંધી કરવામાં આવશે. આ તાળાબંધી અશ્વિન ભાઈ રૂપારેલ (રવાપર), રિદ્ધિબેન નાયાણી (વિથોણ), સલીમભાઈ જીયેજા (દેશલપર-ગુંતલી), કાજલબેન ગઢવી (કોટડા. જ), ઓસામણભાઈ સુમરા (નેત્રા) અને ગીતા

બેન આયર (વંગ) સહિતના કોંગ્રેસી સભ્યો દ્વારા કરવામાં આવશે. કોંગ્રેસની સ્પષ્ટ માંગ છે કે ગેરકાયદે બંધારણ વિરુદ્ધ ચાલતી પ્રવૃત્તિઓ તાત્કાલિક બંધ કરવામાં આવે, અન્યથા વિરોધ પક્ષના નેતાને ચેમ્બર ફાળવવામાં આવે. તાળાબંધી વખતે જિલ્લા અને તાલુકા કક્ષાના કોંગ્રેસના હોદેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. શ્રી અશ્વિન રૂપારેલે જણાવ્યું કે, 'લોકશાહીને કચડી નાખવાના પ્રયાસો અમે સફળ નહીં થવા દઈએ. જો ન્યાય નહીં મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન વધુ ઉગ્ર બનાવીશું.'

શ્રી રૂપારેલ વધુમાં જણાવ્યું હતું કે આ બાબતે તા.૨૨/૫૦૨૦૨૬ ના રોજ પત્ર દ્વારા જાણ પણ કરાઈ હોવા છતા પણ કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા ના છૂટકે તાળાબંધી કાર્યક્રમ કરવાની ફરજ પડી રહી છે.

# લો વોલ્ટેજ અને વીજ વધઘટથી દેશલપર (ગુંતલી)ના ગ્રામજનો પરેશાન

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી બપોરના સમયે વીજ પુરવઠામાં ભારે વધઘટ અને લો વોલ્ટેજની સમસ્યા સર્જાતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. બપોરે આશરે 12 વાગ્યાથી વીજ પ્રવાહ અચાનક ઘટી જતાં ઘરોમાં લાઈટો ડિમ થઈ જાય છે તેમજ પંખા, કુલર અને અન્ય વીજ ઉપકરણોની કામગીરી પર અસર પડે છે.



ગ્રામજનોના જણાવ્યા મુજબ સતત વીજ વધઘટના કારણે ફ્રિજ, એસી, ગીઝર, વોશિંગ મશીન, એલઈડી ટીવી સહિતના મોંઘા વીજ ઉપકરણોને નુકસાન થવાનો ભય સતાવી રહ્યો છે. કાળઝાળ ગરમી વચ્ચે આવી સ્થિતિ સર્જાતા લોકોમાં રોષ અને ચિંતા જોવા મળી રહી છે.ગ્રામજનોને અપીલ કરવામાં આવી છે કે વીજ પુરવઠામાં વધઘટ જણાય ત્યારે સંવેદનશીલ વીજ ઉપકરણો બંધ રાખે અને PGVCL કચેરીમાં ફોન કરી સમસ્યાની જાણ કરે, જેથી તંત્ર સુધી હકીકત પહોંચી શકે.

આ અંગે દેશલપર (ગુંતલી) ગામના માજી ઉપ સરપંચ શ્રી પ્રવિણસિંહ સોઢાએ જણાવ્યું હતું કે ગામની અંદર જ PGVCLનું એસ. એસ. સબ-સ્ટેશન આવેલું હોવા છતાં ગ્રામજનોને લો વોલ્ટેજની સમસ્યા ભોગવવી પડે છે. તેમણે જણાવ્યું કે ગામને અલગ વીજ જોડાણ (ફીડર) આપવામાં આવે તો આ સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકે છે. આ બાબતે તેઓ અગાઉ પણ PGVCL સમક્ષ લેખિત રજૂઆત કરી ચૂક્યા હોવાનું જણાવ્યું હતું.

ગ્રામજનોએ PGVCLના જવાબદાર અધિકારીઓ સમક્ષ તાત્કાલિક પગલાં લઈ દેશલપર (ગુંતલી) ગામની વીજ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગણી કરી છે.

### વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ......

# મહિસાગર જિલ્લામાં 'પ્રગતિપથ યાત્રા'ના બીજા તબક્કાનું ભવ્ય આયોજન.....

જગદીશ ત્રિવેદી | મહીસાગર

વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકારના શ્રેષ્ઠ પ્રોજેક્ટો, વિકાસલક્ષી કાર્યો અને લોક ભાગીદારી આધારિત વિકાસ મોડેલની પ્રત્યક્ષ પ્રતીતિ કરાવવા માટે જિલ્લાના વિવિધ ઉત્કૃષ્ઠ સ્થળો ખાતે 'પ્રગતિપથ યાત્રા'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રાના માધ્યમથી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને માળખાગત સુવિધાઓના વિકાસથી જનસામાન્યને માહિતગાર કરવામાં આવ્યા હતા. પ્રગતિપથ યાત્રા દરમિયાન જિલ્લાના ઐતિહાસિક, પ્રવાસન અને વિકાસલક્ષી મહત્ત્વ ધરાવતા સ્થળો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ પ્રગતિપથ યાત્રાના બીજા તબક્કા અંતર્ગત જિલ્લાના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો અને નાગરિકો દ્વારા ઉત્સાહપૂર્વક સહભાગિતા નોંધાવવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન લુણાવાડા તાલુકા સ્થિત સુપ્રસિદ્ધ કાલિકા માતા મંદિર, બાલાસિનોર ખાતે આવેલ વિશ્વવિખ્યાત રૈયોલી ડાયનાસોર ફોસીલ પાર્ક, ગોધરના સાતકુંડા અને કડાણા સહિતના જિલ્લાના અન્ય ઉત્કૃષ્ઠ સ્થળોએ પ્રવાસ યોજાયો હતો. આ મુલાકાતનો મુખ્ય હેતુ રાજ્યમાં થઈ રહેલા સર્વાંગી વિકાસની ઝલક સમાજની દરેક વ્યક્તિ સુધી પહોંચાડવાનો રહ્યો હતો.

પ્રગતિપથના આ દ્વિતીય તબક્કામાં સમાજના વિવિધ વર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં ખાસ કરીને જિલ્લાના વિદ્યાર્થીઓ, સંતો-મહંતો, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ તેમજ સમાજના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓએ જોડાણ કર્યું હતું. આ મહાનુભાવોએ વિકાસલક્ષી સ્થળોની મુલાકાત લઈ રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવાયેલા પ્રોજેક્ટોની ઝીણવટભરી માહિતી મેળવી હતી.

# યક્ષ ગામે ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે યક્ષ ગામે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી યોજાયેલા આ કાર્યક્રમમાં કાર્યકરો અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

યક્ષ દેવ મંદિરની બાજુમાં યોજાયેલા કાર્યક્રમમાં તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી મુકેશભાઈ રાણવા, મહામંત્રી શ્રી રતનભાઈ સંઘાર, શ્રી નિતીનભાઈ દરજી, મંત્રી શ્રી મનોજભાઈ પિત્રોડા, વડીલ શ્રી દેવશીભાઈ પંચાલ તથા કારોબારી સભ્ય શ્રી મમુભાઈ ખોડાભાઈ રબારી ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત સાયરા (યક્ષ) જૂથ ગ્રામ પંચાયતના પૂર્વ સભ્ય શ્રી ભોવા બાબુભાઈ વેસાભાઈ, શ્રી ભોવા શંકરભાઈ મીઠુભાઈ, શ્રી ભોવા વેલજીભાઈ મંગલભાઈ, શ્રી ભોવા લાખાભાઈ ડોસાભાઈ સહિત ગામના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

કાર્યક્રમ દરમિયાન વિવિધ વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું અને સૌએ પર્યાવરણ જાળવણી તથા હરિયાળા ભવિષ્ય માટે સંકલ્પ લીધો હતો. ઉપસ્થિત આગેવાનોએ વૃક્ષોના મહત્વ અંગે માર્ગદર્શન આપી વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા અપીલ કરી હતી.

"વૃક્ષ વાવો - પર્યાવરણ બચાવો"ના સંદેશ સાથે યોજાયેલ આ કાર્યક્રમ પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિ લાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થયો હતો.

# શૈક્ષણિક ક્ષેત્રે સમીર ફકીરમામદની સિદ્ધિ, કુંભાર સમાજે પાઠવી શુભેચ્છાઓ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકા કુંભાર સમાજ પ્રેરિત અને નખત્રાણા તાલુકા કુંભાર યુવા સમિતિ દ્વારા આયોજિત શૈક્ષણિક સન્માન સમારંભ-2026 અંતર્ગત સમાજના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



આ અંતર્ગત દેશલપર (ગુંતલી) ના સમીર ફકીરમામદ કુંભારે B.Com. સેમેસ્ટર-4ની પરીક્ષામાં 62 ટકા ગુણ મેળવી સફળતા પ્રાપ્ત કરી સમાજનું ગૌરવ વધાર્યું છે. તેમની આ શૈક્ષણિક સિદ્ધિને બિરદાવી નખત્રાણા તાલુકા કુંભાર સમાજ તથા નખત્રાણા તાલુકા કુંભાર યુવા સમિતિ દ્વારા તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે આજના સ્પર્ધાત્મક યુગમાં શિક્ષણ જ સફળતાની ચાવી છે અને સમાજના યુવાનો શિક્ષણ ક્ષેત્રે આગળ વધી રહ્યા છે તે આનંદની બાબત છે. સમીર ફકીરમામદની આ ઉપલબ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બનશે.

સમાજના હોદ્દેદારો અને સભ્યોએ સમીર ફકીરમામદને ભવિષ્યમાં વધુ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેમજ સમાજ અને પરિવારનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા વાંસજાળિયા, જેતલસર, વેરાવળ, સોમનાથ, સાસણ ગીર અને જૂનાગઢ વિસ્તારમાં વ્યાપક સંરક્ષા નિરીક્ષણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભાવનગર તા.૧૪. વપશ્ચિમ રેલવેના મહાપ્રબંધકશ્રી રામાશ્રય પાંડે દ્વારા 13 અને 14 જૂન, 2026ના રોજ ભાવનગર મંડળ હેઠળ આવેલા વિવિધ રેલવે સ્ટેશનો તથા રેલખંડોનું વ્યાપક નિરીક્ષણ કરવામાં આવ્યું. આ દરમિયાન તેમણે યાત્રી સુવિધાઓ, આધારભૂત માળખું, સંરક્ષા, સ્વચ્છતા અને વિકાસ કાર્યોની સમીક્ષા કરી. તેમની સાથે ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. તેમના પ્રવાસની શરૂઆત વાંસજાળિયા રેલવે સ્ટેશનના નિરીક્ષણથી થઈ હતી, જ્યાં તેમણે પ્લેટફોર્મ, યાત્રી સુવિધાઓ તથા રેલવે કર્મચારીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓનું અવલોકન કર્યું. તેમણે સ્ટેશન સંચાલન, આધારભૂત માળખાના જાળવણી કાર્યો, સ્વચ્છતા, યાત્રી સુવિધાઓ તથા કર્મચારીઓના કલ્યાણ સંબંધિત વ્યવસ્થાઓની વિસ્તૃત સમીક્ષા કરી. આ પ્રસંગે તેમણે રેલવે કર્મચારીઓ સાથે સંવાદ કરી તેમની નિષ્ઠા અને સમર્પણની પ્રશંસા કરી તેમજ સંરક્ષિત અને અવરોધમુક્ત રેલ સંચાલન માટે સતત પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો. ત્યારબાદ શ્રી પાંડે દ્વારા જેતલસર રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કરવામાં આવ્યું. તેમણે યાત્રી સુવિધાઓ, સ્ટેશન પરિસરની સ્વચ્છતા, સર્ક્યુલેટિંગ એરિયા તથા સમગ્ર જાળવણી વ્યવસ્થાનું અવલોકન કર્યું. યાત્રિયોને વધુ સારી, સુરક્ષિત અને સુવિધાસભર મુસાફરીનો અનુભવ મળે તે માટે જરૂરી વ્યવસ્થાઓની સમીક્ષા કરી અને સ્ટેશન પરિસરને સ્વચ્છ તથા સુવ્યવસ્થિત રાખવા પર વિશેષ ભાર મૂક્યો. જેતલસર પ્રવાસ દરમિયાન મહાપ્રબંધકે જેતપુરના માનનીય ધારાસભ્ય શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડિયા તથા અન્ય જનપ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી અને વિવિધ રેલવે સંબંધિત મુદ્દાઓ તેમજ વિસ્તારમાં ચાલી રહેલી વિકાસ યોજનાઓ અંગે ચર્ચા કરી. બેઠક દરમિયાન યાત્રી સુવિધાઓના વિસ્તરણ, રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ના ઉન્નતીકરણ તથા ભાવિ વિકાસ યોજના ઓ અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો. મહાપ્રબંધકે જેતલસર સ્ટેશન પર મીડિયા પ્રતિનિધિઓ સાથે પણ સંવાદ કર્યો અને વિસ્તારમાં ચાલી રહેલા વિકાસ કાર્યો અંગે માહિતી આપી. તેમણે યાત્રી સેવાઓના ઉન્નતીકરણ, આધારભૂત માળખાના વિકાસ તથા રેલવે સુવિધાઓના આધુનિકીકરણ માટે પશ્ચિમ રેલવે દ્વારા કરવામાં આવી રહેલા સતત પ્રયાસો અંગે પ્રકાશ પાડ્યો. શ્રી પાંડે દ્વારા સોમનાથ રેલવે સ્ટેશન પર ચાલી રહેલા સ્ટેશન પુનર્વિકાસ કાર્યોનું નિરીક્ષણ કરવામાં આવ્યું. તેમણે પ્રસ્તાવિત સ્ટેશન રૂપાંતરણ દર્શાવતા પ્રોજેક્ટના લઘુ મોડેલનું અવલોકન કર્યું અને કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી.

# અધિક માસમાં ભક્તિનો મહેરામણ ઉમટ્યો: ઓઢવ પાટીદાર સમાજનો ત્રિદિવસીય ધાર્મિક મહોત્સવ સંપન્ન

મહેશ એલ. સોની નખત્રાણા

પુરુષોત્તમ માસ એટલે કે અધિક માસના પાવન પર્વ નિમિત્તે સમસ્ત ઓઢવ પાટીદાર સમાજ દ્વારા આયોજિત ભવ્ય ત્રિદિવસીય ધાર્મિક ઉત્સવ ભક્તિ, શ્રદ્ધા અને આસ્થાના અદ્ભુત સંગમ સાથે સંપન્ન થયો. આયોજન સમિતિના પ્રમુખ માવજીભાઈ સાંખલા અને મહામંત્રી મનસુખભાઈ પટેલના સફળ નેતૃત્વ હેઠળ યોજાયેલા આ ઉત્સવમાં દેશ-વિદેશથી પધારેલા હજારો ભાવિક ભક્તોએ કથા-રસપાનનો લ્હાવો લીધો હતો.પ્રથમ દિવસે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્રિદિવસીય મહોત્સવનો પ્રારંભ પ્રથમ દિવસે 'શ્રી લક્ષ્મીનારાયણ અવતરણ કથા' થી થયો હતો, જેમાં ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીના દિવ્ય ચરિત્રોનું રસપાન કરાવવામાં આવ્યું. બીજા દિવસે 'માં ઉમિયા પ્રાગટ્ય કથા' અંતર્ગત જગતજનની માં ઉમિયાના તેજસ્વી સ્વરૂપ અને માહાત્મ્યનું વર્ણન થતાં સમગ્ર વાતાવરણ 'જય માં ઉમિયા' ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. ત્રીજા અને અંતિમ દિવસે 'શ્રીકૃષ્ણ કથા' ની અમૃતધારાથી ભક્તજનો તરબોળ થયા હતા.

મૂળ ખોંભડી મોટી, હાલ નખત્રાણાના સુપ્રસિદ્ધ શાસ્ત્રી દિલીપભાઈ જોશી દ્વારા કથાનું



સંગીતમય રસપાન કરાવવામાં આવ્યું હતું. તેમની અમૃતવાણી અને ભક્તિસભર શૈલીએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.દરરોજ બપોરે ૩:૦૦ થી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી ચાલેલી આ કથામાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહ્યું 'નવ દુર્ગા વેશભૂષા' નું આયોજન. નાની બાલિકાઓ દ્વારા ધારણ કરાયેલા નવદુર્ગાના વિવિધ સ્વરૂપો જોઈને ભક્તજનો ભાવવિભોર થઈ ઉઠ્યા હતા. સાક્ષાત દેવી સ્વરૂપ ધારણ કરેલી બાલિકાઓના દર્શન કરીને સૌ ધન્યતા અનુભવી રહ્યા હતા. વિદેશમાં વસતા સમાજબંધુઓ અને ભાવિકો પણ આ ધર્મલાભથી વંચિત ન રહી જાય તે માટે સમગ્ર કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું, જેનો લાખો ભક્તોએ ઘરબેઠાં લાભ લીધો હતો.

### નખત્રાણાની ફેમસ દિલખુશ દાબેલીનો સ્વાદ હવે ભુજમાં

# લોકગાયક કિર્તીદાન ગઢવીની પસંદગીની દાબેલી હવે ભુજવાસીઓ માટે

મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છીઓની જીભે વળગે એવો નખત્રાણાની દિલખુશ દાબેલીનો મસાલેદાર સ્વાદ હવે ભુજમાં પણ માણવા મળશે. 1974થી નખત્રાણામાં ધૂમ મચાવતી અને લોકગાયક કિર્તીદાન ગઢવી, ઓસમાણ મીર, સાંઈરામ દવે, રાજભા ગઢવી, તારક મહેતા વાળા આસિત મોદી, વર્તમાન સાંસદ વિનોદ ચાવડા સહિત મોટી સંખ્યામાં સેલિબ્રિટીઓ પણ નખત્રાણા આવે ત્યારે જેની મુલાકાત લેવાનું ન ચૂકે એવી 'દિલખુશ ડબલરોટી - નખત્રાણા વાળા'ની ભુજમાં ગ્રાન્ડ એન્ટ્રી થઈ રહી છે.




'કચ્છના પેરિસ' મુન્દ્રા બાદ હવે ભુજના આંગણે દિલખુશ દાબેલીનો ધમધમાટ શરૂ થશે. કિશોરભાઈ પલણના સથવારે નખત્રાણાની અસલી રેસિપી, સ્પેશિયલ મસાલા અને ઝણઝણાટી લસણની ચટણી સાથેની દાબેલી હવે ભુજવાસીઓની ભૂખ ભાંગશે.

# નર્મદા જિલ્લાના વરાછા ના મનરેગા કૌભાંડ ની તપાસ કલેક્ટર કક્ષાએ થી થાય તેવી માંગણી

રાજપીપલા | નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકા ની વરાછા ગ્રામ પંચાયત માં બોગસ હાજરીપત્રકો બનાવી લાખો રૂપિયા ના ઉચાપત કૌભાંડ ની રજુઆત ના ચાર મહિના બાદ પણ હજુ સુધી તપાસ કરવામાં નથી આવી .પ્રાપ્ત માહિતી મુજબ વરાછા ગ્રામ પંચાયત માં મનરેગા ના કામો માં વ્યાપક ભ્રષ્ટાચાર થયો છે અને બોગસ,હાજરીપત્રકો અને જોબકાર્ડ બનાવી લાખો રૂપિયા ની ઉચાપત થઈ હોવાનું જણાવી ગ્રા.પં . ના ઉપસરપંચ મનીષ પટેલે ગત ફેબ્રુઆરી -26 માં પુરાવા સાથે DDO ને રજુઆત કરી હતી અને પુરાવા પણ રજુ કર્યા હતા . પણ કોઈ તપાસ હજુ સુધી નથી થઈ. ત્યારે મનીષ પટેલે એપ્રિલ મહિના માં કલેક્ટર ને પુનઃ રજુઆત કરતા કલેક્ટર નર્મદા એ આ તપાસ કરવા જિલ્લા પંચાયત ને પત્ર લખ્યો હતો પણ કલેક્ટર ના પત્ર ને પણ અભરાઈ પર ચઢાવી દેવાયો . ત્યારે હવે મનીષ પટેલે કલેક્ટર ને લેખિત રજુઆત કરી મનરેગા કૌભાંડ ની તપાસ કલેક્ટર કક્ષા એ થી થાય તેવી માંગણી કરી છે . ત્યારે. નોંધનીય છે કે આ કૌભાંડ માં જિલ્લા ભાજપ કિસાન મોરચા ના પ્રમુખ ની સંડોવણી બહાર આવતા. રાજકીય દબાણ માં સમગ્ર કૌભાંડ માં ભીનું સંકેલાયુ હોવાનું ગ્રામજનો માં ચર્ચાય છે ત્યારે હવે કલેક્ટર નર્મદા મનરેગા કૌભાંડ ની તપાસ હાથ માં લે છે કે કેમ ? તે જોવું રહ્યું .

# "દીકરી ભણે, સમાજ આગળ વધે" જનજાગૃતિ અભિયાનને લક્ષ્મીપર-નેત્રા ખાતે ગ્રામજનો ઉત્સાહભેર પ્રતિસાદ

મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છ યુનિવર્સિટી સંલગ્ન મહિલા કોલેજ અને એક્સ્ટેન્શન સેન્ટર નેત્રા ખાતે શરૂ થવાના ઐતિહાસિક નિર્ણયના અનુસંધાને 'દીકરી ભણે, સમાજ આગળ વધે' જનજાગૃતિ અભિયાનને વેગ મળ્યો છે. આ અભિયાન અંતર્ગત લક્ષ્મીપર-નેત્રા ગામે યોજાયેલી બેઠકમાં ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

બેઠકમાં મોટી સંખ્યામાં આગેવાનો, યુવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહી દીકરીઓના ઉચ્ચ શિક્ષણ માટે એકસૂરે સમર્થન આપ્યું હતું. નખત્રાણા તાલુકા પંચાયત સભ્ય શ્રી અશ્વિનભાઈ રૂપારેલ

શ્રી ઓસમાણભાઈ સુમરા, શ્રી હરિભાઈ ચારણ ,શ્રી



ઓસમાણભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન વક્તાઓએ દીકરીઓના ઉચ્ચ શિક્ષણનું મહત્વ વિસ્તારથી સમજાવ્યું હતું. નેત્રા ખાતે શરૂ થઈ રહેલી મહિલા કોલેજથી હવે દીકરીઓને ઘર આંગણે જ ઉચ્ચ શિક્ષણની સુવિધા મળશે, જેના કારણે ગામની દીકરીઓનું ભવિષ્ય ઉજ્જવળ બનશે તેવી સૌએ આશા વ્યક્ત કરી હતી. આ અવસરનો લાભ લેવા ગ્રામજનોને અપીલ કરવામાં આવી હતી.

# રાજુલા તાલુકાના બર્બટાણા ગ્રામ પંચાયત દ્વારા પ્રેરણાદાયક પહેલ



કિશોર આર. સોલંકી જાફરાબાદ

આજરોજ બર્બટાણા ગામના સરપંચશ્રી કનુભાઈ બી. કામળીયા, ઉપસરપંચશ્રી મનસુખભાઈ વોરા, સભ્યશ્રી ભુપતભાઈ લાડુમોર, અશોકભાઈ વેલારી, તેમજ VCE કનુભાઈ ભુકણ, શૈલેષભાઈ સાવલીયા, કાળુભાઈ ક્લસરિયા અને અન્ય ગ્રામજનોએ પોતાનો પંચાયત વેરો ભરીને ગામ સમક્ષ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.ગામના વિકાસ માટે પંચાયતની આવક ખૂબ જ જરૂરી છે. રસ્તા, સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણીની સુવિધા, સ્વચ્છતા અને અન્ય જાહેર સુવિધાઓ માટે પંચાયત વેરાની આવકનો ઉપયોગ કરવામાં આવે છે.તેથી બર્બટાણા ગામના તમામ ગ્રામજનોને નમ્ર અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાની નાગરિક ફરજ સમજીને પોતાનો બાકી પંચાયત વેરો વહેલી તકે ભરી જાય અને ગામના વિકાસમાં સહભાગી બને. જવાબદારીની શરૂઆત પોતાનાથી‘ ના સંદેશ સાથે પંચાયતના હોદ્દેદારો અને ગ્રામજનોએ પ્રેરણાદાયક કાર્ય કર્યું છે.વેરો ભરશો - ગામ વિકાસને વેગ આપશો.બર્બટાણા ગ્રામ પંચાયત ફોટોમાં સરપંચશ્રી, ઉપસરપંચશ્રી, સભ્યશ્રીઓ, VCE તથા ગ્રામજનો પંચાયત વેરો ભર્યાની રસીદ સાથે જોવા મળે છે. ગામના સર્વાંગી વિકાસ માટે ગ્રામજનોની જાગૃતિ અને પંચાયતના હોદ્દેદારોની નિષ્ઠા અત્યંત આવશ્યક છે. આ વાતને સાબિત કરતા જાફરાબાદ તાલુકાના બર્બટાણા ગામના સરપંચશ્રી aકનુભાઈ બી. કામળીયા અને તેમની ટીમ દ્વારા એક પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. ગામના વિકાસકાર્યો માટે પંચાયતની આવક મજબૂત હોવી જોઈએ તેવા ઉમદા આશય સાથે સરપંચશ્રી, ઉપસરપંચશ્રી, પંચાયતના સભ્યશ્રીઓ અને ગ્રામજનોએ સ્વયં પોતાનો પંચાયત વેરો ભરીને ગ્રામજનો સમક્ષ એક ઉત્તમ દાખલો બેસાડ્યો છે.

## રાજપીપલા નગરપાલિકા ના જુના પેવરબ્લોક લઇ જતું ટ્રેકટર પૂર્વ પ્રમુખે. પોલીસ ને સોંપ્યું .

રાજપીપલા | રાજપીપલા નગર પાલિકા ના જુના પેવરબ્લોક પાલિકા હદ બહાર લઈજતું ટ્રેક્ટર રોકી પાલિકા પૂર્વપ્રમુખે તે પોલીસ ને સોંપી FIR કરવાની માંગણી કરતા ચક્ચાર મચી જવા પામી છે . પ્રાપ્ત માહિતી મુજબ તાજેતર માં યોજાયેલ પાલિકા ની સામાન્ય ચૂંટણી માં ભાજપ ને 28 માંથી 25 બેઠકો સાથે જંગી બહુમતી મળ્યા બાદ પાલિકા ના વહીવટ માં વિવાદ ની શરૂઆત થઈછે જ્યારે પાલિકા પૂર્વ પ્રમુખ મહેશ વસાવા એ પાલિકા ના જુના પેવરબ્લોક પાલિકા બહાર બારોબાર લઈ જતું એક ટ્રેક્ટર રોકી પૂછપરછ ને અંતે સદર ટ્રેક્ટર પોલીસ મથકે લાવી પોલીસ ને સોંપી FIR ની માંગણી કરતા સમગ્ર મામલો ‘ ટોક ઓફ ધ ટાઉન બની ગયો છે . પૂર્વ પ્રમુખ મહેશ વસાવા એ જણવ્યું કે પેવરબ્લોક કાઢી સીસી રોડ નું કામ ચાલે છે ત્યારે જુના પેવર. બ્લોક માટે ઠરાવ કરી તેની હરાજી કરવા ને બદલે તે કર્મચારી દ્વારા બારોબાર વગે કરતા તેના પર વોચ રાખી પાલિકા હદ બહાર ટ્રેક્ટર પકડી પોલીસ ને સોંપી FIR કરવા કહ્યું છે .

## બગસરાના ઘંટિયાણમાં બાળકને સિંહણ-બે બચ્ચાએ ફાડી ખાધો, લાશ સ્વીકારવા ઈન્કાર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

બગસરા તાલુકાના ઘંટિયાણ ગામની સીમમાં વાડીમાં રાત્રિના સમયે લઘુશંકા કરવા ગયેલા સાત વર્ષના માસુમ પરપ્રાંતીય બાળક પર એક સિંહણ અને બે બચ્ચાંએ હુમલો કરીને ફાડી ખાધો હતો. આ બનાવ બાદ પરિવારે લાશ સ્વીકારવા ઈન્કાર કર્યો છે. વનવિભાગે વહેલી સવારે સિંહણ અને બે બચ્ચાને પાંજરે પૂર્યા છે.મૃતકના પરિવારે જણાવ્યુ કે જ્યાં સુધી વનમંત્રી અહીં આવીને યોગ્ય નિરાકરણ લાવી કાર્યવાહી કરે તેવી માગણી કરી છે.

ઘંટીયાણ ગામમાં આવેલી પારસભાઈ સોજીત્રાની વાડીમાં ખેતમજૂર અર્થે રહેતા એક પરપ્રાંતીય પરિવારનો સાત વર્ષનો બાળક નાનો દિનેશભાઈ વાડી વિસ્તારમાં લઘુશંકા કરવા માટે ગયો ત્યારે અચાનક ધસી આવેલા સિંહણ અને તેના બે બચ્ચાંએ તેના પર હિંસક હુમલો કર્યો હતો.અને બાળકને દબોચી લઈ બાદમાં ફાડી ખાધો હતો બાળકને



સિંહણ ઘટના સ્થળેથી એક થી દોઢ કિલોમીટર જેટલા અંતરે લઈ ગઈ હતી. બાદમાં તેના પરિવારમાંથી આ સિંહની પાછળ દોટ મુકતા બુમાબુમ કરતા તેના બચ્ચાંએ મોંમાંથી બાળકને છોડાવ્યો હતો.

જ્યારે આ બનાવ બગસરા પંથક- ૧ ઘંટીયાણ ગામની અંદર આવેલી સીમ અંદર બનેલો હતો પરંતુ આ સિંહણ અ તેના બે બચ્ચાંએ આ બાળકને વિસાવદ તાલુકાની હદમાં આવેલા શોભાવડલાની સીમમાં લઈ ગયા હતા. બાદમાં બૂમાબુમિ અને રાડા રાડી થતા સિંહણ અને તેના બચ્ચાં આ બાળકને પોતાના મોંમાંથી મૂકીને ત્યાંથી જતા રહ્યા હતા.

# ગીરમાં બીમારીથી સિંહોના અકાળે મોતના સમાચાર બહુ માઠા અને અપ્રિય : ચીફ જસ્ટિસની ખંડપીઠ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગીરના જંગલ વિસ્તારમાં તાજેતરમાં સિંહોના બીમારીના કારણે થયેલા મૃત્યુના સમાચારને લઈ આજે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની ખંડપીઠે ભારે ખેદ વ્યક્ત કર્યો હતો અને તેને બહુ માઠા સમાચાર ગણાવ્યા હતા.

ચીફ જસ્ટિસની ખંડપીઠે સિંહોને બચાવવા અને તેમની સુરક્ષાને લઈને લેવાયેલાં પગલાં અંગે સરકારપક્ષને પૃચ્છા કરી હતી. આ સાથે જ સિંહોના રેલવે અકસ્માતમાં મૃત્યુ ન થાય તે માટે સરકાર, રેલવે વિભાગ અને વન વિભાગના સત્તાવાળાઓ દ્વારા લેવાયેલાં પગલાં અને હાથ ધરાયેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

હાઈકોર્ટે રેલવે અને વનવિભાગની સંયુક્ત કમિટીને આ અંગેનો પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવા પણ જણાવ્યું હતું. ગુજરાતની



આગવી ઓળખ સમા એશિયાટિક લાયનના અપમૃત્યુના સમાચારને પગલે હાઈકોર્ટે વર્ષ ૨૦૧૮માં દાખલ કરેલી સુઓમોટો પિટિશનની આજે હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન તાજેતરમાં જ સિંહોના બીમારી ના કારણે થયેલા અકાળે અવસાનના સમાચારને અપ્રિય ગણાવ્યા હતા. સાથે-સાથે સિંહ કોરિડોરમાં સિંહ દર્શન માટે રેલવેમાં વિસ્ટા ડોમ કોચ જોડવાના સરકારના આયોજન અંગે પણ પૃચ્છા કરી હતી.રેલવે લાઈન ઉપર ઈન્ટુઝન ડિટેક્શન ડિવાઈસ લગાવવાની કામગીરી ચાલુ સરકારપક્ષ તરફથી અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, સિંહોના વસવાટના વિસ્તારોમાં રેલવે લાઈન ઉપર ઈન્ટુઝન ડિટેક્શન ડિવાઈસ લગાવવાની કામગીરી ચાલી રહી છે, જે આગામી ઓગસ્ટ મહિનામાં પૂર્ણ થઈ જશે. આ ડિવાઈસ લાગી જતાં રેલવે ટ્રેકના ૧૫ મીટરના વિસ્તારમાં સિંહોની હલનચલનની ખબર પડી જશે અને અકસ્માત ટાળી શકાશે. સિંહ કોરિડોરમાં રેલવે લાઈનને બ્રોડગેજ માં ફેરવવાનો નિર્ણય હાલ પડતો મુકાયો છે. વળી સિંહ કોરિડોરમાં અંડરપાસની પ્રી-મોન્સૂન કામગીરીના ભાગરૂપે સાફ-સફાઈ પણ ચાલી રહી છે. જામનગર, રાજુલા, મહુવા, પીપાવાવ જેવા સિંહોના હલનચલનવાળા વિસ્તારો કે જે ભાવનગર રેલવે ડિવિઝનમાં આવેલા છે, તેમાં આ ડિવાઈસ લગાવવામાં આવી રહ્યા છે. રેલવે અને વન વિભાગની બનેલી હાઈ લેવલ કમિટીએ આ પ્રોજેક્ટને મંજૂરી આપેલી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ફાઈબર કેબલ જંગલ માંથી પસાર થતી રેલવે લાઈનને સમાંતર નાખવામાં આવશે, જેથી સિંહોની અવરજવરની અગાઉથી જ રેલવે પાયલટ અને વન વિભાગ ના અધિકારીઓને ખબર પડી જતાં અકસ્માત અટકાવી શકાશે. રેલવે અને જંગલ વિભાગના સેક્રેટરીએ આ માટે એક હાઈ લેવલ કમિટી બનાવી છે, જેમાં પ્રિન્સિપાલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ સહિતના રેલવે અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓને સામેલ કરાયા છે.

## વિકસિત ભારત સંકલ્પ અંતર્ગત થરાદ ખાતે તા.૧૫ થી ૧૭ જૂન દરમિયાન ગાયત્રી વિદ્યાલયમાં યોજાશે વિશેષ પ્રદર્શન

થરાદ | વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ગુજરાત રાજ્ય દ્વારા વિકાસના નવા આયામો સિદ્ધ કરી, અનેક પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ વિકાસગાથાથી તમામ નાગરિકો માહિતગાર થાય અને વિકાસની પ્રક્રિયામાં સહભાગી બની ’વિકસિત ભારતના’ સંકલ્પને લોકજનભાગીદારી દ્વારા વ્યાપક બનાવે તે હેતુથી વાવ - થરાદ જિલ્લામાં એક વિશેષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.વાવ-થરાદ વિસ્તારમાં યોજાયેલી જિલ્લા કક્ષાની ચિત્ર સ્પર્ધામાં સ્પર્ધકો દ્વારા તૈયાર કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કૃતિઓનું તથા વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ સિદ્ધ થયેલા વિવિધ વિકાસ પ્રકલ્પોની માહિતી આપતું આ પ્રદર્શન ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, ગાંધીનગર દ્વારા આયોજિત કરવામાં આવ્યું છે.

### થરાદના વડગામડા ગામે જન કલ્યાણ શિબિર અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો: નાગરિકોને સ્થળ પર જ યોજનાઓનો લાભ મળ્યો

થરાદ | વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ‘૧૨ વર્ષ વિકાસના, વિશ્વાસના અને જનકલ્યાણના‘ અભિયાન અંતર્ગત થરાદ તાલુકાના વડગામડા ગામે જન કલ્યાણ શિબિર અને વૃક્ષારોપણ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો મુખ્ય હેતુ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવાનો તેમજ લાભાર્થીઓને સ્થળ પર જ જરૂરી સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો હતો.થરાદના વડગામડા ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલી આ શિબિરમાં મહેસૂલ, પંચાયત, સામાજિક ન્યાય અને અધિકારિતા, કૃષિ, આરોગ્ય, શિક્ષણ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઘંટીયાણ ગામે સિંહનો કહેર: સિંહણના હુમલામાં ૬ વર્ષના માસૂમ બાળકનું કમકમાટીભર્યું મોત, ગ્રામજનોમાં ભભૂકતો આક્રોશ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ઘંટીયાણ ગામેથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં વાડી વિસ્તારમાં રહેતા એક પરપ્રાંતીય શ્રમિક પરિવારના આશરે ૬ વર્ષના માસૂમ બાળકને સિંહણ ઉઠાવી ગઈ હતી. સિંહણ બાળકને વાડીમાંથી આશરે એક કિલોમીટર દૂર ઢસડી ગઈ હતી, જ્યાં હુમલાના કારણે માસૂમ બાળકનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ભય અને શોકનો માહોલ વ્યાપી ગયો છે. બીજી તરફ, ઘટનાની જાણ થતાં જ વનવિભાગના અધિકારીઓ અને સ્થાનિક પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. જ્યાં રોષે ભરાયેલા સ્થાનિક ગ્રામજનો અને આગેવાનોએ વન વિભાગના અધિકારીઓનો ઉગ્ર ઘેરાવો કર્યો હતો.ગ્રામજનોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, બગસરા અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી માનવ-સિંહ સંઘર્ષની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. લોકોએ વન વિભાગ સમક્ષ સિંહોની વધતી અવરજવર અટકાવવા, રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવવા તેમજ અસરગ્રસ્ત વિસ્તારોમાં સુરક્ષાના કડક પગલાં ભરવાની ઉગ્ર માંગ કરી છે. ગ્રામજનોએ ચેતવણી આપી છે કે જો તંત્ર દ્વારા સમયસર અને અસરકારક પગલાં લેવામાં નહીં આવે તો ભવિષ્યમાં આવી ગંભીર દુર્ઘટનાઓ ફરી બનવાની શક્યતા નકારી શકાય તેમ નથી. હાલમાં માસૂમ બાળકના મૃતદેહને પીએમ અર્થે ખસેડી વન વિભાગ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ઘંટીયાણ ગામમાંથી એક અત્યંત હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. અહીંની વાડી વિસ્તારમાં રહેતા એક પરપ્રાંતીય શ્રમિક પરિવારના ૬ વર્ષના માસૂમ બાળકને સિંહણે પોતાનો શિકાર બનાવતા સમગ્ર પંથકમાં શોક અને ભયનો માહોલ છવાઈ ગયો છે. આ ઘટનાએ માનવ-વન્યજીવ સંઘર્ષની ગંભીરતાને ફરી એકવાર સપાટી પર લાવી દીધી છે.મળતી માહિતી મુજબ, મૃતક બાળક પોતાના પરિવાર સાથે વાડી વિસ્તારમાં હતો, ત્યારે અચાનક સિંહણ ત્રાટકી હતી. સિંહણે બાળકને પકડીને તેને વાડીથી લગભગ એક કિલોમીટર દૂર ઢસડી ગઈ હતી. હુમલાની તીવ્રતા એટલી વધારે હતી કે માસૂમ બાળકે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. પરિવાર અને આસપાસના લોકો આ ઘટનાથી સ્તબ્ધ થઈ ગયા હતા, જ્યારે સિંહણના આ આક્રમક સ્વરૂપે લોકોમાં દહેશત પેદા કરી છે.ઘટનાની જાણ થતાં જ વન વિભાગના અધિકારીઓ અને સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. જોકે, ત્યાં પહોંચેલા ગ્રામજનો અને સ્થાનિક આગેવાનોએ વન વિભાગની કામગીરી સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોએ વન વિભાગના અધિકારીઓનો ઉગ્ર ઘેરાવો કરીને સિંહોની વધતી અવરજવર પર અંકુશ લગાવવાની માંગ કરી હતી. લોકોના મતે, આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી સિંહોનો ત્રાસ વધી રહ્યો છે, છતાં તંત્ર લાપરવાહી દાખવી રહ્યું છે.સ્થાનિકોએ વન વિભાગ સમક્ષ રાત્રિના સમયે પેટ્રોલિંગ વધારવા, વન્યજીવોના હુમલા અટકાવવા માટે અસરકારક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા અને માનવ વસાહતો નજીક સિંહોની અવરજવર રોકવા માટે તાત્કાલિક પગલાં લેવાની ઉગ્ર માંગ કરી છે.0

## ડીસા તાલુકાના ચાવરપુરા ખાતે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના વરદ હસ્તે ‘વન-કવચ’નું ખાતમુહૂર્ત અને ‘એક પેડ માં કે નામ’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ

પાલનપુર | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ‘૧૨ વર્ષ વિકાસના, વિશ્વાસના અને જનકલ્યાણના’ અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં વિવિધ જનકલ્યાણકારી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ અનુસંધાને આજે ડીસા તાલુકાના યાવરપુરા ગામ ખાતે રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના વરદ હસ્તે ‘વન-કવચ’નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સાથે ‘એક પેડ માં કે નામ -3.0’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો તેમજ નવીન અટલ વાડીનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતુ કે,ગામના સામાજિક, સાંસ્કૃતિક અને પારિવારિક પ્રસંગો સુવ્યવસ્થિત રીતે યોજાઈ શકે તેવા ઉત્તમ કોન્સેપ્ટ સાથે નિર્માણ પામેલી અટલ વાડીનું લોકાર્પણ કરતાં આનંદની લાગણી થાય છે. મંત્રીશ્રીએ ગ્રામજનોને અપીલ કરતાં જણાવ્યું હતું કે ગામના વિવિધ પ્રસંગો માટે અટલ વાડીનો વધુમાં વધુ ઉપયોગ કરવામાં આવે. આ સાથે યાયાવર ખાતે વન-કવચનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે એક હેક્ટર વિસ્તારમાં આશરે ૧૦,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે, જેના પરિણામે ટૂંકા સમયમાં જ હરિયાળું જંગલ વિકસિત થાય છે અને પર્યાવરણ સંરક્ષણને નવી દિશા મળે છે.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આ ચોમાસામાં દરેક નાગરિક ઓછામાં ઓછાં ૧૨ વૃક્ષો વાવે અને તેનું જતન કરે. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને વરસાદી પાણીના સંચય અને ભૂગર્ભ જળના પુનર્ભરણ માટે પણ સૌએ સંકલ્પબદ્ધ બનવું જોઈએ. ખેતરનું પાણી ખેતરમાં જ રહે, વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ થાય અને જળસંચયના વિવિધ ઉપાયો અપનાવવામાં આવે તો વર્ષો જૂના બોરવેલ અને જળસ્ત્રોતો પણ ફરી જીવંત બની શકે છે. તેમણે સૌને સંકલ્પ લેવા આહ્વાન કર્યું કે આપણે જળસંચય કરીશું, વધુમાં વધુ વૃક્ષો વાવીશું, વૃક્ષોનું સંરક્ષણ કરીશું અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના પર્યાવરણ સંરક્ષણ અને હરિત વિકાસના અભિયાનોમાં સક્રિય સહભાગી બનીશું.ગુજરાત સરકાર, વન વિભાગ તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો, પર્યાવરણપ્રેમીઓ, જનપ્રતિનિધિઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વૃક્ષારોપણ કરી હરિયાળા અને સ્વચ્છ પર્યાવરણના નિર્માણ માટે સૌએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### આધુનિક યુગમાં સમય સાથે આગળ વધવા સાથે સંસ્કૃતિ, સંસ્કારો અને માતૃભાષાનું જતન પણ જરૂરી: મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

## ડીસા ખાતે મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીના વરદ હસ્તે ‘માતૃશ્રી ગેરાબેન ભીખાભાઇ અટ્યા અંગ્રેજી માધ્યમિક પ્રાથમિક શાળા’નું નામકરણ

પાલનપુર | રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના વરદ હસ્તે શ્રી રાજારામ આંજણા ચૌધરી કેળવણી મંડળ સંચાલિત ’માતૃશ્રી ગેરાબેન ભીખાભાઇ અટ્યા અંગ્રેજી માધ્યમિક પ્રાથમિક શાળા ’નું નામકરણ કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે આધુનિક યુગમાં સમયની સાથે આગળ વધવું જરૂરી છે, પરંતુ સાથે સાથે આપણી સંસ્કૃતિ, સંસ્કારો અને માતૃભાષાનું જતન પણ એટલું જ મહત્વનું છે. તેમણે ૨૩ વર્ષ પહેલાં સંકુલની સ્થાપનામાં યોગદાન આપનાર તમામ આગેવાનો અને દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રીએ જળસંચય અને ભૂગર્ભ જળ સંરક્ષણના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે ધારાસભ્ય તરીકેની જવાબદારી સંભાળ્યા ત્યારથી તેઓ પાણીના પ્રશ્નો અંગે સતત ચિંતિત રહ્યા છે અને જમીન તથા જળસંપત્તિનું સંરક્ષણ કરવું સૌની સામૂહિક જવાબદારી છે.

મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ વધુમાં જણાવ્યું હતું કે સ્વજનોની સ્મૃતિમાં ઓછામાં ઓછા પાંચ બોરવેલના રિચાર્જનો સંકલ્પ લેવા અપીલ કરી હતી. વરસાદી પાણીના સંગ્રહ અને જળસંચય દ્વારા જળસંકટનો કાયમી ઉકેલ મેળવી શકાય છે. કૃષિપ્રધાન સમાજ તરીકે જળસંચયના કાર્યોમાં સક્રિય સહભાગી બનવાની સાથે ખેતી ઉપરાંત વ્યવસાય અને ઉદ્યોગની દિશામાં પણ આગળ વધવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આજના સમયમાં બાળકોમાં સારા સંસ્કારોના સિંચન માટે બાલ સંસ્કાર અને ગર્ભ સંસ્કાર જેવા વર્ગોની આવશ્યકતા છે તથા વૈદિક સંસ્કારોનું જતન અને સંવર્ધન કરીને સંસ્કારસભર સમાજના નિર્માણ માટે સૌએ મળીને કાર્ય કરવું જોઈએ.

આ પ્રસંગે શ્રી રાજારામ આંજણા ચૌધરી કેળવણી મંડળના પદાધિકારીઓ, સંતશ્રી, વિધાર્થીઓ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સોમવાર ના દિવસે અદભૂત સંયોગ એટલે સોમવતી અમાસ અને અધિક માસના વ્રતની પૂર્ણાહુતિ

શ્રીમન નારાયણ નારાયણ હરિ હરિ,
ભજમન નારાયણ નારાયણ હરિ હરિ,
તેરી લીલા જગ મેં ન્યારી ન્યારી

સોમવાર ના દિવસે પવિત્ર અધિક માસ નો છેલ્લો દિવસ છે આ દીવસે અદભૂત સંયોગ એટલે સોમવતી અમાસ અને અધિક માસના વ્રત ની પૂર્ણાહુતિ છે.આ અદભુત સંયોગ ને જ્યોતિષ શાસ્ત્ર એ અતિ ઉતમ ફળ માન્યું છે જ્યાં ભગવાન વિષ્ણુ ની પ્રસન્નતા પ્રાપ્તિ નિમિતે દાન ધર્મ પૂજા,કથા યજ્ઞ યાગ થતા હોય છે ત્યાં ભગવાન શિવ ની હાજરી અચૂક હોય જ. અમદાવાદ સ્થિત ભગવાન જગન્નાથ જી ના મંદિર માં અધિક માસ ના લાસ્ટ દિવસે જાવ છું ત્યારે ભગવાન જગન્નાથ જી ના દર્શન કરતા જ થાય છે કે કાશ આ આખો જન્મારો એની પ્રેમાળ આંખો માં સમાઈ પૂરો કરી નાખું.મંદિરની અંદર લોકોની ભીડ જોતા લાગે છે કે નક્કી ભક્તોની ભીડ વચ્ચે ભગવાન વિચરતા હશે જ.મારા મહારાજ શ્રી ભાગવત કથા માં કહેતા હતા કે ઠાકોરજી એટલા બધા ચંચળ છે ને કે એ ભક્ત નો હાથ મજબૂતી થી પકડી રાખે છે પણ જેવા ભક્તનું સ્મરણ વિસરે એ ભેગા હાથ છોડવી ને એ ભાગી જાય છે.એક વખત સૂરદાસ જી નો પગ ચાલતા ચાલતા કુવા માં પડવા જતો હતો ત્યાં જ ઠાકોરજી એ એનો હાથ પકડીને જંગલ તરફ જવાના રસ્તા પર એને દોરવા લાગ્યા.અંધ સૂરદાસજી એ વિચાર્યું કે ભગવાનના સ્પર્શ ની અનુભતિ થતા વિચાર્યું કે આજ તો આ નટખટ ને મજબૂતી થી પકડી રાખશ. ભગવાન બધાની વાત સાંભળી લેતા હોય છે એટલે સૂરદાસજી ને ભક્તિ નો માર્ગ દેખાડી ને ભગવાન અદશ્ય થઈ ગયા હતા.

ત્રીસ વર્ષ બાદ અધિક માસ અને સોમવતી અમાસ નો દુર્લભ શુભ સંયોગ બની રહ્યો છે.આ દિવસે ઉપવાસી રહીને ભગવાન વિષ્ણુ અને શિવ ની સાથે ઉપાસના અને ઉપાય કરવાથી લાઈફ ની તમામ અડચણો માંથી મુક્તિ મળે છે. ભલે અધિક માસ નું વ્રત ન કરી શક્યા હોવ પણ છેલ્લા દિવસે પૂર્ણ શ્રદ્ધા ભક્તિ ઉપાયો કરવાથી ઘણા ફાયદા ઓ થાય છે.

સોમવતી અમાસના વ્રતમાં ઉપાયો :

૧, ૧૫જૂને સોમવતી અમાસના દિવસે સૂર્યોદય પહેલા વહેલા ઉઠી ને નદીમાં સ્નાન કરવું અથવા તો પાણી માં ગંગાજળ ભેળવી ને સ્નાન કરવું. સ્નાન બાદ સૂર્યદેવ ને અર્ધ્ય અર્પણ કરવી.

૨ અમાસ ના દિવસે પિતૃઓ નામે કરેલ ધાર્મિક કાર્યો એ સફળતા ના માર્ગ ખોલી નાખે છે. દક્ષિણ દિશા તરફ મુખ રાખીને પિતૃ ઓને નામે જળ અર્પણ કરવું.જરૂરિયાત મંદ લોકોને અનાજ,કપડા,કાળા તલનું દાન કરશો તો પિતૃઓ ના આશીર્વાદ મળશે.

૩ સોમવતી અમાસ ના દિવસે પાણી માં કાળા તલ ભેળવી ને પીપળા ના મૂળ માં અર્પણ કરો.કાળા તલ ને બદલે કાચું દૂધ પાણી માં ભેળવી ને પણ પીપળા ના મૂળ માં અર્પણ કરી શકો છો. પીપળા ના ઝાડ નીચે ઘી નો દીવો પ્રકટાવી ને “ૐ નમ: ભગવતે વાસુદેવાય” મંત્ર નું સ્મરણ કરીને ૧૧ અથવા ૧૦૮ વખત પીપળા ની પ્રદક્ષિણા કરવી. આમ કરવાથી તમામ દેવી દેવતાઓ ની કૃપા પ્રાપ્તિ થાય છે.આ વિધિ થી પિતૃ દોષ ની સમસ્યા દૂર થઈ જતા પિતૃઓના આશીર્વાદ મળે છે.




અધિક માસનું વ્રત ધારણ કરનાર ભક્તો એ પૂર્ણાહુતિ ના આગલા દિવસે નિમિતે સુહાગ સ્ત્રીઓને સુહાગની ચીજ વસ્તુઓ,ફળ અને મીઠાઈ વગેરેનું દાન કરવું. પૂર્ણાહુતિ ના દિવસે ખીર, માલપુવા, ફળ, મીઠાઈઓ નો ભાગ ભગવાન વિષ્ણુ અને ભગવાન શિવને અર્પણ કરવો.

અધિક માસ ની પૂર્ણાહુતિ માં દાન નું મહત્વ:

ત્રીસ માલપુવા બનાવી ને કાસા ના ગોળ વાટકા માં રાખીને બીજા કાસા ના ગોળ વાટકા થી ઢાંકી ને નાડા છેડી થી મજબૂતી થી બંધ કરી નાખો.આ કાસા ના સંપુટ નું દાન કરવા પાછળ ખાસ વાત છે પૃથ્વી ના ગોળ આકાર માં અસંખ્ય હોલ છે.કાસા ના સંપુટ ની અંદર મૂકેલ ત્રીસ માલપુવા માં “પૃથ્વી” નો મનોરથ થાય છે. કાસા ના સંપુટ માં ભગવાન શ્રી વિષ્ણુ થી રક્ષિત પૃથ્વી ની કલ્પના કરવામાં આવે છે. આ દિવસે સ્નાન પૂજા સાથે કાસા ના સંપુટ નો બ્રાહ્મણ ને દાન આપવાનો મહિમા વધારે છે.છત્રી, જોડા,કપડા, ગાય,ભૂમિ, અનાજ,મીઠાઈ, ઋતુ મુજબ ના ફળો,ધન વગેરે નું અધિક માસ ના ઉદ્યાપન માં બ્રાહ્મણો ને દાન કરવામાં આવે છે. ભગવાન વિષ્ણુ ને બ્રાહ્મણો અતિ પ્રિય છે એટલે બ્રાહ્મણ નું અપમાન,વિરોધ અને દ્રોહ સહન કરતા નથી. ભગવાન શ્રી કૃષ્ણ એ એના પુત્ર અને પૌત્રો ને બ્રાહ્મણની મહત્તા સમજાવવા પૃથ્વી ના સૌથી દાની રાજા નૃગ નો પરિચય કરાવ્યો હતો. દાની રાજા નૃગ થી ભુલ માં અન્ય અપરિગ્રહી (દાન ન લેનાર) બ્રાહ્મણ ની ગાય નું દાન ભૂલ થી અન્ય બ્રાહ્મણ ને થતા એક હજાર વર્ષ સુધી એને કાંચીડા ની યોનિ માં જીવવું પડ્યું હતું.એક હજાર વર્ષ પછી ભગવાન શ્રી કૃષ્ણ નો સ્પર્શ થયા બાદ એના પાપ નો ક્ષય થયો હતો. ભગવાન શ્રી કૃષ્ણ એ એના સંતાનો ને ઉદ્દેશી ને કહ્યું હતું કે ભૂલ થી પણ ભૂલમાં બ્રાહ્મણ ની ઈચ્છા અને ખુશી વગર બળજબરી થી એનું ધન લેવાથી જન્મો જન્મ નર્ક ની અસહ્ય યાતનાઓ સહન કરવી પડે છે.હું તમને એટલું કહીશ કે બને ત્યાં સુધી દ્વારિકા ની તિજોરી માં બ્રાહ્મણ નું ધન ન આવે,બ્રાહ્મણ ને દાન આપી ને ખુશ રાખવાના પ્રયત્નો કરો.મૃત્યુ એ મનુષ્ય નું અંતિમ સત્ય છે એટલે જે કઈ પણ પાપ કર્મો જીવતે જીવ કરો છો એનું બમણું મૃત્યુ બાદ સુદ સમેત પરત મળે છે.

અધિક માસનું વ્રત ધારણ કરનાર ભક્તો એ પૂર્ણાહુતિ ના આગલા દિવસે નિમિતે સુહાગ સ્ત્રીઓને સુહાગની ચીજ વસ્તુઓ,ફળ અને મીઠાઈ વગેરેનું દાન કરવું. પૂર્ણાહુતિ ના દિવસે ભગવાન વિષ્ણુ ના સ્વરૂપ સામે સાત ધાન થી રંગોળી બનાવી ને મધ્ય માં માટીની પાણી ભરેલ મટકી મૂકો.ખીર,માલપુવા,ફળ,મીઠાઈઓ વગેરે વગેરે નો ભોગ ભગવાન વિષ્ણુ ને અર્પણ કરીને સ્થિતિ અનુસાર એક થી અગિયાર બ્રાહ્મણ ને ભોજન કરાવી ને દાન દક્ષિણા આપો. વ્રત ધારી એ વ્રત નું પારણું સંધ્યા સમયે પીપળા ના ઝાડ નીચે દીવો પ્રગટાવી ને પ્રદક્ષિણા કર્યા બાદ વ્રત નું ઉજવણું કરવું.

દર ત્રણ વર્ષે આવતા અધિક માસ ના વ્રત નો મહિમા અપરંપાર છે જેણે આ વ્રત નો મહિમા જાણ્યો છે એના મન મગજ માં “શ્રી કૃષ્ણ શરણમ્ મમ” ના નામ સ્મરણ સિવાઈ અન્ય કામનાઓ રહેતી નથી.કામ,ક્રોધ,ધન ધાન્ય,વૈભવ,પત્ની બાળકો વગેરે વગેરે તો કપાળ માં લખ્યું હોય એ પ્રમાણે દરેક ને વહેલું મોડું મળી જાય છે. ભક્તિ,સ્મરણ અને સેવા પૂજા એ ભગવાન ની કૃપા વગર મળવી મુશ્કેલ છે જો મળતી હોત તો સૌ કોઈ “મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ” ના સ્મરણ માં તલ્લીન રહેતું હોત. વાલિયો લૂંટારો લૂટ ફાટ માં ગૃહસ્થીની ગાડી દોડાવવા માં એટલો વ્યસ્ત હતો ને કે ત્યારે “રામ નામ” એના મનમાં નહતું.જ્યારે એના પર સંતની કૃપા થઈ ત્યારે “રામનામ” નું સ્મરણ કરતા કરતા વાલિયો લૂંટારા ની માનસિકતા બદલાઈ ગઈ.વાલિયા લૂંટારા માંથી મહર્ષિ વાલ્મિકી બની ગયા બાદ એણે રામાયણ ગ્રંથ ની રચના કરી હતી.કળયુગ નું શસ્ત્ર “રામ નામ”આપી ને મહર્ષિ વાલ્મિકી એ હિન્દુ ધર્મની તાકાત નો પરચો આપ્યો છે.ભગવાન ક્યાં છે? પ્રશ્ન ના જવાબ માં ગીતાજી માં અર્જુન ને પોતાના વિશ્વરૂપ ના દર્શન કરાવતા ભગવાન શ્રી કૃષ્ણ એ કહ્યું હતું કે ક્યાં હું નથી? આ પૃથ્વી ના કણ કણ માં છું તારા અંતર મન માં મને શોધીશ તો બધેય હું અને હું જ દેખાઈશ.





# સલમાનની સિક્યોરિટીએ બીજીવાર આમિરના દીકરાને એક્ટરથી દૂર ખસેડ્યો

**(એજન્સી) મુંબઇ | તા 14** આમિર ખાનની ફિલ્મ 'લગાન'ના 25 વર્ષ પૂરા થવા અને 'આમિર ખાન પ્રોડક્શન્સ'ની 25મી વર્ષગાંઠના અવસરે મુંબઈમાં એક સેલિબ્રેશન ઈવેન્ટ યોજાઈ. શનિવારે આ ઈવેન્ટમાં સલમાન ખાન સહિત બોલિવૂડના ઘણા મોટા સેલેબ્સ પહોંચ્યા. ઈવેન્ટ દરમિયાન સલમાનને મળવા આમિર ખાનના પુત્ર જુનૈદ પહોંચ્યો. જોકે, સલમાનની સિક્યોરિટી જુનૈદને ઓળખી શકી નહીં અને તેને રોકવાનો પ્રયાસ કર્યો. તે જ સમયે, જેવી સલમાનની નજર જુનૈદ પર પડી, સિક્યોરિટીએ તેમને સલમાન પાસે આવવા દીધો.

આ પછી સલમાન અને જુનૈદ ગળે મળ્યો. આવું પહેલીવાર નથી બન્યું. આ પહેલા પણ સલમાનની સિક્યોરિટી ટીમ જુનૈદ ખાનને ઓળખી શકી ન હતી. ગયા વર્ષે 'સિતારે જમીન પર'ના સ્ક્રીનિંગ દરમિયાન કડક સુરક્ષા વચ્ચે સલમાન બહાર નીકળે છે. આ દરમિયાન જુનૈદ, સલમાનની નજીક જવાનો પ્રયાસ કરે છે, પરંતુ સલમાનના બોડીગાર્ડ્સ તેમને ઓળખી શકતા નથી અને તેમને દૂર હટાવી દે છે. સલમાન રોકાયા વગર આગળ વધી જાય છે. આમિર ખાનના પુત્ર જુનૈદ ખાન બોલિવૂડના સૌથી ચર્ચિત સ્ટાર કિડ્સમાંથી એક હોવા છતાં, તેના સાદા દેખાવ અને ડાઉન-ટુ-અર્થ સ્વભાવ માટે જાણીતો છે. તેને ઘણીવાર કોઈ ભપકા કે હાઈ-એન્ડ ડિઝાઈનર કપડાં વિના ખૂબ જ સાદા અંદાજમાં જોવા મળે છે.

ફિલ્મ 'લગાન'ના 25 વર્ષ પૂરા થવાના સેલિબ્રેશનમાં શનિવારે જુનૈદ લાઈટ બ્લુ ડેનિમ શર્ટમાં જોવા મળ્યો હતો. ફરી એકવાર જુનૈદે સિમ્પલ લુક પસંદ કર્યો, જે તેની સાદગી દર્શાવે છે. આમિર ખાનની ફિલ્મ 'લગાન'ના 25 વર્ષ પૂરા થવા અને 'આમિર ખાન પ્રોડક્શન્સ'ની 25મી વર્ષગાંઠના અવસરે મુંબઈમાં એક સેલિબ્રેશન ઈવેન્ટ યોજાઈ. શનિવારે આ ઈવેન્ટમાં સલમાન ખાન, કરીના કપૂર અને રેખા સહિત બોલિવૂડના ઘણા મોટા સેલેબ્સ પહોંચ્ય.



# 'સૌથી વિચિત્ર અફવા હતી કે હું ગે છું'

## મૌની રોયે સેક્સ્યુઅલિટીની અટકળો પર મૌન તોડ્યું, મુશ્કેલ સમયમાં મિત્રોના સમર્થનનો ઉલ્લેખ કર્યો...


**(એજન્સી) મુંબઇ | તા 14**

અક્ટ્રેસ મૌની રોયે તાજેતરમાં પોતાના અંગત જીવન સાથે જોડાયેલી સોશિયલ મીડિયાની ચર્ચાઓ અને અફવાઓ પર ખુલીને વાત કરી. મોનિકા શર્માના ડિજિટલ ટૉક શોમાં તેમને પૂછવામાં આવ્યું કે બોલિવૂડમાં આવ્યા પછી તેણે પોતાના વિશે સૌથી વિચિત્ર અફવા કઈ સાંભળી. આના પર મૌનીએ જવાબ આપ્યો, "કે હું ગે છું."
મૌનીએ આ સવાલનો જવાબ હળવા અંદાજમાં આપ્યો અને સ્પષ્ટ કર્યું કે તે આવી અટકળોને ગંભીરતાથી લેતી નથી. છેલ્લા કેટલાક સમયથી તેનું અંગત જીવન ચર્ચામાં રહ્યું છે અને સોશિયલ મીડિયા પર તેના સંબંધો અને મિત્રતાને લઈને ઘણા પ્રકારના અનુમાન લગાવવામાં આવી રહ્યા છે.
મૌનીએ કહ્યું કે તેના સારા-ખરાબ અને મુશ્કેલ સમયમાં નજીકની મહિલા મિત્રોએ હંમેશા સાથ આપ્યો. તેમના મતે, મજબૂત મિત્રતા અને સપોર્ટ સિસ્ટમ કોઈપણ વ્યક્તિને મુશ્કેલ સમયમાંથી બહાર આવવામાં મદદ કરે છે.
એક્ટ્રેસે યુવા મહિલાઓ માટે સંદેશ આપતા કહ્યું કે તેને આર્થિક રીતે આત્મનિર્ભર અને ભાવનાત્મક રીતે મજબૂત બનવું જોઈએ. તેના મતે, આત્મનિર્ભરતા માત્ર કરિયર જ નહીં, પરંતુ માનસિક અને ભાવનાત્મક મજબૂતી સાથે પણ જોડાયેલી હોય છે.
મૌનીએ કહ્યું કે લોકોના મંતવ્યો અને સોશિયલ મીડિયાની પ્રતિક્રિયાઓ આવતી-જતી રહે છે, પરંતુ સૌથી જરૂરી પોતાને સમજવું અને પોતાના નિર્ણયો પર ભરોસો રાખવો છે. તેણે કહ્યું કે મહિલાઓએ મજબૂત સપોર્ટ સિસ્ટમ બનાવવી જોઈએ અને પોતાની ઓળખ કોઈ બાહ્ય ધારણાથી નક્કી થવા દેવી ન જોઈએ. મૌનીનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે અને લોકો તેની સ્પષ્ટતા અને આત્મનિર્ભરતાના સંદેશ પર પ્રતિક્રિયા આપી રહ્યા છે.

# ક્રિતી સેનોને 4.30 કરોડમાં ખરીદેલી સંપત્તિ રૂ.8.88 કરોડમાં વેચી...



મુંબઈ : હાલ ફિલ્મ અભિનેત્રી ક્રિતી સેનોન રિઅલ એસ્ટેટમાં કરેલાં મૂડીરોકાણને વેચી નફો ગાંઠે બાંધી રહી છે. ક્રિતી સેનોને તેની બહેન નુપુર સેનોન અને માતા ગીતા સેનોને સાથે મળી અંધેરી પશ્ચિમમાં આવેલાં રાહેજા ક્લાસિકમાં તેમના ચાર ફ્લેટ વેચ્યા હોવાનું જાણવા મળ્યું છે. એપ્રિલ ૨૦૨૬માં થયેલાં આ સોદા માટે સ્ટેમ્પ ડ્યુટિ પેટે ૧૯.૪૧ લાખ રૂપિયા ચૂકવ્યા હોવાનું જાણવા મળ્યું છે.
રજિસ્ટ્રેશન માટે રજૂ કરવામાં આવેલાં દસ્તાવેજો અનુસાર ક્રિતીની માતા ગીતા સેનોને જુલાઈ ૨૦૧૩માં ૧.૪૦ કરોડ રૂપિયામાં બે ફ્લેટ ખરીદ્યા હતા. ચાર વર્ષ બાદ જુન ૨૦૧૭માં ક્રિતી અને નુપુરે પણ બાકીના બે ફ્લેટ ૨.૯૦ કરોડમાં ખરીદ્યા હતા. તેર વર્ષ અને નવ વર્ષ આ સંપત્તિ જાળવી રાખ્યા બાદ સેનોન પરિવારે ચારે ફ્લેટ કુલ ૮.૮૮ કરોડ રૂપિયામાં વેચી નાંખી ૧૦૭ ટકા નફો રળી લીધો હતો. જે ચાર ફ્લેટ વેચવામાં આવ્યા તેમાં ૫૪૫ ફૂટ કારપેટ એરિયા ધરાવતાં બે મોટા ફ્લેટના દરેકના ૩.૨૩ કરોડ રૂપિયા ઉપજ્યા હતા અને તેના માટે ૧૯.૪૧ લાખ સ્ટેમ્પ ડ્યુટિ અને ૩૦,૦૦૦ રૂપિયા રજિસ્ટ્રેશન ચાર્જ ભરવામાં આવ્યો હતો. બાકીના બે ફ્લેટનો કારપેટ એરિયા દરેકનો ૨૦૫ ફૂટ હોઈ તેના ૧.૨૧ કરોડ રૂપિયા ઉપજ્યા હતા અને તેના માટે ૭.૨૯ લાખ સ્ટેમ્પ ડ્યુટિ અને રજિસ્ટ્રેશન પેટે ૩૦,૦૦૦ રૂપિયા ભરવામાં આવ્યા હતા. ક્રિતીએ ગયા વર્ષે બાન્દ્રાના પાલી હીલમાં પણ તેની માતા ગીતા સાથે મળી ૭૮ કરોડ રૂપિયાનું દરિયાની સામે આવેલું ડુપ્લેક્સ પેન્ટહાઉસ ખરીદ્યું હતું.



# સલમાન ખાન જ બિગ બોસ 20 હોસ્ટ કરશે

## 21 સપ્ટેમ્બરથી શૂટિંગ શરૂ થઈ શકે; શોમાં જૂના સ્પર્ધકો પણ જોવા મળશે...

**(એજન્સી) મુંબઇ | તા 14**

રિયાલિટી શો 'બિગ બોસ'ની 20મી સીઝન માટે સલમાન ખાન હોસ્ટ તરીકે પરત ફરશે. વેરાયટી ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, તે 21 સપ્ટેમ્બરથી નવી સીઝનનું શૂટિંગ શરૂ કરી શકે છે.
આ પહેલા સલમાન ખાન ડિરેક્ટર વામસી પેડિપલ્લીની આગામી એક્શન થ્રિલર ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ પૂરું કરવાની તૈયારીમાં છે. આ ફિલ્મમાં નયનતારા પણ જોવા મળશે. સૂત્રો અનુસાર, એક્ટરની ટીમ તેના શૂટિંગ અને શોના શેડ્યૂલને કોઓર્ડિનેટ કરવામાં વ્યસ્ત છે.
'બિગ બોસ 20' માટે શોર્ટલિસ્ટિંગ અને ઓડિશન ટૂંક સમયમાં શરૂ થવાની અપેક્ષા છે. સૂત્રોનું કહેવું છે કે શોના મેકર્સે ઘણા જાણીતા ટીવી પર્સનાલિટીઝનો સંપર્ક કર્યો છે અને પ્રારંભિક વાતચીત ચાલી રહી છે.
રિયાલિટી શોના કેટલાક સ્પર્ધકોને નવી સીઝન માટે પણ સામેલ કરવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે. આ પહેલ OTT દર્શકોના એન્ગેજમેન્ટને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહી છે. ઉપરાંત, શોના કેટલાક જૂના સ્પર્ધકો પણ પાછા આવી શકે છે. બિગ બોસ સીઝન 19 ના વિજેતા ગૌરવ ખન્ના હતા. તેણે ફરહાના ભટ્ટને હરાવી ત્યારબાદ તેને ટ્રોફી અને 50 લાખ રૂપિયાની ઈનામી રકમ મળી હતી.
બિગ બોસ સીઝન 19 ના વિજેતા ગૌરવ ખન્ના હતા. તેણે ફરહાના ભટ્ટને હરાવી ત્યારબાદ તેને ટ્રોફી અને 50 લાખ રૂપિયાની ઈનામી રકમ મળી હતી.
શોના ફોર્મેટ અને સ્પર્ધકોની યાદી વિશે વધુ માહિતી આગામી અઠવાડિયામાં સામે આવી શકે છે. 'બિગ બોસ 19' માં ગૌરવ ખન્ના, ફરહાના ભટ્ટ, અમાલ મલિક, તાન્યા મિત્તલ અને બસીર અલી જેવા સ્પર્ધકો સામેલ હતા.
બીજી તરફ, સલમાન ખાન ડિરેક્ટર અપૂર્વ લાખિયાની ફિલ્મ 'માતૃભૂમિ: મે વોર રેસ્ટ ઈન પીસ' માં જોવા મળશે. આ ફિલ્મમાં ચિત્રાંગદા સિંહ પણ છે. સલમાન ફિલ્મમાં કર્નલ બિક્કુમલ્લા સંતોષ બાબુની ભૂમિકા ભજવી રહ્યો છે. ફિલ્મની રિલીઝ ડેટ હજુ નક્કી થઈ નથી.
બિગ બોસનો વિચાર 1997માં નેધરલેન્ડમાં શરૂ થયેલા શો બિગ બ્રધર પરથી લેવામાં આવ્યો હતો. ભારતમાં આ શો 2006માં આવ્યો. શરૂઆતમાં તેને વધુ સફળતા મળી ન હતી, પરંતુ સમય જતાં તે સૌથી ચર્ચિત રિયાલિટી શોમાંથી એક બની ગયો. પહેલી સિઝનમાં રાહુલ રોય અને કેરોલ ગ્રેસિયસ જેવા નામ હતા. શોના પહેલા હોસ્ટ અરશદ વારસી હતા, પછી શિલ્પા શેટ્ટી અને અમિતાભ બચ્ચન જેવા સિતારાઓએ શોને હોસ્ટ કર્યો. 2010થી સલમાન આ શોને હોસ્ટ કરી રહ્યો છે.





# ફરહાન અખ્તર આરડી બર્મનની બાયોપિકમાં મુખ્ય ભૂમિકા ભજવશે

## નીરજ પાંડે પંચમ દાની બાયોપિક બનાવશે : આ વર્ષના અંતે ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ જશે

મુંબઈ : ભાગ મિલ્ખા ભાગ જેવી ફિલ્મમાં અસામાન્ય ભૂમિકા ભજવનાર ફરહાન અખ્તરને ફરી એકવાર નીરજ પાંડેના દિગ્દર્શનમાં બની રહેલી પંચમ દાની બાયોપિકમાં આવી જબરદસ્ત ભૂમિકા ભજવવાની તક મળશે.
છેલ્લા ઘણાં સમયથી નીરજ પાંડે આરડી બર્મનની બાયોપિક બનાવી રહ્યા છે. હાલ તેના લેખનનું કામ પૂરજોશમાં ચાલુ છે. મુખ્ય ભૂમિકા માટે ફરહાન અખ્તર સાથે વાતચીત ચાલી રહી છે. જો ફરહાનને તક મળશે તો તે સઘન તૈયારી કરી ફરી એકવાર વાહ વાહ મેળવશે. ફિલમેકર્સે આરડી બર્મનના સંખ્યાબંધ ગીતોના રાઈટ્સ પણ મેળવી લીધાં છે. ૨૦૨૬ના અંત સુધીમાં ફિલ્મનું પ્રોડક્શન શરૂ થઈ જશે. નીરજ પાંડે આ ફિલ્મનું નિર્દેશન કરશે જ્યારે સહ નિર્માતા કમલ જૈન છે. જેમણે એમએસ ધોનીઃ ધ અનટોલ્ડ સ્ટોરીનું નિર્માણ કર્યું હતું.
૧૦૬૦થી ૧૯૯૦ એમ ત્રણ દાયકામાં પથરાયેલી સંગીતકાર તરીકેની કારકિર્દીમાં રાહુલ દેવ બર્મને ૩૩૧ ફિલ્મમાં સંગીત આપ્યું હતું. તેમનું ચાર જાન્યુઆરી ૧૯૯૪ના રોજ હૃદયરોગના હુમલામાં અવસાન થયું હતું.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

### તમીમ ઈકબાલે આપી ન્યાયની ખાતરી

## બાંગ્લાદેશી ક્રિકેટર નઈમ હસન પર પોલીસનો નિર્દય હુમલો



(એજન્સી) ચટ્ટગ્રામ । તા. 06

બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ઓફ-સ્પિનર નઈમ હસન સાથે પોલીસ દ્વારા કરવામાં આવેલી બર્બર મારપીટની ઘટનાએ સમગ્ર ક્રિકેટ જગતમાં ભારે આક્રોશ જન્માવ્યો છે. શુક્રવારે રાત્રે ચટ્ટગ્રામમાં બનેલી આ ઘટનામાં નઈમ હસનને લાકડીઓ અને પ્લાસ્ટિકની પાઈપ વડે નિર્દયતાપૂર્વક માર મારવામાં આવ્યો હોવાના ગંભીર આરોપો લાગ્યા છે. આ હાઈપ્રોફાઈલ મામલે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) દ્વારા સરકાર પાસે કડક અને ન્યાયી તપાસની માંગ કરવામાં આવી છે.

નઈમ હસન ઢાકા પ્રીમિયર લીગ રમીને પરત ફરી રહ્યા હતા ત્યારે ચટ્ટગ્રામમાં કેટલાક પોલીસકર્મીઓએ તેમની કાર રોકી હતી. નઈમના જણાવ્યા અનુસાર, તેમણે પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટર તરીકેની ઓળખ આપી હોવા છતાં પોલીસકર્મીઓએ તેમની સાથે દુર્વ્યવહાર કર્યો અને મારપીટ શરૂ કરી દીધી હતી. પીડિત ક્રિકેટરે આરોપ લગાવ્યો છે કે, પોલીસ તેમને સરકારી વાહનને બદલે એક ખાનગી રીક્ષામાં બેસાડીને સ્ટેશન લઈ ગઈ હતી, જ્યાં પણ તેમને ધમકાવવામાં આવ્યા હતા.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના નવા અધ્યક્ષ અને પૂર્વ દિગ્ગજ ક્રિકેટર તમીમ ઈકબાલે આ ઘટનાની આકરી નિંદા કરતા જણાવ્યું હતું કે, “આ કોઈ પણ સંજોગોમાં ચલાવી શકાય નહીં. મેં નઈમ સાથે વાત કરી છે અને તેને દરેક પ્રકારની કાનૂની મદદ પૂરી પાડવાની ખાતરી આપી છે. બોર્ડ આ મામલે શાંત બેસી રહેશે નહીં અને દોષિતો વિરુદ્ધ કડક કાર્યવાહી કરાવીને જ જંપશે.”

**ડેબ્યૂ મેચ : બોલરોનો કમાલ, ગુરબાઝની રેકોર્ડ સદી નિષ્ફળ**

# ભારત-અફઘાનિસ્તાન વિજય : ગિલ-રાહુલનો દબદબો

(એજન્સી) ધર્મશાલા । તા. 06

હિમાચલની ઠંડી વાદીઓમાં ધર્મશાલા ખાતે રમાયેલી ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની પ્રથમ વનડે મેચ ભારતીય ટીમ માટે યાદગાર બની રહી. વરસાદના વિઘ્ન વચ્ચે ૨૫-૨૫ ઓવરની કરાયેલી આ રોમાંચક મેચમાં ભારતે અફઘાનિસ્તાનને સાત વિકેટે હરાવીને ત્રણ મેચની વનડે સિરીઝમાં ૧-૦ની મહત્વની સરસાઈ મેળવી લીધી છે. ભારતીય કેપ્ટન શુભમન ગિલ અને અનુભવી વિકેટકીપર કેએલ રાહુલની વિસ્ફોટક બેટિંગે જીતનો માર્ગ સરળ બનાવ્યો હતો.

વરસાદને કારણે ચાર કલાક અને ૧૫ મિનિટના વિલંબથી શરૂ થયેલી મેચમાં ભારતીય કેપ્ટન શુભમન ગિલે ટોસ જીતીને પહેલા ક્ષેત્રરક્ષણનો નિર્ણય લીધો હતો. અફઘાનિસ્તાનની શરૂઆત અત્યંત નબળી રહી હતી અને માત્ર ૨૬ રનના સ્કોર પર તેમની ત્રણ વિકેટો પડી ગઈ હતી. જોકે, રહમાનુલ્લાહ ગુરબાઝે એકલા હાથે મોરચો સંભાળીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડવામાં મદદ કરી હતી. અફઘાનિસ્તાન ૨૪.૫ ઓવરમાં ૧૯૪ રનના સ્કોર પર ઓલઆઉટ થયું હતું.



### ડેબ્યૂ બોલરોનો શાનદાર પ્રારંભ

ભારત માટે આ મેચ ખાસ એટલા માટે હતી કે બે યુવા બોલરોએ પોતાના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કરિયરનો પ્રારંભ કર્યો હતો. ઝડપી બોલર ગુરનૂર બ્રારે પોતાની ધારદાર ગતિથી ૩ વિકેટ ઝડપી હતી, તો ડાબોડી સ્પિનર હર્ષ દુબેએ પણ ૩ વિકેટ લઈને અફઘાન બેટ્સમેનોને વેરવિખેર કરી દીધા હતા. ડેબ્યૂ મેચમાં આટલું ઘાતક પ્રદર્શન કરીને બંને યુવા ખેલાડીઓએ ભવિષ્યના ભારતીય ક્રિકેટ માટે મજબૂત દાવેદારી નોંધાવી છે.

### ગુરબાઝનો વિશ્વ વિક્રમ

એક તરફ ભારતની જીતની ચર્ચા હતી, તો બીજી તરફ અફઘાનિસ્તાનના રહમાનુલ્લાહ ગુરબાઝે ક્રિકેટ જગતનું ધ્યાન ખેંચ્યું હતું. ગુરબાઝે માત્ર ૪૮ બોલમાં સદી ફટકારીને અફઘાન ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઝડપી સદી લગાવનાર પ્રથમ બેટ્સમેન બનવાનો ગૌરવશાળી વિક્રમ નોંધાવ્યો હતો. હશમતુલ્લાહ શાહિદી સાથે તેણે ૧૧૯ રનની ભાગીદારી નોંધાવી હતી, જે અફઘાન ટીમ માટે સંજીવની સમાન હતી.

જોકે, ગુરબાઝના આઉટ થયા બાદ બાકીના બેટ્સમેનો ભારતીય બોલરો સામે ટકી શક્યા ન હતા.

૧૯૫ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ માટે કેપ્ટન શુભમન ગિલે મોરચો સંભાળ્યો હતો. રોહિત શર્મા વહેલો આઉટ થયા બાદ ગિલે જવાબદારીપૂર્વક બેટિંગ કરી હતી. મેચના અંતિમ તબક્કે જ્યારે ઝડપી રનની જરૂર હતી, ત્યારે કેએલ રાહુલે મેદાનમાં ઉતરીને અનોખું આક્રમણ કર્યું હતું. રાહુલે માત્ર ૧૯ બોલમાં ૩૯ રન ફટકારીને મેચને ૨૨.૫ ઓવરમાં જ સમેટી દીધી હતી. ગિલે અણનમ ૮૪ રન બનાવીને ભારતની જીત પર મહોર લગાવી હતી.

આ જીત સાથે ભારતીય ટીમનો આત્મવિશ્વાસ સાતમા આસમાને છે. યુવા બોલરોની સફળતા અને અનુભવી બેટ્સમેનોનું ફોર્મ ભારત માટે આગામી મેચોમાં શુભ સંકેત છે. બીજી તરફ, અફઘાનિસ્તાન માટે ગુરબાઝનું ફોર્મ સકારાત્મક પાસું છે, પરંતુ અન્ય બેટ્સમેનોની નિષ્ફળતા તેમના માટે ચિંતાનો વિષય છે.

# સચિન યાદવનું કમનસીબ, ક્વોલિફાઈંગ માર્ક હાંસલ કરવામાં નિષ્ફળ



(એજન્સી) લુધિયાણા । તા. 14

ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર અને વર્લ્ડ ચેમ્પિયનશિપના ફાઈનલિસ્ટ સચિન યાદવ માટે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. સચિન આગામી ગ્લાસગો ખાતે યોજાનારી કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લઈ શકશે નહીં. લુધિયાણામાં યોજાયેલી ‘ઈન્ડિયન એથ્લેટિક્સ સિરીઝ ૯’ માં હાજર ન રહી શકવાને કારણે તેમણે ક્વોલિફિકેશનની અંતિમ તક ગુમાવી દીધી છે.

### ક્વોલિફિકેશનમાં નિષ્ફળતા

એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (AFI) દ્વારા કોમનવેલ્થ ગેમ્સ માટે ૮૨.૬૧ મીટરનો ક્વોલિફાઈંગ માર્ક નક્કી કરવામાં આવ્યો હતો. સચિન યાદવ આ સીઝનમાં પોતાનું સર્વશ્રેષ્ઠ ફોર્મ જાળવી શક્યા નહોતા. આ વર્ષે એપ્રિલ મહિનામાં નવી દિલ્હીમાં યોજાયેલી સિરીઝમાં તેમનો શ્રેષ્ઠ થ્રો ૮૧.૯૫ મીટર હતો, જે નિર્ધારિત માપદંડ કરતાં ઓછો હતો.

### સીઝનમાં સંઘર્ષ

છેલ્લા કેટલાક સમયથી ૨૬ વર્ષીય સચિન ફોર્મ માટે સંઘર્ષ કરી રહ્યા છે. રાંચીમાં યોજાયેલી ફેડરેશન કપમાં તેઓ ૭૯.૦૭ મીટરના સામાન્ય થ્રો સાથે પાંચમા ક્રમે રહ્યા હતા, ત્યારબાદ ૪ જૂને રોમમાં યોજાયેલી તેમની ડેબ્યુ ડાયમંડ લીગમાં પણ તેઓ ૭૯.૧૮ મીટરના પ્રદર્શન સાથે આઠમા સ્થાને રહ્યા હતા. તેમની કારકિર્દીનો સર્વશ્રેષ્ઠ થ્રો ૮૬.૨૭ મીટર છે, પરંતુ આ વર્ષે સતત ઘટી રહેલા પ્રદર્શને તેમને ગેમ્સથી દૂર કરી દીધા છે.

બીજી તરફ, અન્ય ભારતીય થ્રોઅર્સ માટે આ ક્વોલિફિકેશન રાઉન્ડ સફળ રહ્યો છે. રોહિત યાદવે ૮૩.૭૬ મીટર અને યશવીર સિંહે ૮૨.૯૩ મીટરના થ્રો સાથે કોમનવેલ્થ ગેમ્સ માટેની ક્વોલિફાઈંગ માર્ક હાંસલ કરી લીધો છે, જે ભારતીય એથ્લેટિક્સ માટે સારી બાબત છે. જ્યારે શિવમ લોહકારે ૮૦.૫૨ મીટર સાથે ત્રીજા સ્થાને રહ્યો હતો. સચિન યાદવની ગેરહાજરી ભારતીય ટીમ માટે ચોક્કસપણે એક મોટો ફટકો છે, કારણ કે તેમની પાસેથી મેડલની આશા રાખવામાં આવતી હતી.

## કેન વિલિયમસનની નિવૃત્તિ પર સચિન તેંડુલકરની ભાવુક પોસ્ટ

### કેન વિલિયમસને ક્રિકેટને કહ્યું અલવિદાa



(એજન્સી) નવી દિલ્હી । તા. 14

વિશ્વ ક્રિકેટમાં પોતાની ક્લાસિકલ બેટિંગ અને અદભુત રમતગમતની ભાવના માટે જાણીતા ન્યૂઝીલેન્ડના પૂર્વ કેપ્ટન કેન વિલિયમસને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરીને સમગ્ર જગતને સ્તબ્ધ કરી દીધું છે. ૧૬ વર્ષની તેમની યાદગાર કારકિર્દીના અંતિમ પડાઉ પર, ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકરે સોશિયલ મીડિયા પર એક વિશેષ પોસ્ટ શેર કરીને આ ‘જન્ટલમેન’ ખેલાડીને ભાવભીની સલામી આપી છે.

સચિન તેંડુલકરે વિલિયમસનની બેટિંગ કળાને બિરદાવતા લખ્યું કે, “જ્યારથી કેન આંતરરાષ્ટ્રીય સ્તરે રમવા લાગ્યા છે, ત્યારથી તેઓ દુનિયાના સૌથી ટેક્નિકલી મજબૂત બેટ્સમેનોમાં ગણાય છે. તેમની બેટિંગમાં જોવા મળતું સંતુલન, ટાઈમિંગ અને ક્રીઝ પરનો શાંત સ્વભાવ તેમને અનન્ય બનાવે છે.” સચિને રમૂજી અંદાજમાં વધુમાં ઉમેર્યું કે, “તેમની નિવૃત્તિના સમાચાર સાંભળીને ચોક્કસપણે દુનિયાભરના બોલરોના કેમ્પમાં રાહતનો શ્વાસ લેવાયો હશે અને હવે તેઓ ચેનની ઊંઘ સૂઈ શકશે.”

૩૫ વર્ષીય વિલિયમસન ન્યૂઝીલેન્ડના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન તરીકે નિવૃત્ત થયા છે. ૩૭૯ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૯,૩૪૬ રન અને ૪૮ આંતરરાષ્ટ્રીય સદી નોંધાવનાર વિલિયમસન આધુનિક ક્રિકેટના ‘ફેબ-૪’ (Fab-4) ના સૌથી મજબૂત સ્તંભ રહ્યા છે. ૨૦૨૧માં આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતવામાં તેમનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. તેમના નેતૃત્વમાં ન્યૂઝીલેન્ડની ટીમે સતત અનેક વખત આઈસીસી ટૂર્નામેન્ટની ફાઈનલ સુધી પહોંચીને પોતાની સાખ જમાવી હતી.

વિલિયમસન માત્ર તેમના રન માટે જ નહીં, પરંતુ મેદાનમાં તેમની શાલીનતા માટે પણ હંમેશા યાદ રાખવામાં આવશે. ૨૦૧૯ના વર્લ્ડ કપ ફાઈનલના હૃદયદ્રાવક પરાજય બાદ પણ તેમના ચહેરા પરનું સ્મિત તેમની મહાનતા સાબિત કરે છે.

### નાઈસમાં 15.04.26ના સમય સાથે બીજું સ્થાન

## પારુલ ચૌધરીનો કમાલ, 5000 મીટરમાં નવો રાષ્ટ્રીય વિક્રમ સ્થાપ્યો



(એજન્સી) નાઈસ, ફ્રાન્સ । તા. 14

ભારતીય લાંબા અંતરની દોડવીર પારુલ ચૌધરીએ ફ્રાન્સના નાઈસ શહેરમાં આયોજિત ‘મીટિંગ નિકાયા ૨૦૨૬’માં શાનદાર પ્રદર્શન કરતા ૫૦૦૦ મીટર દોડમાં પોતાનો જ રાષ્ટ્રીય વિક્રમ તોડીને નવો ઈતિહાસ રચ્યો છે. ૩૧ વર્ષીય પારુલે આ રેસ ૧૫ મિનિટ ૦૪.૨૬ સેકન્ડમાં પૂરી કરીને દેશનું નામ રોશન કર્યું છે.

પારુલે અગાઉ ૨૦૨૩માં ૧૫:૧૦.૩૫ નો રાષ્ટ્રીય વિક્રમ નોંધાવ્યો હતો. આ નવી સિદ્ધિ સાથે તેણે પોતાના જ જૂના રેકોર્ડમાં ૬ સેકન્ડથી વધુનો સુધારો કર્યો છે. આ રોમાંચક રેસમાં ઈથોપિયાની બેરેકા સેનિયા મોહમ્મદે ૧૫:૦૩.૮૫ ના સમય સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જ્યારે પારુલ માત્ર ૦.૪૧ સેકન્ડના નજીવા તફાવતથી બીજા સ્થાને રહી હતી. તેમ છતાં, તેનો આ સમયગાળો ભારતીય એથ્લેટિક્સ માટે એક સીમાચિહ્ન સમાન છે.

પારુલ ચૌધરીની આ સીઝન અત્યંત સફળ રહી છે. ગયા મહિને શાંઘાઈ ડાયમંડ લીગમાં તેણે ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝ ઈવેન્ટમાં ૯ મિનિટ ૧૨.૮૪ સેકન્ડનો સમય નોંધાવીને ભારત માટે બીજો સર્વશ્રેષ્ઠ સમય આપ્યો હતો. તે રેસમાં તેણે ટોક્યો ઓલિમ્પિક ચેમ્પિયન અને વર્લ્ડ ચેમ્પિયન જેવી દિગ્ગજ દોડવીરો સામે સ્પર્ધા કરીને સાતમા સ્થાને રહીને પોતાની ક્ષમતા સાબિત કરી હતી. પારુલ ચૌધરીની સતત સફળતા ભારતીય મહિલા એથ્લેટિક્સ માટે ખૂબ જ પ્રોત્સાહક છે. લાંબા અંતરની દોડમાં તેની આક્રમક ગતિ અને સહનશક્તિ તેને વિશ્વસ્તરીય સ્પર્ધકો સામે મજબૂત બનાવે છે. આગામી સમયમાં વિવિધ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પારુલ પાસેથી વધુ મેડલ્સની અપેક્ષા રાખવામાં આવી રહી છે. તેની આ સિદ્ધિ માત્ર એક નવો વિક્રમ નથી, પરંતુ તે ભારતીય યુવા ખેલાડીઓ માટે પ્રેરણાનું એક મોટું સ્ત્રોત પણ બની રહી છે.

**20 બોક્સરોનો કાફલો ચીન રવાના**

**જ્યોતિ અને આકાશને મળી મોટી તક**

## વર્લ્ડ બોક્સિંગ કપ માટે ભારતીય ટીમમાં બે નવા ખેલાડીઓનો સમાવેશ


(એજન્સી) ચેન્નાઈ । તા. 14

ચીનના ગૂઈયાંગમાં યોજાનારા વર્લ્ડ બોક્સિંગ કપ (સ્ટેજ ૨) માટે ભારતીય ટીમને વધુ મજબૂત બનાવવામાં આવી છે. બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (BFI) ના પ્રમુખ અજય સિંહે અંગત રીતે દરમિયાનગીરી કરીને જ્યોતિ (૪૮ કિગ્રા) અને આકાશ (૭૫ કિગ્રા) ને ભારતીય ટીમમાં સામેલ કર્યા છે. આ નિર્ણય બાદ ભારતનો કુલ કાફલો હવે ૧૮ થી વધીને ૨૦ સભ્યોનો થયો છે, જેમાં ૧૦ પુરુષ અને ૧૦ મહિલા બોક્સરોનો સમાવેશ થાય છે.

વર્લ્ડ બોક્સિંગ કપની શરૂઆત સોમવારથી થવાની છે. અગાઉ આ બંને બોક્સરો સરકારી મંજૂરી પ્રાપ્ત અંતિમ યાદીમાં સામેલ નહોતા, પરંતુ ફેડરેશન પ્રમુખના હસ્તક્ષેપથી તેમની ભાગીદારી સુનિશ્ચિત થઈ છે. આ નિર્ણય દ્વારા જ્યોતિ અને આકાશને માત્ર આંતરરાષ્ટ્રીય સ્તરનો અનુભવ જ નહીં મળે, પરંતુ વિશ્વના ટોચના બોક્સરો સામે લડીને પોતાની રેન્કિંગ પોઈન્ટ્સમાં સુધારો કરવાની મહત્વની તક પણ પ્રાપ્ત થશે.

### સ્પર્ધાત્મક તૈયારીઓ

ગૂઈયાંગમાં આયોજિત આ સ્પર્ધા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને અન્ય રમતોની જેમ જ બોક્સિંગ માટે અત્યંત મહત્વની માનવામાં આવે



છે. ભારતીય ટીમ અત્યારે સંપૂર્ણ તૈયારી સાથે ચીન પહોંચી રહી છે, જ્યાં જ્યોતિ અને આકાશનું આગમન ટીમ માટે વધારાનું પ્રોત્સાહન સાબિત થશે. ફેડરેશનનું લક્ષ્ય છે કે વધુમાં વધુ પ્રતિભાશાળી ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય મંચ પૂરો પાડવામાં આવે જેથી ભવિષ્યમાં ભારતનું વર્ચસ્વ જળવાઈ રહે.

### ભારતીય બોક્સિંગનું ઉજ્જવળ ભવિષ્ય

નવા ખેલાડીઓના સમાવેશ સાથે ભારતીય ટીમ અત્યારે ખૂબ જ સંતુલિત અને અનુભવી દેખાઈ રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે રેન્કિંગ પોઈન્ટ્સ હાંસલ કરવા માટે આ ટુર્નામેન્ટ ખૂબ મહત્વની છે, અને આ બંને યુવા ખેલાડીઓ પોતાની ક્ષમતા સાબિત કરવા માટે ઉત્સુક છે. ભારતીય બોક્સિંગ પ્રેમીઓ આશા રાખી રહ્યા છે કે ગૂઈયાંગમાં આ ખેલાડીઓ દેશ માટે મેડલ જીતીને પરત ફરશે.

**86 રન માત્ર બાઉન્ડ્રી દ્વારા ફટકાર્યા**

## વૈભવ બાદ હવે તેનો 10 વર્ષનો ભાઈ આશીર્વાદ ક્રિકેટ મેદાનમાં છવાયો

(એજન્સી) સમસ્તીપુર । તા. 14

ભારતીય ક્રિકેટ જગતમાં હાલમાં જ પોતાની આક્રમક બેટિંગથી નામ કમાનાર યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીના પરિવારમાંથી વધુ એક પ્રતિભા બહાર આવી છે. વૈભવના માત્ર 10 વર્ષના નાના ભાઈ આશીર્વાદ સૂર્યવંશીએ સ્થાનિક ક્રિકેટમાં તોફાની બેટિંગ કરીને સદી ફટકારી છે. સમસ્તીપુરમાં રમાયેલી એક લોકલ પ્રેક્ટિસ મેચ દરમિયાન આશીર્વાદે પોતાની વિસ્ફોટક રમતથી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરીદીધાહતા. ‘ક્રિકેટએકેડેમીતાજપુર’ તરફથી ઓપનિંગ કરવા ઉતરેલા આશીર્વાદે 87 બોલમાં 103 રન બનાવીને પોતાની પ્રથમ સદી પૂર્ણ કરી હતી. આ બાળ બેટ્સમેનની આક્રમકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેણે પોતાની ઈનિંગમાં 20 ચોગ્ગા અને 1 ગગનચુંબી છગ્ગો ફટકાર્યો હતો. એટલે કે, માત્ર બાઉન્ડ્રીના જોરે તેણે 86 રન બનાવી નાખ્યા હતા. આશીર્વાદની આ ઈનિંગના દમ પર તેની ટીમે 29.5 ઓવરમાં 4 વિકેટે 234 રનનો મજબૂત સ્કોર ખડક્યો હતો. આશીર્વાદની આ સિદ્ધિ પર પિતા સંજીવ સૂર્યવંશીએ આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેઓ આશીર્વાદને ખૂબ જ કડક તાલીમ અપાવી રહ્યા છે. તેમનો ધ્યેય આગામી બે વર્ષમાં આશીર્વાદને વૈભવની જેમ જ એક શ્રેષ્ઠ ક્રિકેટર તરીકે તૈયાર કરવાનો છે.



**ટ્વેન્ટી-20** // **મહિલા વિશ્વકપ : જીતથી શરૂઆત, હરમનપ્રીત કૌરનું મક્કમ વલણ**

# ભારત-પાક. ટક્કર: હરમનપ્રીત કૌરની નજર જીત સાથે શરૂઆત પર

(એજન્સી) બર્મિંગહામ । તા. 14

મહિલા ટ્વેન્ટી-૨૦ વિશ્વકપ ૨૦૨૬ના ગરમાગરમ માહોલ વચ્ચે આજે બર્મિંગહામના એજબસ્ટન મેદાન પર ભારત અને પાકિસ્તાન વચ્ચે હાઈ-વોલ્ટેજ મુકાબલો ખેલાવા જઈ રહ્યો છે. આ મેચને લઈને ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌર અત્યંત આત્મવિશ્વાસથી ભરેલી જણાઈ રહી છે. ટીમ ઈન્ડિયાનો મુખ્ય ઉદ્દેશ્ય ટૂર્નામેન્ટની શરૂઆત વિજય સાથે કરીને પોતાની લય જાળવી રાખવાનો છે.



પ્રેસ કોન્ફરન્સ દરમિયાન હરમનપ્રીત કૌરે કહ્યું કે, “પહેલી મેચ હંમેશા તમારા માટે એક ટોન સેટ કરે છે, અને અમે બધા આ મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ. અમે છેલ્લા વનડે વિશ્વકપ જેવી જ સકારાત્મકતા સાથે આ ટૂર્નામેન્ટમાં આગળ વધવા માંગીએ છીએ.” પાકિસ્તાન સામેના દબાણ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા હરમનપ્રીતે સ્વીકાર્યું કે, એક ખેલાડી તરીકે દબાણ તો હોય જ છે, પરંતુ અમે એકબીજાને એવું કહીએ છીએ કે આવી મેચોને માત્ર માણવી જોઈએ. તેને માત્ર એક બીજી સામાન્ય મેચ તરીકે જોવી વધુ હિતાવહ છે.

પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવવા અને અન્ય બિન-ક્રિકેટ વિષયો અંગેના સવાલો પર હરમનપ્રીતે સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું, “અમે અહીં માત્ર ક્રિકેટ રમવા આવ્યા છીએ અને ટીમમાં અમે ક્રિકેટ સિવાય અન્ય કોઈપણ વિષય પર વાત કરતા નથી.” આ નિવેદન દ્વારા કેપ્ટને સ્પષ્ટ કર્યું છે કે ટીમનું સંપૂર્ણ ધ્યાન માત્ર મેદાન પરના પ્રદર્શન પર જ છે. ઈંગ્લેન્ડ સામેની વોર્મ-અપ મેચમાં રિચા ઘોષની શાનદાર ઈનિંગ વિશે વાત કરતા હરમનપ્રીતે કહ્યું, “અમે રિચાના ફોર્મમાં પરત આવવાની રાહ જોઈ રહ્યા હતા. તે અમારી કી-પ્લેયર છે અને ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. નેટ્સમાં પણ તે ખૂબ સારી દેખાઈ રહી છે. એક સારી ઈનિંગ હંમેશા તમને ઘણો આત્મવિશ્વાસ આપે છે.”

### પાકિસ્તાન માટે અસ્તિત્વનો જંગ

બીજી તરફ, પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સનાએ જણાવ્યું હતું કે આ વિશ્વકપ તેમના દેશમાં મહિલા ક્રિકેટના ભવિષ્ય માટે અત્યંત મહત્વનો છે. “જો અમે અહીં સારું પ્રદર્શન કરીશું, તો પાકિસ્તાનમાં અમને વધુ સમર્થન મળશે. વધુ માતા-પિતા પોતાની દીકરીઓને ક્રિકેટ રમવા માટે પ્રોત્સાહિત કરશે.” તેમણે બર્મિંગહામમાં મળેલા સમર્થન બદલ પણ આભાર વ્યક્ત કર્યો હતો.

બંને ટીમો માટે આ મુકાબલો માત્ર બે પોઈન્ટ મેળવવાની લડાઈ નથી, પરંતુ પ્રતિષ્ઠા અને પોતાની ક્ષમતા સાબિત કરવાનો મંચ છે. ભારતીય ટીમ પોતાની તાજેતરની શ્રેષ્ઠ ફોર્મ અને અનુભવને કારણે મજબૂત માનવામાં આવે છે. હરમનપ્રીત કૌર જેવી અનુભવી કેપ્ટન હેઠળ ભારત એક સંતુલિત ટીમ તરીકે મેદાનમાં ઉતરશે.

**રાડુકાનુ અને વેકિક વચ્ચે ફાઈનલ ટક્કર**

# ક્વીન્સ ક્લબ ફાઈનલ: એમા રાડુકાનુ અને ડોના વેકિક વચ્ચે ખિતાબી જંગ

(એજન્સી) લંડન । તા. 14

બ્રિટિશ ટેનિસ સ્ટાર અને પૂર્વ યુએસ ઓપન વિજેતા એમા રાડુકાનુ હવે ક્વીન્સ ક્લબ ચેમ્પિયનશિપ ૨૦૨૬ ના ખિતાબથી માત્ર એક જીત દૂર છે. શનિવારે એક જ દિવસમાં બે મહત્વની મેચો રમીને રાડુકાનુએ ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે, જ્યાં તેનો મુકાબલો ક્રોએશિયાની ડોના વેકિક સાથે થશે.

૨૩ વર્ષીય રાડુકાનુએ સેમીફાઈનલમાં અમેરિકાની છઠ્ઠી ક્રમાંકિત ખેલાડી આઈવા જોવિકને એકતરફી મુકાબલામાં ૬-૨, ૬-૨ થી પરાજય આપીને પોતાની પ્રથમ ગ્રાસ-કોર્ટ ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. આ જીત પહેલા ક્વોર્ટર ફાઈનલમાં તેણે કામિલા રાખિમોવાને ૬-૩, ૭-૫ થી હરાવી હતી. ગંભીર ઈજા અને ફિટનેસના મુદ્દાઓથી ઝઝૂમી રહેલી રાડુકાનુ માટે આ અઠવાડિયું અત્યંત સફળ રહ્યું છે, જેમાં તેણે એક પણ સેટ ગુમાવ્યા વિના ફાઈનલ સુધીની સફર ખેડી છે.



### કોચની વાપસી અને ફોર્મમાં સુધારો

રાડુકાનુએ યુએસ ઓપન જીતાડનાર પોતાના ભૂતપૂર્વ કોચ એન્ડ્રુ રિચાર્ડસનને ફરીથી ટીમમાં સામેલ કરવાનો નિર્ણય લીધા બાદ તે એકદમ નવા અવતારમાં જોવા મળી રહી છે. ઘણા સમયથી ખરાબ ફોર્મ અને ઈજાઓથી પરેશાન રાડુકાનુના આ નિર્ણયે તેને ફરીથી વિજયી લયમાં લાવી દીધી છે. પોતે આ સિદ્ધિ વિશે વાત કરતા રાડુકાનુએ જણાવ્યું હતું કે, “ક્વીન્સ ક્લબમાં આ પ્રકારનું પ્રદર્શન કરવું મારા માટે ખૂબ જ ખાસ છે. છેલ્લા કેટલાક મહિનાઓ ખૂબ જ પડકારજનક રહ્યા હતા, પરંતુ ટીમની મહેનત રંગ લાવી છે.”

## 25 કરોડ લોકો પર પાણીનું સંકટ, સિંધુ જળ સંધિ રદ થતા વધ્યો તણાવ

# જળ સંકટ વચ્ચે પાકિસ્તાનની ભારતને યુદ્ધની ધમકી

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા દર્દનાક આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. પહલગામમાં નિર્દોષ પર્યટકોની હત્યાના જવાબમાં ભારતે પાકિસ્તાન સાથેની સિંધુ જળ સંધિને સત્તાવાર રીતે રદ કરી દીધી છે. આ કડક નિર્ણયના પગલે હવે પાકિસ્તાન તરફ વહેતું પાણી સંપૂર્ણપણે અટકાવી દેવામાં આવ્યું છે, જેના કારણે પડોશી દેશમાં જળ સંકટ ઘેરાયું છે. ભારતની આ કાર્યવાહીથી પાકિસ્તાનના શાસકો લાલઘુમ થઈ ગયા છે અને હવે યુદ્ધની ધમકીઓ આપી રહ્યા છે.

### પાકિસ્તાનની આક્રમક મુદ્રા અને ડંફાસ

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ ભારતને સીધી ચેતવણી આપતા જણાવ્યું છે કે, પાણી રોકવાનો નિર્ણય આંતરરાષ્ટ્રીય નિયમોનું ઘોર ઉલ્લંઘન છે. તેમણે દાવો કર્યો છે કે, પાણી અટકાવવું એ સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરના આર્ટિકલ ૫૧ હેઠળ સીધી યુદ્ધની કાર્યવાહી સમાન છે અને તેના ગંભીર પરિણામો આવશે. પાકિસ્તાનનો આરોપ છે કે ભારતના આ પગલાને કારણે તેમના ૨૫ કરોડથી વધુ નાગરિકોના



અસ્તિત્વ સામે ખતરો ઊભો થયો છે, ખાસ કરીને સિંધ અને બલુચિસ્તાનના વિસ્તારોમાં ખેતી અને પીવાલાયક પાણી માટે હાહાકાર મચી ગયો છે.

### ભારતનું વલણ અત્યંત સ્પષ્ટ

ભારત સરકારે પણ પોતાની ભૂમિકા સ્પષ્ટ કરી દીધી છે. દિલ્હીએ ફરી એકવાર દોહરાવ્યું છે કે સિંધુ જળ સંધિ હવે ભૂતકાળ બની ચૂકી છે અને તેને કોઈપણ સંજોગોમાં ફરી બહાલ કરવામાં આવશે નહીં. પહલગામ આતંકી હુમલામાં ૨૬ ભારતીય પર્યટકોના બલિદાન બાદ ભારત સરકાર માનવીય ધોરણે પાકિસ્તાનને પાણી આપવાના પક્ષમાં નથી. ભારતીય વ્યૂહરચનાકારોના મતે, આતંકવાદ અને વાટાઘાટો એક સાથે ન ચાલી શકે, અને હવે પાકિસ્તાને તેમના આતંકવાદી કૃત્યોના આકરા પરિણામો ભોગવવા જ પડશે.

### સ્થાનિક પરિસ્થિતિ અને પૃષ્ઠભૂમિ

હાલમાં પાકિસ્તાનના ઘણા વિસ્તારોમાં ખેડૂતો પાણી માટે વલખા મારી રહ્યા છે. આતંકવાદ સામે ભારતની આ 'વોટર ડિપ્લોમસી'ને વિશ્વના ઘણા દેશોએ એક મજબૂત અને યોગ્ય પ્રતિક્રિયા તરીકે જોવી જોઈએ તેવી ચર્ચા ચાલી રહી છે. પાકિસ્તાન હવે આંતરરાષ્ટ્રીય મંચો પર આ મુદ્દો ઉઠાવવાની તૈયારી કરી રહ્યું છે, પરંતુ ભારત પણ પોતાના નિર્ણય પર મક્કમ છે. પડોશી દેશની ડંફાસ અને ધમકીઓ વચ્ચે ભારત પોતાની સરહદો અને દેશના હિતોની સુરક્ષા માટે સંપૂર્ણ સજ્જ છે. આ સમગ્ર ઘટનાક્રમ મધ્ય એશિયાના રાજકારણમાં એક નવો વળાંક સાબિત થઈ રહ્યો છે.

## હોર્મુઝ ખાડી વિવાદ : ભારતની કડક ભૂમિકા

# મોદી-ટ્રમ્પ મુલાકાત : ફ્રાન્સમાં મોટો નિર્ણય



(એજન્સી) નવી દિલ્હી । તા. 14

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના છ દિવસના મહત્વપૂર્ણ વિદેશ પ્રવાસે રવાના થઈ ગયા છે. આ પ્રવાસ દરમિયાન ૧૬ અને ૧૭ જૂનના રોજ ફ્રાન્સમાં યોજાનારી જી-૭ સમિટમાં તેમની હાજરી અત્યંત મહત્વની માનવામાં આવે છે. આ મુલાકાતનું સૌથી મોટું આકર્ષણ ૧૭ જૂને વડાપ્રધાન મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે નિર્ધારિત મુલાકાત છે. હોર્મુઝ ખાડીમાં તાજેતરમાં થયેલા હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓના મોત અને ભારત-અમેરિકા વચ્ચે ચાલી રહેલા ટેરિફ તથા વેપાર કરારના જટિલ મુદ્દાઓ વચ્ચે આ બેઠક પર વિશ્વભરના દેશોની નજર ટકેલી છે.

વડાપ્રધાન મોદીએ પ્રવાસ પહેલા સ્પષ્ટ કર્યું છે કે ભારત આ સમિટમાં માત્ર પોતાના રાષ્ટ્રીય હિતોની જ નહીં, પરંતુ સમગ્ર 'ગ્લોબલ સાઉથ'ની આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરશે. ભારતને આઠમી વખત જી-૭માં આમંત્રણ મળ્યું છે, જે તેની વધતી જતી વૈશ્વિક ભૂમિકા દર્શાવે છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથેની દ્વિપક્ષીય બેઠક ઉપરાંત, વડાપ્રધાન મોદી સ્લોવાકિયાની પણ મુલાકાત લેશે, જે ભારત અને સ્લોવાકિયા વચ્ચેના સંબંધોમાં એક નવો અધ્યાય ઉમેરશે.

### હોર્મુઝ ખાડીનો મુદ્દો અને ભારતીય રોષ

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હોર્મુઝ ખાડી નજીક અમેરિકી સૈન્ય કાર્યવાહી દરમિયાન ભારતીય ક્રૂ મેમ્બર્સ ધરાવતા જહાજ પર હુમલો થવાથી ત્રણ ભારતીયોએ જીવ ગુમાવ્યા છે. ભારતે આ ઘટનાને લઈને અમેરિકા સમક્ષ સખત વિરોધ નોંધાવ્યો છે. ભારત સરકારનું માનવું છે કે વેપારી જહાજોની સુરક્ષા અને નિર્દોષ ખલાસીઓના જીવ જોખમમાં મૂકવા તે સ્વીકાર્ય નથી. ટ્રમ્પ સાથેની બેઠકમાં વડાપ્રધાન મોદી આ મામલે કડક વલણ અપનાવે તેવી શક્યતા છે.

### વેપાર કરાર પર મડાગાંઠ

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર અને ટેરિફ અંગેના કરારોને અંતિમ ઓપ આપવા માટે લાંબા સમયથી વાટાઘાટો ચાલી રહી છે. અમેરિકાની 'સેક્શન ૩૦૧' તપાસ અને ભારત પર લાગેલા ટેરિફના દબાણ વચ્ચે આ મુલાકાત મહત્વની છે. નિષ્ણાતોના મતે, બંને નેતાઓ આ બેઠક દ્વારા વેપાર સંબંધોમાં પડેલી મડાગાંઠ દૂર કરવાનો પ્રયાસ કરશે. જોકે, બંને દેશોના આંતરિક આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને કોઈ મધ્યમ માર્ગ કાઢવો તે એક પડકારજનક કામ છે.

વડાપ્રધાન મોદીની આ મુલાકાત માત્ર રાજદ્વારી નથી, પરંતુ વ્યૂહાત્મક પણ છે. એક તરફ તેઓ ફ્રાન્સમાં 'ભારત ઈનોવેટ્સ' જેવી પહેલ દ્વારા ભારતીય સ્ટાર્ટઅપ્સને વૈશ્વિક મંચ પર રજૂ કરશે, તો બીજી તરફ સ્લોવાકિયાના પ્રમુખ પિટર પેલેગ્રીની સાથે મળીને દ્વિપક્ષીય સહયોગ મજબૂત કરશે. આ મુલાકાતો દરમિયાન ટેકનોલોજી, રક્ષણ અને ઉર્જા સુરક્ષા જેવા મુદ્દાઓ પર પણ મહત્વપૂર્ણ ચર્ચાઓ થવાની સંભાવના છે.

ભારતીય વિદેશ મંત્રાલયે આ પ્રવાસને સંપૂર્ણ અને વ્યૂહાત્મક રીતે ગહન ગણાવ્યો છે. હવે જોવાનું એ રહે છે કે શું જી-૭ જેવી વૈશ્વિક મંચ પર ભારત પોતાના નાગરિકોની સુરક્ષા અને આર્થિક હિતોને સુરક્ષિત રાખવામાં સફળ રહે છે કે કેમ. આગામી ૪૮ કલાકમાં લેવાનારા નિર્ણયો ભારત-અમેરિકા સંબંધોની આગામી દિશા નક્કી કરશે.

## ન્યૂઝ બ્રીફ

### ખામેનેઈના અંતિમ સંસ્કાર 9 જુલાઈએ મશહદમાં થશે



તેહરાન | ઈરાનના દિવંગત સુપ્રીમ લીડર આયતુલ્લાહ અલી ખામેનેઈના નિધનના ચાર મહિના બાદ આખરે તેમની અંતિમ વિધિની તારીખ જાહેર કરવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, આગામી 9 જુલાઈ, 2026ના રોજ તેમના વતન મશહદમાં તેમને સુપુર્દ-એ-ખાક કરવામાં આવશે. ફેબ્રુઆરી મહિનામાં અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત સૈન્ય હુમલામાં ખામેનેઈનું મૃત્યુ થયા બાદ, સુરક્ષા અને યુદ્ધની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ વિધિ લાંબા સમય સુધી મોકૂફ રાખવામાં આવી હતી. તેહરાનના મેયર અલીરેઝા ઝકાનીના સત્તાવાર નિવેદન મુજબ, ખામેનેઈના અંતિમ સંસ્કાર છ દિવસ સુધી વિવિધ શહેરોમાં ચાલશે. કાર્યક્રમની શરૂઆત 4 જુલાઈથી તેહરાનમાં થશે, જ્યાં ત્રણ દિવસ સુધી શોક સભા અને સત્તાવાર વિધિ યોજાશે. ત્યારબાદ 7 જુલાઈએ પવિત્ર શહેર કોમમાં ખાસ ધાર્મિક વિધિ સંપન્ન થશે અને અંતે 9 જુલાઈએ મશહદમાં તેમને દફનાવવામાં આવશે. આ ઐતિહાસિક અંતિમ સંસ્કારમાં દેશ-વિદેશમાંથી અંદાજે ૨ કરોડ લોકો સામેલ થાય તેવી પ્રબળ શક્યતા છે.

### બંજી જમ્પિંગમાં યુવતીનું મોત એડવેન્ચર બની ગયું દુઃસ્વપ્ન



સાઓ પાઉલો | બ્રાઝિલના સાઓ પાઉલોમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં એડવેન્ચરના શોખે ૨૪ વર્ષીય મારિયા એદ્યુઆર્ડા રોડ્રિગ્સ ડી ફ્રીટાસનો ભોગ લીધો છે. લિમેઈરા અને કોર્ડેઈરોપોલિસ શહેરોને જોડતા બંધ પુલ પર બંજી જમ્પિંગ દરમિયાન સુરક્ષાના નિયમોને નેવે મૂકવામાં આવતા યુવતીનું કરુણ મોત નિપજ્યું હતું. પ્રશાસનની દેખરેખ વિના ચાલતી આ ખાનગી કંપનીની ઘોર બેદરકારીએ એક યુવાન દીકરીનો જીવ લઈ લીધો છે. મૃતક યુવતીએ વીડિયો શૂટ કરાવવા માટે 'એન્ટ્રે કોર્ડાસ' નામની કંપનીને લગભગ ૨૪,૫૦૦ રૂપિયા ચૂકવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કંપનીના ક્રૂ મેમ્બર્સે યુવતીને પુલ પરથી ફેંકતી વખતે પ્રાથમિક સુરક્ષા તપાસ પણ કરી ન હતી. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે તેના પગ કે શરીર સાથે કોઈ સુરક્ષા દોરડું (બંજી કોર્ડ) બાંધવામાં આવ્યું જ ન હતું. આ અતિ ગંભીર ભૂલને કારણે તે ૩૫ મીટર એટલે કે ૧૧૫ ફૂટની ઊંચાઈએથી સીધી નીચે પટકાઈ હતી. નીચે પડેલી યુવતીને જોઈને ત્યાં હાજર પ્રવાસીઓમાં ચીસાચીસ મચી ગઈ હતી.

## ભારત-અમેરિકા સંબંધોમાં હોર્મુઝ કાંડનો વિસ્ફોટ, અમેરિકી નૌસેનાની કાર્યવાહી પર સવાલ

# 3 ભારતીયોનો ભોગ તમે લીધો અને આરોપ અમારા પર લગાવો છો?, અમેરિકા પર ભડક્યું ઈરાન

(એજન્સી) નવી દિલ્હી/તેહરાન । તા. 14



હોર્મુઝની સામુદ્રધુની અને ઓમાનની ખાડીમાં છેલ્લા ૭૨ કલાકમાં બનેલી અત્યંત ગંભીર ઘટનાઓએ ભારત અને અમેરિકાના સંબંધોમાં એક મોટો વળાંક લાવી દીધો છે. ત્રણ દિવસમાં ત્રણ અલગ-અલગ ભારતીય ક્રૂ સભ્યો ધરાવતા જહાજો પર થયેલા હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓના કરુણ મોત નિપજતા દેશભરમાં રોષની લાગણી ફેલાઈ છે. આ ઘટનાક્રમ વચ્ચે અમેરિકા અને ઈરાન એકબીજા પર આક્ષેપબાજી કરી રહ્યા છે, પરંતુ ભારતીય વિદેશ મંત્રાલયે મળેલી પુષ્ટિ બાદ અમેરિકી નૌસેનાની ભૂમિકા પર ગંભીર સવાલ ઉઠાવ્યા છે.

સમગ્ર વિવાદની શરૂઆત ૮ જૂને થઈ હતી જ્યારે ઓમાનના તટ પર 'મેરીવેક્સ' જહાજને મિસાઈલ દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ૯ અને ૧૦ જૂન વચ્ચે 'એમટી સટ્ટેબેલો' ટેન્કર પર થયેલા ઘાતક હુમલામાં ૨૧ ખલાસીઓને બચાવી લેવાયા હતા, પરંતુ ત્રણ ભારતીયોએ જીવ ગુમાવ્યા હતા. અંતે ૧૧ જૂને 'એમટી જલવીર' જહાજ પર પણ હુમલો થયો હતો. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ તમામ ઘટનાઓ માટે ઈરાનને જવાબદાર ઠેરવી તેને 'પાયાવિહોણી' ગણાવતા ઈરાને વળતો પ્રહાર કર્યો છે.

### ભારતનું કડક વલણ

ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે સ્પષ્ટ કર્યું છે કે હુમલાનો શિકાર બનેલા જહાજો ભલે વિદેશી ફ્લેગ ધરાવતા હોય, પરંતુ તેમાં સવાર ભારતીયોની સુરક્ષા ભારતની પ્રાથમિકતા છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે ટેલિફોનિક વાતચીત કરીને આ ઘટનાઓની કડક નિંદા કરી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે કોમર્શિયલ જહાજો પર આવા જીવલેણ હુમલા ક્યારેય સ્વીકારવામાં આવશે નહીં.

### આરોપ-પ્રત્યારોપનું યુદ્ધ

ઈરાની દૂતાવાસે 'એક્સ' પર આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપતા અમેરિકા પર લૂંટારાઓ જેવી દાદાગીરી કરવાનો આરોપ લગાવ્યો છે. ઈરાનનું કહેવું છે કે, "અમેરિકા પોતે હુમલા કરી નિર્દોષ ખલાસીઓને મારી રહ્યું છે અને હવે તેના પર પડદો પાડવા ઈરાન પર ખોટા આરોપો લગાવી રહ્યું છે." બીજી તરફ, અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે દાવો કર્યો છે કે તેઓએ ઈરાનના હુમલાઓને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ભારતીય તંત્ર દ્વારા મળેલી પુષ્ટિ આ દાવાઓને ખોટા સાબિત કરી રહી છે.

સમુદ્રી સુરક્ષાના નિષ્ણાતો માને છે કે હોર્મુઝના જળમાર્ગમાં તૈનાત અમેરિકી નૌસેનાની આ અવિચારી કાર્યવાહીએ વૈશ્વિક વ્યાપારિક સુરક્ષા માટે મોટો ખતરો પેદા કર્યો છે. ભારત સરકારે આ ઘટનાઓને અત્યંત ગંભીરતાથી લીધી છે. જોકે આ જહાજો ભારતની માલિકીના નથી, છતાં તેમાં કામ કરતા ભારતીય નાગરિકોના જીવનું મૂલ્ય ભારત માટે સર્વોપરી છે. અમેરિકા સાથેના વ્યૂહાત્મક સંબંધો હોવા છતાં, ભારતે મંચ પરથી આકરા શબ્દોમાં વિરોધ વ્યક્ત કરીને પોતાની કૂટનીતિનો પરિચય આપ્યો છે.

આ ઘટના બાદ હવે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરારો અને સુરક્ષા મુદ્દે ચાલી રહેલી વાતચીત પર પણ અસર પડી શકે છે. મૃતક ખલાસીઓના પરિવારો ન્યાયની માંગ કરી રહ્યા છે અને ભારતીય વિદેશ મંત્રાલય હવે આ સમગ્ર મામલે આંતરરાષ્ટ્રીય સ્તરે તપાસની માંગ કરી શકે છે. શું અમેરિકા આ હુમલાઓની જવાબદારી સ્વીકારશે? કે પછી આ ઘટના ભારત-અમેરિકા વચ્ચેના વધતા તણાવનું નવું કારણ બનશે, તે હવે જોવું રહ્યું. હોર્મુઝની આ લહેરોમાં ભારત હવે પોતાની શાંતિપ્રિય પણ મક્કમ વિદેશ નીતિ દ્વારા આંતરરાષ્ટ્રીય મંચ પર સત્યને સ્થાપિત કરવા કટિબદ્ધ છે.

# લંડનના સાઉથોલમાં ભારતીય યુવકની ચપ્પુના ઘા ઝીંકી હત્યા

(એજન્સી) લંડન । તા. 14

બ્રિટનની રાજધાની લંડનમાં ભારતીય મૂળના યુવકોને નિશાન બનાવવાની ઘટનાઓ ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. લંડનના સાઉથોલ વિસ્તારમાં રહેતા ૨૬ વર્ષીય ગુરભેજ સિંહની અજાણ્યા શખ્સો દ્વારા ચપ્પુના ઘા ઝીંકીને કરપીણ હત્યા કરી દેવામાં આવી છે. બુધવારે મધ્યરાત્રિએ બનેલી આ લોહિયાળ ઘટનાએ સમગ્ર ભારતીય સમુદાયમાં ભય અને આક્રોશની લાગણી ફેલાવી દીધી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બુધવારે રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યે નોર્થ રોડ અને ડોર્મર્સ વેલ્સ લેનના જંક્શન પર આવેલી એક દુકાન બહાર આ જીવલેણ હુમલો થયો હતો. હુમલાખોરોએ અત્યંત તીક્ષ્ણ હથિયારથી ગુરભેજ સિંહ પર હુમલો કર્યો હતો.

આ ઘટનામાં અન્ય એક ૩૦ વર્ષીય યુવક પણ ઈજાગ્રસ્ત થયો હતો, જેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર બાદ તેને રજા આપી દેવામાં આવી છે. દુર્ભાગ્યવશ, ગુરભેજ સિંહને ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ પર જ તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

લંડનની મેટ્રોપોલિટન પોલીસ દ્વારા આ મામલે મર્ડરનો ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. પોલીસ અધિકારી એલિસન ફોક્સવેલે જણાવ્યું કે, ઘટના બાદ તાત્કાલિક ધોરણે સાત શંકાસ્પદ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જોકે, પ્રાથમિક તપાસ બાદ છ વ્યક્તિઓને મુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે સાતમા વ્યક્તિને જામીન પર છોડીને આગળની પૂછપરછ માટે બોલાવવામાં આવશે. પોલીસ હાલમાં આ સમગ્ર કેસની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

# ઈરાન-અમેરિકા તણાવ વચ્ચે રડારનો સર્વનાશ, ઈરાન મિસાઈલ હુમલો : રડાર તબાહ

(એજન્સી) તેહરાન/વોશિંગ્ટન । તા. 14

દુનિયાભરની નજર હાલમાં મધ્ય-પૂર્વના ઘટનાક્રમ પર ટકેલી છે. એક તરફ શાંતિ સમજૂતીના વાવટા લહેરાઈ રહ્યા છે, તો બીજી તરફ યુદ્ધના મેદાનમાંથી આવતી તસવીરોએ સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. આજે ૧૪ જૂન, ૨૦૨૬ના રોજ જ્યારે બંને દેશો શાંતિ કરાર પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે, ત્યારે જ ઈરાને બહેરીન અને કુવૈતમાં અમેરિકાના અત્યાધુનિક રડાર નષ્ટ કર્યા હોવાના અહેવાલે અમેરિકાના દાવાઓની હવા કાઢી નાખી છે. ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન બ્રોડકાસ્ટિંગ દ્વારા જાહેર કરાયેલી તાજી સેટેલાઈટ તસવીરોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે અમેરિકી સૈન્ય મથકોના રક્ષણ માટે તૈનાત અર્લી વોર્નિંગ રડાર સિસ્ટમ હવે માત્ર રાખ અને કાટમાળનો ઢેર બની ગઈ છે.



ઘટનાની વિગતો મુજબ, ઈરાની મિસાઈલોએ અત્યંત સચોટતા સાથે બહેરીનના માઉન્ટ અલ-દુખાન પર સ્થિત અમેરિકાની વ્યૂહાત્મક 'એએન/ટીપીએસ-૫૯' રડાર સિસ્ટમને નિશાન બનાવી છે. એટલું જ નહીં, કુવૈતના અલી અલ-સાલેમમાં રહેલા 'એએસઆર-૧૦૦૦' રડારને પણ સંપૂર્ણ રીતે ધ્વસ્ત કરી દેવામાં આવ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ હુમલાઓ થોડા દિવસો પહેલા જ કરવામાં આવ્યા હતા, પરંતુ તેની સત્યતા સાબિત કરતી સેટેલાઈટ તસવીરો બરાબર શાંતિ ડીલના દિવસે જ જાહેર કરીને ઈરાને એક મોટો સંદેશ આપ્યો છે.

અમેરિકા દ્વારા સતત એવો દાવો કરવામાં આવતો હતો કે તેઓએ ઈરાનના તમામ મિસાઈલ હુમલાઓને હવામાં જ નિષ્ફળ બનાવી દીધા છે અને દુશ્મનને હંફાવી દીધા છે. પરંતુ આ સેટેલાઈટ તસવીરોએ અમેરિકાના આ દાવો પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. નિષ્ણાતોના મતે, આ હુમલાઓએ સાબિત કરી દીધું છે કે ઈરાનની મિસાઈલ ટેક્નોલોજી અમેરિકાના અદ્યતન સુરક્ષા કવચને ભેદવામાં સક્ષમ છે. આ આંકડા અને ભૌગોલિક પુરાવાઓ દર્શાવે છે કે આ માત્ર નાની ઘટના નથી, પરંતુ એક મોટા સૈન્ય વ્યૂહનો હિસ્સો છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે કરેલા નિવેદનમાં આશા વ્યક્ત કરી હતી કે ૧૪ જૂનના રોજ થનારી આ ડીલથી પરમાણુ હથિયારોના ખતરાને હંમેશા માટે ટાળી શકાશે અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો રસ્તો વેપાર માટે ખુલી જશે. ટ્રમ્પના મતે આ સમજૂતી ક્ષેત્રમાં સ્થિરતા લાવવા માટે ગેરંટી સમાન છે.


જાસૂસી | સંરક્ષણ મંત્રાલયનો મોટો ખુલાસો

# જાસૂસ કાચબા : ચીનના દરિયામાં અદ્રશ્ય સમુદ્રી જાસૂસી

(એજન્સી) બૈજિંગ । તા. 14

સમગ્ર વિશ્વ અત્યારે આધુનિક ટેકનોલોજીના જમાનામાં જીવી રહ્યું છે, પરંતુ ચીનના સમુદ્રી ક્ષેત્રમાં જે પ્રકારની જાસૂસીની ઘટનાઓ સામે આવી રહી છે, તેણે રક્ષણ વિશેષજ્ઞોને પણ સ્તબ્ધ કરી દીધા છે. ચીનના સંરક્ષણ મંત્રાલયે એક ગંભીર દાવો કર્યો છે કે વિદેશી જાસૂસી એજન્સીઓ ચીનના જલ ક્ષેત્રમાં સંવેદનશીલ ડેટા એકત્રિત કરવા માટે ખાસ કરીને કાચબા અને માછલીઓ જેવા જીવોનો 'જાસૂસ' તરીકે ઉપયોગ કરી રહી છે. આને ચીને એક પ્રકારનું 'અદ્રશ્ય ગુપ્ત યુદ્ધ' ગણાવ્યું છે, જેણે ચીની સત્તાધિશોની ઊંઘ ઉડાડી દીધી છે.

ચીની મીડિયા પ્લેટફોર્મ પર જાહેર કરાયેલા અહેવાલ મુજબ, ચીનના સમુદ્રી ક્ષેત્રમાં એવા અનેક જીવો તરતા જોવા મળ્યા છે, જેમના શરીર પર અત્યાધુનિક સેન્સર્સ લગાડવામાં આવ્યા છે. આ સેન્સર્સ પાણીનું તાપમાન, ખારાપણું અને સમુદ્રી પ્રવાહોનો રીયલ-ટાઈમ ડેટા એકત્રિત કરી સેટેલાઈટ દ્વારા વિદેશી એજન્સીઓને મોકલે છે. ચીનનો આરોપ



છે કે વિદેશી સંસ્થાઓ વર્ષોથી ચીનના નૌકાદળની ગતિવિધિઓ પર નજર રાખવા અને સમુદ્રના તળિયે તેલ તથા ગેસના ભંડારોની શોધ કરવા માટે આ પ્રકારના અનૈતિક રસ્તાઓ અપનાવી રહી છે.

### જાસૂસીની ત્રણ મુખ્ય રીતો

ચીનના સંરક્ષણ મંત્રાલય દ્વારા કરાયેલા ખુલાસા મુજબ, વિદેશી એજન્સીઓ મુખ્યત્વે ત્રણ પ્રકારના સમુદ્રી જાસૂસોનો ઉપયોગ કરી રહી છે. પ્રથમ, 'અંડરવોટર યંત્ર' જે લાંબો સમય સમુદ્રના પેટાળમાં છુપાઈને જહાજોની માહિતી એકત્રિત કરે છે. બીજું, 'સીક્રેટ એજન્ટ' જે સમુદ્રી પ્રવાહોની સાથે આગળ વધીને સંવેદનશીલ ડેટા ટ્રાન્સમિટ કરે છે. અને ત્રીજું, 'અંડરવોટર લાઈટ હાઉસ', જે વિદેશી સબમરીનોને ચીની જલ ક્ષેત્રમાં માર્ગદર્શન આપીને કોઈપણ અવરોધ વગર પ્રવેશવામાં મદદ કરે છે.

માત્ર જીવો જ નહીં, પરંતુ વિદેશી સંસ્થાઓ દ્વારા તૈનાત કરવામાં આવેલા 'બોયઝ' (Buoys) પણ પકડાયા છે. આ બોયઝ ચીની સબમરીનોના અવાજને રીયલ-ટાઈમમાં ટ્રેક કરવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત, સૌર ઊર્જા અને સમુદ્રી મોજાઓથી ચાલતું 'વેવ-ગ્લાઈડર' પણ મળી આવ્યું છે જે સતત સૈન્ય ડેટા મોકલી રહ્યું હતું. આ તમામ ઉપકરણોની ખાસિયત એ છે કે તે લાંબા સમય સુધી કાર્યરત રહે છે અને મિશન પૂર્ણ થયા બાદ 'સેલ્ફ ડિસ્ટ્રક્ટિંગ' મિકેનિઝમ દ્વારા પોતાની મેળે જ નષ્ટ થઈ જાય છે, જેથી કોઈ પુરાવા બાકી ન રહે.

# એન્થ્રોપિકના અત્યાધુનિક એઆઈ મોડેલ પર ટ્રમ્પ તંત્રનો પ્રતિબંધ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 14

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે એક મોટા વળાંકરૂપ ઘટનામાં, અમેરિકન સરકાર દ્વારા એઆઈ જાયન્ટ 'એન્થ્રોપિક'ના અત્યાધુનિક મોડેલ્સ 'ફેબલ ફાઈવ' અને 'મિથોસ ફાઈવ' પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. ટ્રમ્પ તંત્રના આ આદેશ બાદ કંપનીએ આ મોડેલ્સને ઓફલાઈન કરવાની ફરજ પડી છે. સરકારના આ કડક નિર્ણયના પગલે એન્થ્રોપિકે વિશ્વ સમક્ષ માફી માંગી છે, જોકે કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ સરકારના આ પગલા સાથે સંપૂર્ણપણે સહમત નથી.

આ પ્રતિબંધ ટ્રમ્પ દ્વારા અતિ એડવાન્સ્ડ એઆઈ સિસ્ટમ્સના જોખમોને લઈને જારી કરવામાં આવેલા એક્ઝિક્યુટિવ ઓર્ડરના માત્ર દસ દિવસ બાદ આવ્યો છે. સરકારના આદેશ મુજબ, આ મોડેલ્સનો ઉપયોગ હવે માત્ર અમેરિકન સંસ્થાઓ જ કરી શકશે અને વિદેશી સંસ્થાઓ માટે તેના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. એન્થ્રોપિકના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "અમે માનીએ છીએ કે આ એક સરકારી ગેરસમજ છે. રાષ્ટ્રીય સુરક્ષા અંગેની સ્પષ્ટ ચિંતાઓ દર્શાવ્યા વગર આ રીતે પ્રતિબંધ લાદવો એ ટેકનિકલ હકીકતો અને પારદર્શિતાના સિદ્ધાંતો સાથે સુસંગત નથી." નિષ્ણાતોના મતે, આ પ્રતિબંધની અસર માત્ર એક કંપની કે મોડેલ પૂરતી મર્યાદિત નહીં રહે. જો અમેરિકા આ પ્રકારના નિકાસ નિયંત્રણો વધુ આકરા બનાવે છે, તો વૈશ્વિક એઆઈ ઉદ્યોગ, આંતરરાષ્ટ્રીય સંશોધન સહયોગ અને ટેકનિકલ ક્ષેત્રે વિશ્વભરમાં મોટી પ્રતિસ્પર્ધા જોવા મળી શકે છે. હાલમાં એન્થ્રોપિક વહેલી તકે આ મોડેલ્સનું એક્સેસ પુનઃસ્થાપિત થાય તેવી આશા રાખી રહ્યું છે. બીજી તરફ, અમેરિકન વાણિજ્ય વિભાગ તરફથી આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

### બાંગ્લાદેશ મૃતદેહ મોકલવા માટે ₹1.8 લાખ વસૂલ્યા, મફત વ્યવસ્થાનું વચન હતું

# દિલ્હીના માલવીય નગર અગ્નિકાંડની પીડિતાનો આરોપ

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

દિલ્હીના માલવીય નગરમાં ફ્લોરિશ સ્ટેજ હોટલ અગ્નિકાંડમાં બચી ગયેલી એક બાંગ્લાદેશી નાગરિકે મૃતકોના મૃતદેહોને બાંગ્લાદેશ મોકલવાના નામે પૈસા વસૂલવાનો આરોપ લગાવ્યો છે.

પીડિતા શમિયા ચૌધરીએ જણાવ્યું કે પહેલા સરકાર તરફથી મૃતદેહોને મફતમાં સ્વદેશ મોકલવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ બાદમાં દૂતાવાસમાં 1.8 લાખ રૂપિયા જમા કરાવવાનું કહેવામાં આવ્યું.

શમિયાએ કહ્યું કે અમને કહેવામાં આવ્યું હતું કે મૃતદેહને મફતમાં બાંગ્લાદેશ મોકલવામાં આવશે, પરંતુ તેમ થયું નહીં. દૂતાવાસમાં અમારી પાસેથી 1.80 લાખ લેવામાં આવ્યા. હું જાણવા માંગુ છું કે જ્યારે મફતમાં




મોકલવાનું વચન આપવામાં આવ્યું હતું તો પૈસા શા માટે લેવામાં આવ્યા?'

શમિયાએ જણાવ્યું કે અકસ્માત સમયે તે હોટલના ત્રીજા માળે રૂમ નંબર 302માં હતી. રૂમમાં પાંચ લોકો હાજર હતા. તેમણે કહ્યું સવારે લગભગ 8 વાગ્યે આગ લાગી. તે સમયે મને લાગ્યું કે હું બચી નહીં શકું. એવું લાગી રહ્યું હતું કે જિંદગી પૂરી થવાની છે.

તેમણે એમ પણ જણાવ્યું કે પોલીસની મદદથી તેમનો કેટલોક સામાન પાછો મળી ગયો છે, જોકે ઘણી વસ્તુઓ હજુ પણ ગુમ છે.

બીજી તરફ, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ માલવીય નગર અગ્નિકાંડ અને સાકેતના સઈદુલાજાબ ભવન દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપી.

આ દરમિયાન બચાવ કાર્યમાં સામેલ નાગરિકો, પોલીસકર્મીઓ અને રાહતકર્મીઓને સન્માનિત કરવામાં આવ્યા. લોકોનો જીવ બચાવવામાં મદદ કરનાર રિયાઝુદ્દીન મન્સૂરીને પણ વિશેષ સન્માન આપવામાં આવ્યું.

ફ્લરિશ સ્ટે હોટેલ પાસે B&B (બેડ એન્ડ બ્રેકફાસ્ટ) તરીકે માત્ર 6 રૂમનું લાઈસન્સ હતું. રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ મુજબ, પહેલા માળે 3 અને બીજા માળે 3 રૂમ નોંધાયેલા હતા. હોટેલ સિલ્વર કેટેગરીમાં રજીસ્ટર્ડ હતી. જોકે, પોલીસનું કહેવું છે કે હોટલમાં લગભગ 25 રૂમ ચલાવવામાં આવી રહ્યા હતા.

બારીઓ બંધ હતી. વેન્ટિલેશન નહોતું. આવવા-જવાનો માત્ર એક જ રસ્તો હતો. જગ્યા ઘણી સાંકડી હતી. બાહ્ય ફાયર એસ્કેપ (ઈમરજન્સી દરવાજા) ની કોઈ વ્યવસ્થા નહોતી. આવી ઈમારતો 'ચિમની' જેવી બની જાય છે, ધુમાડો-ગરમી થોડી જ સેકન્ડમાં ઉપર પહોંચી જાય છે.

નજરેજોનારે જણાવ્યું, સેન્સર આધારિત મુખ્ય ગેટ બંધ થઈ ગયો હતો. જેના કારણે લોકો બહાર નીકળી શક્યા નહોતા.

સ્મોક ડિટેક્ટર, ફાયર એલાર્મ અને સ્પ્રિંકલર સિસ્ટમ જેવા જરૂરી ફાયર સેફ્ટીના સાધનો કામ કરી રહ્યા નહોતા.

ગ્રાઉન્ડ ફ્લોર પર ઘણા ભારે એલપીજી સિલિન્ડર રાખવામાં આવ્યા હતા, જેના માટે કોઈ ફાયર-આઈસોલેશન સુરક્ષા વ્યવસ્થા નહોતી.

દિલ્હીના માલવીય નગર સ્થિત 'ફ્લોરિસ સ્ટે' હોટલ અગ્નિકાંડ મામલે દિલ્હી પોલીસની તપાસ પર ગંભીર સવાલો ઉભા થયા છે. સિવિલ સોસાયટી, સામાજિક કાર્યકરો અને સામાન્ય લોકોનો આરોપ છે કે હોટલ માલિકો, દિલ્હી નગર નિગમ (MCD) અને પોલીસ અધિકારીઓને બચાવવા માટે હોટલના 65 વર્ષીય રસોઈયા કેશવ સિંહ નેગીને 'બલિનો બકરો' બનાવવામાં આવી રહ્યો છે.

# યુપીમાં વાવાઝોડા અને વીજળી પડવાથી 5નાં મોત

### એમપી-રાજસ્થાન સહિત 9 રાજ્યોમાં પ્રી-મોન્સૂન સક્રિય; છત્તીસગઢ બોર્ડર પર પહોંચ્યું મોન્સૂન

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

દેશના ઘણા રાજ્યોમાં પ્રી-મોન્સૂન સક્રિય છે. રાજસ્થાન સહિત 9 રાજ્યોમાં વરસાદ પડી રહ્યો છે. મધ્યપ્રદેશમાં શનિવારે સાંજે ભોપાલ સહિત 4 જિલ્લામાં ભારે વરસાદ થયો. ઘણી જગ્યાએ વીજળીના તાર, વૃક્ષો તૂટી પડ્યા.

યુપીમાં વાવાઝોડા-વરસાદ દરમિયાન થયેલા અકસ્માતોમાં 5 લોકોના મોત થયા. ઉન્નાવ અને ગાઝીપુરમાં વીજળી પડવાથી બે લોકોના જીવ ગયા. જ્યારે, કાસગંજમાં વાવાઝોડાને કારણે મકાનની છત પડી ગઈ. જેમાં પતિ-પત્ની અને પુત્રીનું મોત થયું.

રાજસ્થાનમાં જયપુર સહિત ઘણા જિલ્લાઓમાં શનિવારે વરસાદ થયો. ચુરુ જિલ્લામાં વાવાઝોડા-વરસાદને કારણે એક મકાનની દીવાલ પડી ગઈ. જેમાં પરિવારના 4 સભ્યો કાટમાળ નીચે દબાઈ ગયા. ગ્રામજનોએ તરત જ રાહત કાર્ય શરૂ કર્યું અને કાટમાળમાં દબાયેલા લોકોને બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડ્યા.

મોન્સૂનની ઝારખંડ અને ઓડિશાના કેટલાક ભાગોમાં એન્ટ્રી થઈ ગઈ છે. હાલ તે છત્તીસગઢની સરહદ પર છે. આગામી 3 દિવસમાં તેના મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશ પહોંચવાની સંભાવના છે. 4 જૂને કેરળમાં દસ્તક આપ્યા પછી મોન્સૂન 9 દિવસમાં 19 રાજ્યો સુધી પહોંચી ચૂક્યું છે.





રાજ્યમાં પ્રી-મોન્સુન એક્ટિવિટી તેજ બની ગઈ છે. વાવાઝોડા-વરસાદ સાથે કરા પડવાથી શનિવારે ગરમીથી રાહત મળી. મોટાભાગના શહેરોમાં તાપમાન 40 ડિગ્રીથી નીચે નોંધાયું. ઘણા જિલ્લાઓનું તાપમાન 6 થી 8 ડિગ્રી સુધી ઘટી ગયું. હવામાન વિભાગે રવિવારે 9 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદ થવાનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

### 8 રાજ્યોમાં ગરમીની અસર, પારો 40°C પાર

**રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડ, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના ઘણા શહેરોમાં શુક્રવારે પારો 40°C થી વધુ રહ્યો. દેશમાં સૌથી વધુ પારો મહારાષ્ટ્રના ચવતમાલમાં નોંધાયો. અહીં પારો 42.4°C રહ્યો. જ્યારે છત્તીસગઢના રાજનાંદગાંવમાં 42°C, ગુજરાતના ભાવનગરમાં 41.9°C, રાજસ્થાનના જેસલમેરમાં 40.8°C નોંધાયો.**

## કોકરોચ પાર્ટીનું બેંગલુરુમાં પ્રદર્શન, પ્રકાશ રાજ જોડાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

કોકરોચ જનતા પાર્ટી (CJP) આજે સાંજે 4 વાગ્યે બેંગલુરુમાં પ્રદર્શન કરશે. આ પ્રદર્શનમાં અભિનેતા પ્રકાશ રાજ પણ જોડાશે. છેલ્લા 9 દિવસમાં CJPના સ્થાપક અભિજીત દીપકે અને તેમના સમર્થકો દેશના 4 શહેરોમાં વિરોધ પ્રદર્શન કરી ચૂક્યા છે.

તેની શરૂઆત 6 જૂને દિલ્હીના જંતર-મંતરથી થઈ હતી. ત્યારબાદ 11 જૂને પુણે, 12 જૂને લખનૌ, 13 જૂને અમૃતસરમાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું. 20 જૂને દિલ્હીના જંતર-મંતર પર ફરીથી પ્રદર્શન કરવામાં આવશે.

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે અમેરિકામાં અભ્યાસ કરી રહ્યા છે. તેઓ 6 જૂને જ ભારત પાછા ફર્યા હતા. 2020-22 દરમિયાન આમ આદમી પાર્ટીના સોશિયલ મીડિયા સ્ટ્રેટેજિસ્ટ રહી ચૂક્યા છે. કોકરોચ જનતા પાર્ટી (CJP)ની શરૂઆત ચીફ જસ્ટિસ સૂર્યકાંતની એક ટિપ્પણી બાદ થઈ. 15 મેના રોજ એક કેસની સુનાવણી દરમિયાન તેમણે કહ્યું હતું કે કેટલાક બેરોજગાર યુવાનો કોકરોચ જેવા હોય છે, જેઓ પાછળથી મીડિયા, સોશિયલ મીડિયા કે RTI એક્ટિવિસ્ટ બનીને સિસ્ટમ પર હુમલો કરે છે.

### મમતાએ વફાદાર માનીને 7 દિવસ પહેલા પદ આપ્યું હતું, નજીકના લોકોએ કહ્યું- જેમને દૂધ પીવડાવ્યું, તે સાપ નીકળ્યા

# સાયોની TMC યુવા વિંગ અધ્યક્ષ પદેથી હટાવવામાં આવી



### રાજકીય પક્ષનો અલગ જૂથ બનાવવાનો નિયમ

**પક્ષપલટા વિરોધી કાયદા (10મી અનુસૂચિ) હેઠળ અલગ જૂથને ત્યારે જ માન્યતા મળે છે. જ્યારે પક્ષના ઓછામાં ઓછા બે-તૃતીયાંશ ધારાસભ્યો કે સાંસદો તેની સાથે હોય. TMCના કિસ્સામાં હાલ આ સ્થિતિ છે... વિધાનસભામાં મમતાના 80 ધારાસભ્યોમાંથી 58 અલગ થઈ ચૂક્યા છે. એટલે કે બળવાખોર જૂથ પાસે બે-તૃતીયાંશ સમર્થન છે. લોકસભામાં 28માંથી 20 સાંસદો બળવો કરી ચૂક્યા છે. એટલે કે અહીં પણ બળવાખોર જૂથ પાસે બે-તૃતીયાંશથી વધુ બહુમતી છે. બે-તૃતીયાંશ સભ્યો કોઈ અન્ય પક્ષમાં વિલીન થઈ શકે છે અથવા અલગ જૂથ બનાવીને તેની માન્યતા માંગી શકે છે. અંતિમ નિર્ણય વિધાનસભા અધ્યક્ષ, લોકસભા અધ્યક્ષ અથવા રાજ્યસભાના સભાપતિ લે છે. જોકે, મમતા જૂથ આ સમગ્ર મામલાને કોર્ટમાં પડકારી શકે છે.**

(એજન્સી) કોલકાતા । તા. 14

મમતા બેનર્જીએ તૃણમૂલ કોંગ્રેસ એટલે કે TMC પાર્ટીમાં 7 દિવસની અંદર બે વાર સંગઠનાત્મક ફેરફારો કર્યા. સાંસદ સાયોની ઘોષને પાર્ટીની યુથ વિંગના અધ્યક્ષ પદ પરથી હટાવી દેવામાં આવ્યા. તેમની જગ્યાએ યુવા નેતા અર્ણબ બેનર્જીને આ જવાબદારી સોંપવામાં આવી છે.

આ સાથે જ મમતાએ સાંસદ માલા રોયને મહિલા મોરચાના અધ્યક્ષ પદ પરથી હટાવી દીધા. માલા રોયની જગ્યાએ નદિયા જિલ્લાના કાલીગંજથી TMC ધારાસભ્ય અલીફા અહેમદને અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

3 જૂને 58 ધારાસભ્યોનો અલગ જૂથ બનાવ્યા પછી મમતાએ પાર્ટીની તમામ કમિટીઓ ભંગ કરી દીધી હતી. 5 જૂને તેમણે મીટિંગ કરીને વફાદાર માનવામાં આવતી સાયોની અને માલાને નવી જવાબદારી સોંપી હતી.

8 જૂને 20 સાંસદોનો બળવાખોર જૂથ સામે આવ્યો. જેમાં સાયોની ઘોષ અને માલા રોય પણ સામેલ છે. આ પછી મમતાએ 12 જૂને મીટિંગ કરીને બંને મહિલા સાંસદોને પદ પરથી હટાવી દીધા.

મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ (TMC) માં હવે ભંગાણ નિશ્ચિત છે. વિધાનસભાના 80 માંથી 58 ધારાસભ્યોના બળવા પછી, લોકસભાના બળવાખોર 19 સાંસદોનો પત્ર શુક્રવારે સામે આવ્યો. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, આ પત્ર 18 મેના રોજ લોકસભા સ્પીકરને મોકલવામાં આવ્યો હતો અને અલગ જૂથ બનાવવાની માગ કરવામાં આવી છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે મમતાની હારના 14 દિવસ પછી જ પાર્ટીમાં બળવો શરૂ થઈ ગયો હતો. આ પત્રમાં યુસુફ પઠાણ, સાયોની ઘોષ, કાકોલી ઘોષ અને શતાબ્દી રોય જેવા મોટા નામો શામેલ છે. એક નામ સામે આવ્યું નથી. આ પહેલા 3 જૂને TMCના 58 ધારાસભ્યોએ બંગાળ વિધાનસભા અધ્યક્ષને પત્ર લખીને તેમના જૂથને માન્યતા આપવાની માગ કરી હતી, જેને અધ્યક્ષે મંજૂર પણ કરી લીધું હતું. ન્યૂઝ એજન્સી IANS અનુસાર, TMC ના બળવાખોર જૂથના નેતાઓ રવિવારે દિલ્હીમાં CM શુભેન્દુ અધિકારીની હાજરીમાં બેઠક કરશે. તેઓ સોમવારે સ્પીકર ઓમ બિરલાને મળશે.

# ધર્મસેના પ્રમુખે કહ્યું-ચંપત રાય રામમંદિરની શિલાઓ પણ ખાઈ ગયો

### ફરિયાદ પૂર્વ PM વાજપેયી સુધી પહોંચી હતી, સેવાદાર કેડી તિવારી બોલ્યા- હું ચોર નથી; પુત્રોની કમાણીથી પ્રોપર્ટી ખરીદી

(એજન્સી) અયોધ્યા । તા. 14

અયોધ્યા રામ મંદિરમાં ચઢાવાના 7 કરોડ રૂપિયાની ચોરીના દાવાનો મામલો વધુ ગરમાઈ રહ્યો છે. શાસને આરોપોની તપાસ કરવા માટે 3 સભ્યોની SIT બનાવી છે.

વળી, ચોરીના દાવાઓ વચ્ચે સેવાદાર કૃષ્ણ દેવ તિવારી ઉર્ફે કેડી સામે આવ્યા. કેડીએ પોતાના પર લગાવવામાં આવેલા તમામ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા. તેમણે ભાસ્કર સાથે ખાસ વાતચીતમાં કહ્યું- મારા વિરુદ્ધ લગાવવામાં આવી રહેલા દોઢ કરોડ રૂપિયાની જમીન ખરીદવાના આરોપો ખોટા છે. રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા 22 જાન્યુઆરી, 2024ના રોજ થઈ હતી. મેં માર્ચ 2024થી સેવાદાર તરીકે મારી સેવાઓ શરૂ કરી હતી. રામ મંદિરમાં સેવા આપતા પહેલા જ ડિસેમ્બર- 2023માં મારા બંને પુત્રોએ પોતપોતાના નામે જમીન ખરીદી હતી.

### હું ઘરેણાં તોળીને દાતાને રસીદ આપતો હતો

**કેડી તિવારીએ કહ્યું- મારી જવાબદારી ફક્ત મંદિર પરિસરમાં શ્રદ્ધાળુઓ દ્વારા દાન કરાયેલા સોના-ચાંદીના ઘરેણાં, અન્ય આભૂષણો અને રત્નો એકઠા કરવાની હતી. ઘરેણાં તોળીને દાતાને રસીદ આપવાનું કામ હતું. પછી તે ઘરેણાંને ટ્રસ્ટના જવાબદાર અધિકારીઓ સુધી સુરક્ષિત પહોંચાડવાની જવાબદારી હતી. આગળ તે ઘરેણાં સાથે કઈ પ્રક્રિયા અપનાવવામાં આવે છે, તેની મને કોઈ જાણકારી નથી.**

### બે દીકરા સેનામાંથી નિવૃત્ત થઈને બીજી નોકરી કરી રહ્યા છે

**કેડી તિવારીએ કહ્યું- મારો મોટો દીકરો ભારતીય વાયુસેનામાં અધિકારી પદ પરથી નિવૃત્ત થયા પછી હાલમાં ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) માં કાર્યરત છે. બીજો દીકરો સેનામાંથી નિવૃત્ત થઈને યુપી પોલીસમાં સબ-ઈન્સ્પેક્ટર છે. સૌથી નાનો દીકરો મિલ્કીપુરમાં કમ્પ્યુટર ઓપરેટર છે, જ્યારે દીકરી શિક્ષિકા છે. કેડી તિવારીએ એવો પણ દાવો કર્યો કે તેઓ હાલમાં જે ઘરમાં રહે છે, તે તેમના નાના દીકરાના નામે છે. તેમણે જણાવ્યું કે તેઓ લાંબા સમય સુધી વિદ્યા ભારતીના સરસ્વતી શિશુ મંદિરમાં ઘણા જિલ્લાઓમાં શિક્ષક રહ્યા છે. તેઓ જિલ્લાના ગૌરન કા પુરવા ગામના રહેવાસી છે.**

### સંતોષ દુબે બોલ્યા- દાનપેટીઓ પહેલા પણ ગુમ થઈ છે

**ધર્મસેના પ્રમુખ અને બાબરી ધ્વંસ કેસના આરોપી રહેલા સંતોષ દુબેએ ટ્રસ્ટના કેટલાક પદાધિકારીઓ અને કર્મચારીઓ પર ગંભીર આરોપો લગાવ્યા છે. ભાસ્કર સાથેની વાતચીતમાં તેમણે દાવો કર્યો કે રામ મંદિર આંદોલન દરમિયાન એકત્રિત કરાયેલી કિંમતી શિલાઓ, દાન અને અન્ય સંપત્તિઓના સંરક્ષણમાં મોટા પાયે અનિયમિતતાઓ થઈ. સંતોષ દુબેએ કહ્યું- 6 ડિસેમ્બર, 1992ના રોજ બાબરી વિધ્વંસ દરમિયાન મને 4 ગોળીઓ વાગી હતી. 22 દિવસ સુધી કોમામાં રહ્યો હતો. ચંપત રાયનો કાર્યકાળ હંમેશા શંકાસ્પદ રહ્યો છે. બાબરી વિધ્વંસ કેસમાં તેઓ પણ સહ-આરોપી હતા. તેમના પર પહેલા પણ દાનમાં ગેરરીતિના આરોપો લાગી ચૂક્યા છે. દાનપેટી ગુમ થવા જેવી ઘટનાઓ પહેલા પણ બની હતી.**

# દેહરાદૂનમાં બજરંગ દળના નેતાની હત્યા બાદ હોબાળો

(એજન્સી) દેહરાદૂન । તા. 14

દેહરાદૂનના બૈરાગીવાલા ગામમાં હિંદુ અને મુસ્લિમ પક્ષો વચ્ચે થયેલા વિવાદમાં બજરંગ દળ સાથે સંકળાયેલા વિનોદ કુમારની હત્યા બાદ પરિસ્થિતિ તણાવપૂર્ણ બની ગઈ છે. રવિવારે ગુસ્સે ભરાયેલા લોકોએ આરોપીઓના બે ઘરોમાં આગ લગાવી દીધી અને ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ પર પણ પથ્થરમારો કર્યો. આ દરમિયાન એસપી સિટી સહિત ત્રણ પોલીસકર્મી ઘાયલ થયા.

ટોળાએ પોલીસ અધિકારીઓ સાથે ગેરવર્તન પણ કર્યું. પરિસ્થિતિ બગડતી જોઈને પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો. ત્યારબાદ ગામમાં ભારે પોલીસ બળ અને PAC તહેનાત કરવામાં આવી. થોડા સમય માટે ઈન્ટરનેટ સેવા પણ બંધ કરવામાં આવી હતી, જેને લગભગ ત્રણ કલાક પછી ફરી શરૂ કરવામાં આવી.

પ્રશાસને મુખ્ય આરોપીના ઘરની બાઉન્ડ્રી વોલ બુલડોઝરથી તોડી પાડી છે, પરંતુ ગ્રામજનો આખા મકાનને તોડી પાડવાની માંગ કરી.

હત્યાના કેસમાં 12 નામજોગ અને 30-35 અન્ય લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં 4 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

દહેરાદૂનના બૈરાગીવાલામાં પાણીના વિવાદ બાદ વિનોદ કશ્યપની હત્યા કરનાર આરોપીનું ઘર પોલીસ અને વહીવટીતંત્રની હાજરીમાં તોડી પાડવામાં આવી રહ્યું છે.

પાણીના વિવાદને લઈને ગઈકાલે મોડી રાત્રે કોમી હિંસાની ઘટના બની હતી. પોલીસે આ ઘટનાના સંદર્ભમાં ત્રણ આરોપીઓ અને 30-35 અન્ય અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ નોંધ્યો છે.

# છેલ્લા 12 વર્ષોમાં અભૂતપૂર્વ વૃદ્ધિ NFR એ ઉત્તરપૂર્વમાં રેલ કનેક્ટિવિટીને ફરીથી વ્યાખ્યાચિત કરી

માલીગાંવ | છેલ્લા 12 વર્ષોમાં, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે (NFR) ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં સામાજિક-આર્થિક વિકાસના મુખ્ય સ્તંભ તરીકે ઉભરી આવ્યું છે. આ ક્ષેત્રમાં રેલ માળખાગત સુવિધાઓ, કનેક્ટિવિટી, વીજળીકરણ અને મુસાફરોની સેવાઓમાં અભૂતપૂર્વ પ્રગતિ થઈ છે. બજેટ ફાળવણી, જે 2009-14 દરમિયાન સરેરાશ 2,122 કરોડ હતી, તે 2026-27 માં વધીને 11,486 કરોડ થઈ ગઈ છે, જે પાંચ ગણો વધારો દર્શાવે છે. આમ, NFR એ બજેટ ફાળવણી દ્વારા સમગ્ર પ્રદેશમાં રેલ વિકાસની ગતિને વેગ આપ્યો છે.આ સમયગાળા દરમિયાન સૌથી મહત્વપૂર્ણ સિદ્ધિઓમાંની એક એ છે કે ઉત્તરપૂર્વમાં સમગ્ર મીટર ગેજથી બ્રોડગેજ રૂપાંતર કાર્યક્રમ પૂર્ણ થયો છે. રેલ્વે વીજળીકરણ, જે 2014 પહેલા લગભગ અસ્તિત્વમાં નહોતું, તે હવે તેના નેટવર્કના 95% થી વધુ




ભાગને આવરી લે છે. ૪,૧૭૦ થી વધુ રૂટ કિલોમીટર રેલ્વે લાઈનોનું વીજળીકરણ કરવામાં આવ્યું છે, જેનાથી ટ્રેન કામગીરી ઝડપી, વધુ પર્યાવરણને અનુકૂળ અને વધુ કાર્યક્ષમ બની છે.NFR એ નવી લાઈનો અને ડબલિંગ પ્રોજેક્ટ્સ સહિત ૨૦૦૦ કિલોમીટરથી વધુ નવી રેલ્વે લાઈનો બિછાવી છે. અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા અને મિઝોરમની રાજધાનીઓ સુધી રેલ કનેક્ટિવિટીનો વિસ્તાર કરવામાં આવ્યો છે. સિક્કિમ, નાગાલેન્ડ અને મણિપુરમાં મુખ્ય વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સ ઝડપથી આગળ વધી રહ્યા છે. આ પ્રોજેક્ટ્સ સમગ્ર પ્રદેશમાં કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવશે.અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ સ્ટેશનોના પુનર્વિકાસ, વંદે ભારત, અમૃત ભારત અને વંદે ભારત સ્લીપર જેવી આધુનિક ટ્રેન સેવાઓની રજૂઆત, અને લિફ્ટ, એસ્કેલેટર, ડિજિટલ ટિકિટિંગ સુવિધાઓ અને સ્ટેશનો પર સુધારેલ માળખાગત સુવિધાઓ જેવી અદ્યતન સુવિધાઓની જોગવાઈ દ્વારા મુસાફરોની સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે.NFR ગુવાહાટીમાં સરાઈઘાટ બ્રિજની બાજુમાં એક નવો રેલ-કમ-રોડ બ્રિજ બનાવવા અને કોકરાઝારમાં બાસબારી ખાતે વેગન પીરિયોડિક ઓવરહોલિંગ પ્લાન્ટ સહિત અનેક પરિવર્તનશીલ પ્રોજેક્ટ્સ હાથ ધરી રહ્યું છે. NFR બનારહાટ-સમત્સે અને કોકરાઝાર-ગેલેફુ રેલ લિંક્સ દ્વારા ભૂટાન સાથે આંતરરાષ્ટ્રીય જોડાણનો પણ વિસ્તાર કરી રહ્યું છે, જે આ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય ક્રોસ બોર્ડર વેપાર અને આર્થિક વિકાસને વેગ આપશે.

NFR એ સલામતી, માલ પરિવહન વિકાસ અને પર્યાવરણીય સંરક્ષણના ક્ષેત્રોમાં પણ અનેક અગ્રણી પહેલો હાથ ધરી છે.

### સિપાહી ભરતી પરીક્ષાના ઉમેદવારોમાં આક્રોશ, પોલીસે ફાયરિંગ કર્યું; 6ની ધરપકડ

# પટના રેલવે સ્ટેશન પર વિદ્યાર્થીઓનો હોબાળો, ટ્રેન રોકી, તોડફોડ-પથ્થરમારો કર્યો

(એજન્સી) બિહાર । તા. 14

બિહારમાં આજથી સિપાહી ભરતી પરીક્ષા યોજાઈ રહી છે. પરીક્ષા શરૂ થતાં પહેલાં પાટલીપુત્ર રેલવે સ્ટેશન પર ઉમેદવારોએ ટ્રેનોની પૂરતી વ્યવસ્થા ન હોવાથી નારાજ થઈને રેલવે ટ્રેક પર વિરોધ પ્રદર્શન કર્યું. ગુસ્સે થયેલા વિદ્યાર્થીઓએ ઘણી ટ્રેનો રોકી દીધી. પથ્થરમારો કર્યો અને એક્ઝામ સ્પેશિયલ ટ્રેનમાં તોડફોડ પણ કરી. આ મામલે 6 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

ઘટનાસ્થળે પહોંચેલા પટનાના DM ડૉ. ત્યાગરાજને જણાવ્યું કે અડધી રાતની આસપાસ અમને સમાચાર મળ્યા કે કેટલાક લોકો હોબાળો કરી રહ્યા છે. અમે તેમને વારંવાર વિનંતી કરી કે તેઓ હોબાળો ન કરે અને તે પરીક્ષાર્થીઓને સહયોગ આપે



જેઓ પરીક્ષા આપવા માંગે છે.

કેટલાક અસામાજિક તત્વોએ વારંવાર ઈમરજન્સી ચેઈન ખેંચી અને જુદી જુદી માંગણીઓ મૂકી, જેમ કે સ્પેશિયલ ટ્રેનોની માગ, જ્યારે પહેલાથી જ બે સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી હતી.

ત્યાગરાજને એ પણ જણાવ્યું કે પ્રદર્શનકારીઓએ તે વિદ્યાર્થીઓને પણ રોક્યા, જેઓ જવા માંગતા હતા. આ કારણોસર અમારે હળવો બળપ્રયોગ કરવો પડ્યો. હવે સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય છે અને ટ્રેનો રવાના થઈ ચૂકી છે. પરીક્ષા આપનારાઓ માટે નિર્ધારિત ટ્રેનો પહેલાથી જ નીકળી ચૂકી છે. બાકીની ટ્રેનો પણ સામાન્ય રીતે ચાલી રહી છે.

ઘટના સમયે સ્થળ પર હાજર સંજય કુમાર શર્માએ જણાવ્યું કે શરૂઆતમાં લોકોએ ટ્રેનો રોકી દીધી હતી. પ્રદર્શનકારીઓને હટાવવા માટે વહીવટી તંત્ર પહોંચ્યું, પરંતુ ભીડ ટસની મસ ન થઈ. આ દરમિયાન, ભારે હોબાળો થયો અને હિંસા ફાટી નીકળી.

તમે મારી દુકાનની બરાબર સામે તેનું પરિણામ જોઈ શકો છો. આખી દુકાનમાં તોડફોડ કરવામાં આવી. અંદર મોટા-મોટા પથ્થરો ફેંકવામાં આવ્યા. હું માંડ-માંડ મારો જીવ બચાવીને ભાગ્યો, નહીં તો મારી સાથે શું થાત.

દરેક શિફ્ટમાં અલગ-અલગ પ્રશ્નપત્રો અને OMR શીટ તૈયાર કરવામાં આવી છે. પ્રશ્નપત્રોને નિર્ધારિત સમયે વહીવટી અધિકારીઓ, શિક્ષકો અને પોલીસ અધિકારીઓની હાજરીમાં ખોલવામાં આવશે.

### 500 સેન્ટરો પર પરીક્ષા યોજાશે

**પરીક્ષા માટે 500 સેન્ટરો બનાવવામાં આવ્યા છે. 4,128 પદો માટે 16 લાખથી વધુ ઉમેદવારો પરીક્ષામાં સામેલ થઈ રહ્યા છે. આ પરીક્ષા 17 જૂન સુધી ચાલશે. ભરતી પ્રક્રિયા હેઠળ કક્ષપાલના 2,417 પદ, દારૂબંધી સિપાહીના 1,603 પદ અને ચલંત દસ્તા સિપાહીના 108 પદો પર નિમણૂક કરવામાં આવશે. પરીક્ષા 2 શિફ્ટમાં યોજાશે. પ્રથમ શિફ્ટ સવારે 10 વાગ્યાથી બપોરના 12 વાગ્યા સુધી અને બીજી બપોરના 3 વાગ્યાથી સાંજના 5 વાગ્યા સુધી રહેશે. પ્રથમ પાળીના ઉમેદવારોએ સવારે 8 વાગ્યા સુધી અને બીજી પાળીના ઉમેદવારોએ બપોરના 1 વાગ્યા સુધી પરીક્ષા કેન્દ્ર પર રિપોર્ટ કરવો પડશે. નિર્ધારિત સમય પછી આવતા ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે નહીં. પરીક્ષામાં સૌથી મોટો ફેરફાર એ છે કે ઉમેદવારોને કેન્દ્રો પર પેન લઈ જવાની પણ મંજૂરી નથી. તમામ ઉમેદવારોને પરીક્ષા હોલમાં જ પેન આપવામાં આવશે. આ ઉપરાંત, જે અધિકારીઓ પરીક્ષામાં જવાબદારી નિભાવી રહ્યા છે, તેઓ પરીક્ષા શરૂ થવાના એક કલાક પહેલાથી જ મોબાઈલનો ઉપયોગ કરી શકશે નહીં.**

# શાંતિપૂર્ણ માહોલમાં LRDની પરીક્ષા સંપન્ન:ઉમેદવારોને પેપર ઘણું સરળ લાગ્યું

## બંધારણના પ્રશ્નો વધુ પૂછાયા; 12,733 જગ્યા માટે 2.63 લાખ લોકો મેદાને



ગાંધીનગર | ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની કુલ 12,733 જગ્યાઓ માટે આજે, 14 જૂનને રવિવારના રોજ રાજ્યભરમાં લેખિત પરીક્ષા અત્યંત ઉત્સાહપૂર્ણ અને શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે. અગાઉ યોજાયેલી શારીરિક કસોટી (દોડ)માં ઉત્તીર્ણ થયેલા કુલ 2,63,345 ઉમેદવારો આ મેગા લેખિત પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા, જેઓએ આજે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિતના મુખ્ય શહેરોની 849 જેટલી શાળા-કોલેજોમાં પોતાનું નસીબ અજમાવ્યું છે. સવારે 9.30 થી બપોરે 12.30 વાગ્યા દરમિયાન યોજાયેલી આ 200 ગુણની MCQ (મલ્ટીપલ ચોઈસ ક્વેશ્ચન) આધારિત પરીક્ષા પૂર્ણ થયા બાદ બહાર આવેલા ઉમેદવારોના જણાવ્યા અનુસાર પેપર ઘણું સરળ રહ્યું હતું અને તેમાં ખાસ કરીને બંધારણને લગતા પ્રશ્નો વધારે પ્રમાણમાં પૂછવામાં આવ્યા હતા.

ભરતી બોર્ડ દ્વારા પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ કે ડમી ઉમેદવારોના દૂષણને રોકવા માટે લોખંડી પોલીસ બંદોબસ્તની સાથે પ્રથમ વખત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ફેસિયલ રેકોગ્નિશન અને બાયોમેટ્રિક વેરિફિકેશન જેવી અત્યાધુનિક ડિજિટલ સિક્યોરિટી સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 'આધુનિક ભારતના ઈતિહાસ પર વિશેષ ભાર મૂક્યો'

બીજી તરફ, પાર્ટ-Bનું આકલન કરતાં તેઓ જણાવે છે કે, ખાસ કરીને ભીરતીય બંધારણમાં કલમો કે અનુચ્છેદોના સીધા પ્રશ્નોને બદલે વૈચારિક સ્પષ્ટતા ચકાસતા પ્રશ્નો હતા. ઈતિહાસ વિષયમાં આધુનિક ભારતના ઈતિહાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

જ્યારે સામાન્ય વિજ્ઞાનના પ્રશ્નો અપેક્ષા મુજબ જ ધોરણ 6થી 10ના GCERT અને NCERTના પાઠ્યપુસ્તકોને આધાર બનાવીને પૂછાયા હતા. કરંટ અફેર્સ (વર્તમાન પ્રવાહો)ની વાત કરીએ તો, ઉમેદવારોની એવી ધારણા હતી કે તેના ઘણા પ્રશ્નો આવશે, પરંતુ અગાઉની પરીક્ષાઓની સરખામણીએ આ વખતે કરંટ અફેર્સનું પ્રમાણ થોડું ઓછું રહ્યું હતું.

આ અંગે સ્પર્ધાત્મક પરીક્ષાના એક્સપર્ટ દિનેશ કણેતે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, સમગ્ર પેપર ના તો બહુ અઘરું હતું અને ના તો બહુ સહેલું, પરંતુ તે એક મોડરેટ (મધ્યમ) સ્તરનું હતું. પરીક્ષાના માળખા અનુસાર પેપરને બે ભાગમાં વહેંચવામાં આવ્યું હતું, જેમાં પાર્ટ-A માં ગણિત, રીઝનિંગ અને ગુજરાતી કોમ્પ્રિહેન્શનનો સમાવેશ થતો હતો, જ્યારે પાર્ટ-Bમાં ઈતિહાસ, ભૂગોળ, વારસો, બંધારણ, વિજ્ઞાન અને કરંટ અફેર્સ જેવા વિષયો પૂછાયા હતા.

ઉમેદવારોના પ્રતિભાવો અને વિશ્લેષણ મુજબ, પાર્ટ-A અપેક્ષા કરતાં ઘણો લાંબો અને સમય માંગી લે તેવો રહ્યો હતો, કારણ કે તેમાં પૂછાયેલી પઝલ્સ ખૂબ જ વિગતવાર હતા. આ ભાગમાં જે વિદ્યાર્થીઓ પાસે ગણિત અને રીઝનિંગની શોર્ટકટ ટ્રિક્સ હતી તેઓ તેને સરળતાથી ઉકેલી શક્યા હતા. પરંતુ જેઓ આ લાંબા પ્રશ્નોમાં વધુ સમય ગૂંચવાયા તેમને પાર્ટ-B માટે સમય ઘટ્યો હોવાની સંભાવના છે. આ ઉપરાંત, પાર્ટ-A માં યુનાઈટેડ નેશન્સ (UN) જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને આઈ.આર. (IR)ને લગતા વ્યવહારુ તેમજ ફકરા આધારિત પ્રશ્નો પણ જોવા મળ્યા હતા.

વડોદરાથી ગાંધીનર પરીક્ષા આપવા આવેલી ભૂમિકા પરમારે જણાવ્યું કે, રિઝનિંગ અને મેથ્સનું વધુ પૂછાયું હતું અને તે સરળ પણ હતું. સૌથી વધુ બંધારણના સવાલો હતો. તો અન્ય ઉમેદવાર બનાસકાંઠાથી ગાંધીનગર પરીક્ષા આપવા આવેલા યુવકે જણાવ્યું કે, સારી તૈયારી કરી હોય તો પેપર સરળ હતું અને હાર્ડ પણ ના લાગ્યું અને એટલું સરળ પણ ન કહી શકાય એવું પેપર હતું. ભાવનગરથી વડોદરા પરીક્ષા આપવા આવેલા માધવ નામના ઉમેદવારે જણાવ્યું કે, પેપર સરળ હતું, તમામ વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશી છે. હવે આગળની ખબર તો મેરિટ આવ્યે જ પડશે. અમદાવાદથી વડોદરા પરીક્ષા આપવા આવેલી ઉમેદવાર સીમાએ જણાવ્યું કે, પેપર તો સારૂ હતુ, પણ હું બનાસકાંઠાથી અમદાવાદમાં અભિયાસ માટે આવી હોવાથી અને ત્યાં થોડી સુવિધા ન હોવાના કારણે થોડું વાંચન થયું નથી. અન્ય પરીક્ષાને કારણે વાંચી શકી નથી એટલે પાસ થવાનું કહી ન શકાય.

મહેસાણાથી પરીક્ષા આપવા આવેલી ચૌધરી ડિમ્પલે જણાવ્યું કે, પેપર સારૂ રહ્યું. મને A પાર્ટ થોડો હાર્ડ લાગ્યો અને B પાર્ટ સરળ હતો. જે પ્રમાણે તૈયારી કરી તે પ્રમાણે પેપર સારૂ ગયું છે.

# ભાવનગર 41.9°C સાથે સૌથી ગરમ; ચોમાસુ છત્તીસગઢ બોર્ડર પર પહોંચ્યું : દ. ગુજરાતમાં વરસાદની સંભાવના; UPમાં વાવાઝોડા-વીજળી પડવાથી 5નાં મોત

અમદાવાદ | ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી અસહ્ય ગરમીના જોર વચ્ચે રાજ્યના તાપમાનમાં મામૂલી ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન ભાવનગરમાં 41.9C અને અમદાવાદમાં 41.3C નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા 24 કલાક દરમિયાન સમગ્ર ગુજરાતમાં વાતાવરણ સૂકું રહ્યું છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં થોડું વધારે નોંધાયું છે, જ્યારે બાકીના વિસ્તારોમાં તાપમાન સામાન્ય રહ્યું છે. આગામી 7 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

હાલ દેશના ઘણા રાજ્યોમાં પ્રી-મોન્સૂન સક્રિય છે. રાજસ્થાન સહિત 9 રાજ્યોમાં વરસાદ પડી રહ્યો છે. મધ્યપ્રદેશમાં શનિવારે સાંજે ભોપાલ સહિત 4 જિલ્લામાં ભારે વરસાદ થયો. ઘણી જગ્યાએ વીજળીના તાર, વૃક્ષો તૂટી પડ્યા. યુપીમાં વાવાઝોડા-વરસાદ દરમિયાન થયેલા અકસ્માતોમાં 5 લોકોના મોત થયા. ચોમાસુ છત્તીસગઢ બોર્ડર પર પહોંચ્યું છે. ગુજરાતમાં પણ પ્રી-મોન્સૂન એક્ટિવિટી સક્રિય જોવા મળી રહી છે.

દક્ષિણ-પશ્ચિમ (સાઉથ-વેસ્ટ) ચોમાસાની પ્રગતિ સાનુકૂળ દિશામાં આગળ વધી રહી છે. ચોમાસાની ઉત્તરીય રેખા હાલમાં હરનાઈ, સોલાપુર અને હૈદરાબાદ થઈને પસાર થઈ રહી છે. આગામી 2થી 3 દિવસમાં ચોમાસું કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશના બાકીના ભાગો તેમજ ઓડિશા અને છત્તીસગઢના કેટલાક વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અત્યંત સાનુકૂળ છે. પાકિસ્તાન અને પશ્ચિમ રાજસ્થાન પર સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશન તેમજ મોસમી ટ્રફના કારણે આગામી દિવસોમાં ગુજરાતના વિવિધ ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

ખાસ કરીને 19 જૂન સુધી ગુજરાત પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. પહેલા દિવસે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં તેમજ દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર,



નર્મદા, સુરત, ડાંગ, વલસાડ અને નવસારી જેવા જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાતના આ વિસ્તારોમાં આગળના દિવસોમાં પણ વરસાદની અપેક્ષા છે.

સૌરાષ્ટ્રની વાત કરીએ તો, પ્રથમ દિવસે અમરેલી અને ભાવનગર સહિતના જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના અલગ-અલગ વિસ્તારોમાં 16 જૂનથી 19 જૂન સુધી પણ હળવો વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ, આગામી સાત દિવસ સુધી મહત્તમ તાપમાન યથાવત્ રહેવાની ધારણા છે. પવનની સ્થિતિ જોતાં, હાલમાં રાજ્યના નીચલા સ્તરોમાં દક્ષિણ-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં તીવ્ર પ્રેશર ગ્રેડિયન્ટ હોવાને લીધે પવનની ગતિ થોડી વધુ રહેશે, જેમાં દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 15થી 20 નોટ્સની ઝડપે પવન ફૂંકાશે અને તે વધીને 25 નોટ્સ સુધી પહોંચી શકે છે.

ગત 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઊંચું મહત્તમ તાપમાન ભાવનગર ખાતે 41.9C નોંધાયું હતું. આગામી 7 દિવસ દરમિયાન રાજ્યમાં પવન કે વાવાઝોડાને લઈને કોઈ વિશેષ ચેતવણી આપવામાં આવી નથી. અમદાવાદમાં ગઈકાલે મહત્તમ તાપમાન 41.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 1.6 ડિગ્રી વધુ છે. આગામી સમયમાં અમદાવાદમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે અને મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની શક્યતા છે. ચોમાસું હાલમાં મહારાષ્ટ્રના કેટલાક ભાગો સુધી પહોંચી ગયું છે અને તે કર્ણાટક, તેલંગાણા, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ તથા ઓડિશા તરફ આગળ વધી રહ્યું છે. આગામી બે-ત્રણ દિવસમાં તે કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના વધુ વિસ્તારોને આવરી લેશે. ગુજરાતમાં ચોમાસાની સામાન્ય શરૂઆતની તારીખ 15 જૂન છે, તેથી મહારાષ્ટ્રમાં ચોમાસાની પ્રગતિ થયા બાદ આગામી દિવસોમાં તે ગુજરાતમાં પણ સમયસર પહોંચે તેવી શક્યતા છે.

આગામી 24 કલાક (14 જૂન): દક્ષિણ ગુજરાત પ્રદેશના જિલ્લાઓમાં જેમ કે સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. ઉત્તર ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓ, સૌરાષ્ટ્ર-કચ્છ; દક્ષિણ ગુજરાત પ્રદેશના બાકીના જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેવાની શક્યતા છે. 15 જૂન: દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ વરસાદની શક્યતા છે. છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર-હવેલીમાં પણ વરસાદ પડી શકે છે. જ્યારે ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓ, સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાત પ્રદેશના બાકીના જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેવાની શક્યતા છે. 16થી 19 જૂન: વરસાદી માહોલ ફરી થોડો વિસ્તરશે. ઉત્તર ગુજરાતના દાહોદ; દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટાં ચાલુ રહેશે.

# SRPFની PCR વાન સામે બે યુવકની દાદાગીરી

## કર્મચારીઓ સાથે બોલાચાલી અને ધાકધમકી આપતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ, તપાસ શરૂ



અમદાવાદ | ગુજરાત પોલીસ નાગરિકોની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે રાત-દિવસ કાર્યરત હોય છે, પરંતુ અમદાવાદ શહેરમાંથી પોલીસનો ડર ન રહ્યો હોય તેવો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા નરોડા પાટિયા પાસે બે યુવકો દ્વારા PCR વાનને રોકીને તેમાં હાજર ડ્રાઈવર સહિત કર્મચારીને ધાકધમકી આપવામાં આવી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં જોરદાર વાયરલ થઈ રહ્યો છે.

વાયરલ થયેલા આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, એક યુવક ચાલુ PCR વાનની આગળ આવીને ઉભો રહી જાય છે. ત્યારબાદ તે ગાડીના ડ્રાઈવર પાસે જઈને ઉગ્ર બોલાચાલી કરે છે અને ધમકાવે છે. જ્યારે ડ્રાઈવર ગાડી આગળ વધારે છે, ત્યારે પણ તે યુવક ગાડીની સાથે-સાથે ચાલીને દાદાગીરી કરતો નજરે પડે છે. આ વીડિયો સામે આવ્યા બાદ સામાન્ય જનતામાં આવા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

નરોડા પાટિયા વિસ્તારમાં કૃષ્ણનગર, સરદારનગર અને નરોડા એમ ત્રણેય પોલીસ સ્ટેશનની હદ લાગતી હોવાથી શરૂઆતમાં આ વાન કયા પોલીસ સ્ટેશનની છે તે અંગે અસમંજસ હતી. જોકે, પોલીસના જણાવ્યા મુજબ આ વાયરલ વીડિયો દેખાતી PCR વાન અમદાવાદ શહેર પોલીસની નથી, પરંતુ SRPF ગ્રુપ ગોધરાની છે. તેમજ નરોડા પોલીસ સ્ટેશન દ્વારા વીડિયોમાં દેખાતા અસામાજિક તત્વો વિશે CCTV ફૂટેજ, હ્યુમન ઈન્ટેલિજન્સ તેમજ ટેક્નિકલ એનાલિસિસના આધારે શોધખોળ કરવામાં આવી રહી છે. આવા તત્વો સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ સી.વી. નાયકે જણાવ્યું હતું કે, વીડિયોમાં દેખાતી પીસીઆર વાન નરોડા પોલીસ સ્ટેશનની નથી. આ મામલે સઘન તપાસ શરૂ કરી દેવામાં આવી છે. વીડિયોમાં દેખાતા બંને યુવકોને પકડવા માટે CCTV ફૂટેજ અને હ્યુમન સોર્સની મદદ લેવાઈ રહી છે. ટૂંક સમયમાં જ તેમની ઓળખ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# GSRTCના અધિકારીનો પુરુષ કર્મચારી સાથે અડપલાં કરતો વીડિયો વાઈરલ...

(એજન્સી) અમદાવાદ | તા. 14

અમદાવાદના ચંડોળા સ્થિત GSRTCના ડિવિઝનલ વર્કશોપમાં ફરજ બજાવતા ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર સામે 14 જેટલા કર્મચારીઓએ શારીરિક અને માનસિક શોષણના ગંભીર આક્ષેપો સાથેની ફરિયાદ કરાતા ખળભળાટ મચ્યો છે. 14 જેટલા કર્મચારીઓ દ્વારા એસટી વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર ઘરે બોલાવી પર્સલન કામ કરાવતા હોવાનો, દારૂ પીવા દબાણ કરતા હોવાનો પુરુષ કર્મચારી સાથે બળજબરીપૂર્વક શારીરિક અડપલાં કરતા હોવાનો ગંભીર આક્ષેપ કરાયો છે. અધિકારીનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. કર્મચારીઓની ગંભીર ફરિયાદ બાદ એસટી વિભાગ દ્વારા DME હરીન રાવલને સસ્પેન્ડ કરી દેવાયો છે. ફરિયાદ અનુસાર, ચંડોળા ડિવિઝનલ વર્કશોપ ખાતે નવા જોડાયેલા કર્મચારીઓનું શારીરિક તેમજ માનસિક શોષણ કરવામાં આવતું હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. કર્મચારીઓનો આરોપ છે કે હરીન રાવલ જાહેરમાં અપમાનજનક અને જાતિ આધારિત શબ્દોનો ઉપયોગ કરતા હતા.

આ ઉપરાંત, કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે કે તેમને ઘરે બોલાવી અંગત કામો કરાવવામાં આવતા હતા. કેટલાક કર્મચારીઓએ દારૂ પીવડાવી શારીરિક શોષણ કરવામાં આવ્યું હોવાનો પણ આરોપ લગાવ્યો છે. એક પુરુષ કર્મચારી સાથે શારીરિક અડપલા કરવામાં આવ્યા હોવાનો વીડિયો પણ વાયરલ થયો હોવાની ચર્ચા છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે ફરજ દરમિયાન ડીઝલ નાખી સળગાવી દેવાની ધમકી આપવામાં આવી હતી તેમજ એક કર્મચારીને માર મારવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

# IIFL કંપનીની ઓળખ આપી શેર અને IPOમાં રોકાણના નામે ઠગાઈ, વાસણાના વૃદ્ધે ફરિયાદ નોંધાવી

(એજન્સી) અમદાવાદ | તા. 14

અમદાવાદમાં રહેતા અને ફાર્મા કંપનીમાંથી સલાહકાર તરીકે નિવૃત્ત થયેલા વૃદ્ધ સાથે સાયબર ક્રાઈમે ગઠિયાઓએ રોકાણના નામે 1.21 કરોડ રૂપિયા પડાવ્યા છે. ગઠિયાઓએ પોતાની ઓળખ IIFL કંપનીના કર્મચારી તરીકેની આપી હતી, જે બાદ વૃદ્ધને એપ્લિકેશન ડાઉનલોડ કરાવી IPO અને શેરમાં રોકાણ કરવાનું કહીને પૈસા પડાવ્યા હતાં. જે અંગે વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

વાસણા વિસ્તારમાં રહેતા 71 વર્ષીય વૃદ્ધ ફાર્મા કંપનીમાંથી સલાહકાર તરીકે નિવૃત્ત થયા હતા. 19 માર્ચના રોજ વૃદ્ધને એક યુવતીનો મેસેજ આવ્યો હતો જેણે પોતે IIFL કંપનીમાંથી હોવાનું કહીને વૃદ્ધને વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા.

વૃદ્ધને જણાવ્યું હતું કે, તેઓ શેરબજારમાં રોકાણ બાબતની ટિપ્સ આપે છે. વૃદ્ધ ગ્રુપમાં એડ થયા બાદ ગ્રુપમાં કેટલાક વ્યક્તિ દ્વારા જુદા જુદા શેર લેવા માટેના મેસેજ આવતા હતા અને કેટલાક લોકોએ શેર લીધા બાદ નફો થયાના સ્ક્રીનશોટ પણ ગ્રુપમાં નાખ્યા હતા, જેનાથી વૃદ્ધને વિશ્વાસ આવી ગયો હતો.

વૃદ્ધ જ્યારે રોકાણ કરવાનું કહ્યું ત્યારે તેમની પાસેથી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી.જે એપ્લિકેશન ડાઉનલોડ કરાવી આઈપીઓ અને શેર બજારમાં રોકાણ કરવાનું કહ્યું હતું. ત્રણ મહિનામાં વૃદ્ધે 1.21 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

જે રોકાણ બાદ તેમણે પૈસા પરત લેવા માટે કહ્યું તો તેમને પૈસા પરત આપ્યા ન હતા. જેથી વૃદ્ધને તેમની સાથે થયેલી છેતરપિંડીની જાણ થઈ હતી. વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# જામનગર શહેરમાં વાહનચોરો બેફામ બન્યા: કાર અને બાઇક ચોરીના બે બનાવ નોંધાયા

(એજન્સી) જામનગરતા. 14

જામનગર શહેરમાં વાહનચોરીની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી એક બાઈક અને એક કારની ચોરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ બનાવમાં જામનગરના ખોડીયાર કોલોની, હનુમાન ટેકરી વિસ્તારમાં રહેતા ધવલ નેભાભાઈ ચાવડાએ ગત તા. 1 જૂનના રોજ પોતાનું જીજે-10-ડીસી-7863 નંબરનું બાઈક બ્રાહ્મણ બોર્ડિંગ નજીક પાર્ક કર્યું હતું. દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરો બાઈકની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાતા તપાસ શરૂ કરવામાં આવી છે. બીજા બનાવમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના હરીપર ગામે રહેતા કાનજીભાઈ મેઘજીભાઈ પરમાર પોતાની જીજે-37-બી-1971 નંબરની અંદાજે રૂ. 3 લાખ કિંમતની કાર જી.જી. હોસ્પિટલ પાસે હિંમતનગર રોડ પર પાર્ક કરી હતી. દરમિયાન રાત્રિના સમયે કોઈ અજાણ્યા તસ્કરો કારની ચોરી કરી લઈ ગયા હતા.

# 55 વર્ષીય મહિલાનું મોત : ખોળ સાફ કરતી વખતે કપડાં મશીનમાં ભરાતા સેકન્ડોમાં જ અંદર ખેંચાયા



(એજન્સી) ગોંડલ | તા. 14

રાજકોટ જિલ્લાના ગોંડલ-ગુંદાળા રોડ પર આવેલી 'અવની ઓઈલ મિલ'માં આજે (14 જૂન, 2026) વહેલી સવારે એક અત્યંત દર્દનાક અકસ્માત સર્જાયો હતો. મિલમાં ફરજ બજાવી રહેલા 55 વર્ષીય મહિલા શ્રમિક શારદાબેન લક્ષ્મણભાઈ ખાંટનું ચાલુ મશીનમાં કપડું આવી જતાં અને અંદર ખેંચાઈ જતાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. રોજીરોટીની તલાશમાં વતન છોડીને આવેલા શ્રમિક પરિવારના મોભીનું કામે લાગ્યાના બીજા જ દિવસે મૃત્યુ થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ સમગ્ર ભયાનક અકસ્માત મિલમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થયો છે, જેના આધારે પોલીસે કાયદેસરની તપાસ શરૂ કરી છે.

મૂળ પંચમહાલ જિલ્લાના ગોલણપુર ગામના વતની શારદાબેન ખાંટ તાજેતરમાં જ પોતાના પરિવાર સાથે રોજગારી મેળવવા ગોંડલ આવ્યા હતા. મૃતક શારદાબેન, તેમનો દીકરો અને ભત્રીજો–આ ત્રણેય સભ્યોને ગઈકાલે સાંજે જ અવની ઓઈલ મિલમાં મજૂરી કામ માટે રાખવામાં આવ્યા હતા. તેઓ મિલ પરિસરમાં આવેલી ઓરડીમાં જ રોકાયા હતા. હજુ તો મિલમાં તેમની નોકરીનો બીજો જ દિવસ હતો, ત્યાં વહેલી સવારે આ કાળમુખી ઘટના ઘટી હતી.

નિયમ મુજબ આજે વહેલી સવારે 07:00 વાગ્યે શારદાબેન મિલમાં પોતાની ફરજ પર હાજર થયા હતા. કાર્યકાળ દરમિયાન સવારે આશરે 07:30 કલાકે ઓઈલ મિલના મશીનમાં અચાનક ખોળ (કપાસિયા કે સિંગનો કચરો) અટવાઈ ગયો હતો. મશીન જામ ન થાય તે માટે શારદાબેન તે ખોળને હાથથી ધક્કો મારીને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમિયાન અણધારી આફત આવી અને તેમનું વસ્ત્ર મશીનના ફરતા ભાગમાં વીંટળાઈ ગયું, જેના કારણે તેઓ ક્ષણભરમાં જ મશીનની અંદર ચગદાઈ ગયા હતા. અકસ્માત એટલો જોરદાર હતો કે મહિલાનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું. ઘટનાને પગલે મિલના અન્ય કર્મચારીઓમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. તુરંત જ મશીન બંધ કરીને ફેક્ટરીના સંચાલકો અને શ્રમિકોએ ભારે જહેમત બાદ મશીનના સ્પેરપાર્ટ્સ ખોલ્યા હતા અને મહિલાના ક્ષત-વિક્ષત દેહને બહાર કાઢ્યો હતો. આ અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ગોંડલ પોલીસનો કાફલો પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સની મદદથી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ગોંડલની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળની પ્રાથમિક તપાસ પૂર્ણ કરી મિલના CCTV ફૂટેજ પોતાના કબજામાં લીધા છે અને અકસ્માત પાછળ કોઈ બેદરકારી છે.